દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 173 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 July 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૩ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# કુછ તો ગડબડ હૈ...

**૧૨.૧૩**

**જગદીપ ધનખડે રાજીનામું આપ્યાના ૧૫ કલાક અને ૧૮ મિનિટ પછી મંગળવારે બપોરે આટલા વાગ્યે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલી પ્રતિક્રિયા આપી હતી**

**જગદીપ ધનખડના રાજીનામા પાછળ મોટી રમત રમાઈ હોવાનું લાગે છે: જસ્ટિસ વર્માને ઈમ્પિચ કરવાનો પ્રસ્તાવ લોકસભાને બદલે પહેલા રાજ્યસભામાં રજૂ કરવાની ધનખડની હિલચાલથી એનડીએ સરકાર ભડકી હતી અને આ રોષની કિંમતે ધનખડે હોદ્દો ત્યાગીને ચૂકવવી પડી હતી એમ જાણકારો કહે છે**



નવી દિલ્હી : જગદીપ ધનખડના દેશના ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામાને લીધે અટકળોનું વાવાઝોડું ઊભું થયું છે, કારણ કે તેમણે તબિયતનું ધ્યાન આપવા માટે આપેલું કારણ કોઈના ગળે ઊતરતું નથી. જોકે તેમની ઓચિંતી હિલચાલથી અને રાજ્યસભામાં ચોમાસુ સત્રમાં બનેલી ઘટનાઓએ સરકારને ચોંકાવી દીધી છે અને સરકાર ડેમેજ કંટ્રોલ મોડમાં આવી ગઈ છે. જસ્ટિસ યશવંત વર્મા સામેની ઈમ્પિચમેન્ટ મોશનની પ્રોસેસ રાજયસભામાં ચાલુ કરવાના પ્રયાસને લીધે તેઓ મુસીબતમાં આવ્યા હોઈ શકે. સરકાર જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગની પ્રોસેસ લોકસભામાં ચલાવવા માગતી હતી. ધનખડના રાજીનામા પર સરકારનો પ્રતિસાદ આપવામાં વિલંબ પણ તેમની વિદાયની થિયરી સર્જે છે.ધનકડે તેમનું રાજીનામું સોમવારે રાતના ૯-૨૫ કલાકે એક્સ પર મૂક્યું હતું અને રાષ્ટ્રપતિભવને રાતના ૧-૧૧ કલાકે એક ગેઝેટ દ્વારા તેને સ્વીકારવામાં આવ્યું હોવાનું જાહેર કર્યું હતું. જોકે વડા પ્રધાને રાજીનામાના ૧૫ કલાક અને ૧૮ મિનિટ બાદ મંગળવારના બપોરના ૧૨.૧૩ કલાકે રાજીનામાનો તેમનો પ્રતિસાદ મૂક્યો હતો.

જાણકાર સૂત્રો કહે છે કે ધનખડે વિરોધ પક્ષના અમુક નેતાઓને વર્મા સામે મહાભિયોગની દરખાસ્તની નોટિસ આપવા કહ્યું હતું . બીજી બાજુ સરકાર લોકસભામાં આ દરખાસ્ત લાવવા માગી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કૉંગ્રેસના જાણીતા એડ્વોકેટ અને સંસદસભ્યે રવિવારે ઝડપથી નોટિસ તૈયાર કરી હતી. ૬૩ સાંસદોએ સોમવારે તેના પર સહી કરી હતી. એનડીએના કોઈ સાંસદે તેના પર સહી કરી નહોતી.

સામાન્ય રીતે ઊંચા હોદ્દામાં રહેલી હસ્તી માટે શાસક યુતિ સ્નેહનો ઊભરો ઠાલવતી હોય છે. જોકે ધનખડની વિદાય પછી આવો ઊભરો જોવા મળતો નથી. આ એવો નિર્દેશ આપે છે કે સરકાર તેમની વિદાયથી ખુશ છે. હકીકતમાં જે વિરોધ પક્ષો ગયા વર્ષે ધનખડ વિરુદ્ધ મહાભિયોગની નોટિસ લાવ્યા હતા એ જ પક્ષોએ હવે ધનખડની મુક્ત મને પ્રશંસા કરી હતી.

ધનખડે સોમવારે ગૃહમાં માહિતી આપી હતી કે મને જસ્ટિસ યશવંત વર્મા સામે શકમંદ કરપ્શન કેસમાં હકાલપટ્ટીની દરખાસ્તની નોટિસ મળી છે જેમાં વિરોધ પક્ષના ૬૩ સંસદસભ્યોએ સહી કરી છે. ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ હોય છે. ધનખડે કહ્યું હતું કે મેં આ સ્વીકારી છે.

ધનખડની આ હિલચાલ જસ્ટિસ વર્માની હકાલપટ્ટી ઉપલા ગૃહમાં નહીં નીચલા ગૃહમાં બધા પક્ષોની દરખાસ્ત વડે કરવાની સરકારની યોજનાની વિરુદ્ધ હતી. વિરોધ પક્ષની

(જુઓ પાનું ૨) ▸▸

## એવું શું બન્યું સોમવારના એ સાડાછ કલાકમાં?

**આ સમયગાળામાં બનેલા કોઈ બનાવે જ ધનખડને રાજીનામું આપવાની ફરજ પાડી હતી એમ વિરોધ પક્ષો કહી રહ્યા છે**

નવી દિલ્હી: ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામાને વિપક્ષ અસામાન્ય લેખાવી રહ્યો છે. વિપક્ષનો આક્ષેપ છે કે ધનખડે સ્વૈચ્છાથી રાજીનામું નથી આપ્યું, પરંતુ તેમની પાસે બળજબરીપૂર્વક રાજીનામું દેવડાવવામાં આવ્યું છે.

સોમવારે બપોરે એક વાગ્યાથી પાંચ વાગ્યા સુધીનો સમય મહત્ત્વનો હતો કેમ કે એ દરમિયાન જ પરિસ્થિતિએ અચાનક જ નવો વળાંક લીધો હતો.

**આ રહી ટાઈમલાઈન.....**

**બપોરે ૧:૦૦:** રાજ્યસભામાં વિપક્ષની બેઠક પરિણામ વિહિન રહી. વિપક્ષે કહ્યું કે તે ઑપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે નિશ્ચિત તારીખ ઈચ્છે છે અને નિર્ધારિત સમયે વિપક્ષ તેમની નેતાગીરી સાથે ચર્ચા કરીને જવાબ આપશે. આ કારણે બીજા તબક્કાની બેઠક બપોરે સાડાચાર વાગ્યે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**બપોરે ૨:૨૦ વાગ્યે:** રાજ્યસભામાં કૉંગ્રેસના નેતા જયરામ રમેશ અધ્યક્ષ જગદીપ ધનખડના કાર્યાલય પર ગયા હતા અને તેમના અંગત સચિવને ૬૩ સાંસદની સહી ધરાવતા મહાભિયોગના પ્રસ્તાવની નોટિસ આપી હતી.

**બપોરે ૩:૪૦ વાગ્યે:** જયરામ રમેશે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટ મારફતે તેની જાહેરાત કરી.

(જુઓ પાનું ૨) ▸▸

## બિહારમાં બાવન લાખ મતદારો ‘ગાયબ’

**આટલા વોટર તેમના નોંધાયેલા સરનામે નથી: એમ જણાવી ચૂંટણી પંચે કહ્યું કે ૧૮ લાખના નામ છે યાદીમાં, પણ તેમનું મૃત્યુ થઈ ચૂક્યું છે**

નવી દિલ્હી: બિહારમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. આ માટે રાજ્યભરમાં રાજકારણમાં ભારે ગરમાવો છે. ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીનું સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર-૨૦૨૫) કરવાના નિર્ણયને લઈને પણ વિપક્ષ હોબાળો મચાવી રહ્યું છે. આવી સ્થિતિમાં મંગળવારે, ચૂંટણી પંચે બિહારમાં ચાલી રહેલા એસઆઈઆર ૨૦૨૫ અંગે ઉઠાવવામાં આવી રહેલા પ્રશ્નો પર સુપ્રીમ કોર્ટમાં એફિડેવિડ દાખલ કરીને સ્પષ્ટતા આપી હતી. ચૂંટણી પંચે મંગળવારે એવી જાહેરાત કરી હતી કે, એસઆઈઆર હેઠળ ઘરે-ઘરે જઈને હાથ ધરેલા સર્વેક્ષણ મુજબ બાવન લાખ મતદારો તેમના નોંધાયેલા સરનામે મળ્યા નથી અને અન્ય ૧૮ લાખ મતદારો મૃત્યુ પામ્યા છે છતાં તેમના નામ મતદારયાદીમાં છે. આ ઉપરાંત ૨૬ લાખ જેટલા મતદારો એવા છે જેઓ શિફ્ટ થઈ ગયા

(જુઓ પાનું ૨) ▸▸

### લોકસભામાં વિપક્ષનો દેકારો

નવી દિલ્હી : વિરોધ પક્ષોએ બિહારમાં હાલમાં ચાલતી મતદારયાદી સમીક્ષા પર ચર્ચાની માગણીના સમર્થનમાં હોબાળો મચાવતાં લોકસભા મંગળવારે મોકૂફ રાખવામાં આવી હતી. સરકારે વિરોધ પક્ષો પર આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ બેવડા ધોરણ અપનાવે છે. એક બાજુ તે ચર્ચાની માગણી કરે છે અને બીજી બાજુ ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડે છે. બીજે દિવસે બે સભા મોકૂફી બાદ ગૃહ બપોરના બે વાગ્યે મળ્યું ત્યારે વિરોધ પક્ષના સભ્યો વેલમાં ઘૂસી ગયા હતા. વિરોધ પક્ષના સભ્યોએ સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પર ચર્ચા કરીને તેને પાછું ખેંચે. ચૂંટણી પંચે

(જુઓ પાનું ૨) ▸▸

## હરિવંશ નારાયણ સિંહ, રામ નારાયણ ઠાકુર અને નીતીશ કુમાર

**આ ત્રણ નામ છે ઉપરાષ્ટ્રપતિપદની હોડમાં આગળ**

નવી દિલ્હી: બિહારની ચૂંટણીને ધ્યાનમાં રાખતાં ઉપરાષ્ટ્રપતિપદ માટે રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહ, સ્વર્ગીય કર્પૂરી ઠાકુરના પુત્ર રામ નારાયણ ઠાકુરના નામ ચર્ચામાં છે.

આ ઉપરાંત અનેક લોકો નીતીશકુમારનું નામ પણ ચર્ચામાં હોવાનું જણાવી રહ્યા છે. જોકે નીતીશકુમાર ભાગ્યે જ ઉપરાષ્ટ્રપતિપદ માટે તૈયાર થશે. બીજું તેમનું સ્વાસ્થ્ય પણ રાજ્યસભાના અધ્યક્ષ બનવા યોગ્ય ન હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોવાને કારણે જે કોઈ પણ આ હોદ્દા પર બિરાજશે તેણે રાજ્યસભાની લાંબી કાર્યવાહી સંબંધિત નિર્ણય લેવાના રહેશે.

મુખ્ય પ્રધાન અને રાષ્ટ્રપતિ એમ બંને હોદ્દા પર કોઈ સહયોગી મારફતે કામ થઈ શકે છે, પરંતુ રાજ્યસભાના અધ્યક્ષ માટે અન્ય કોઈના ભરોસે કામ નથી કરી શકાતું.

આ સંજોગોમાં હરિવંશ નારાયણ સૌથી યોગ્ય ઉમેદવાર તરીકે ઊભરી રહ્યા છે. એક તો તે સહયોગી પક્ષ જેડી (યુ)ના છે, બીજું વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિશ્વાસુ પણ છે અને ત્રીજું રાજ્યસભાના ઉપાધ્યક્ષ હોવાને કારણે તેમને આ પદનો અનુભવ પણ છે, પરંતુ ભાજપમાં શાહ અને

(જુઓ પાનું ૨) ▸▸

### ગેમચેન્જર




રણની રેતી જેવા રંગના અપાચે હૅલિકોપ્ટર યુએસ મિલિટરી કાર્ગો પ્લેનમાં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદસ્થિત હિન્ડન ઍરબેઝ પર આવી પહોંચ્યાં હતાં. ભારતીય સેનાની ક્ષમતા વધારનારાં આ હૅલિકોપ્ટર ગેમચેન્જર પુરવાર થઈ શકે એમ છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આ હૅલિકોપ્ટરના આગમનને ભારતની સંરક્ષણ ક્ષમતા વધારવાની દિશામાં મહત્ત્વનું પગલું લેખાવ્યું હતું. ભારતીય સેનાએ વર્ષ ૨૦૨૦માં ૪,૧૦૦ કરોડ રૂપિયાના મૂલ્યના છ અપાચે યુદ્ધ હૅલિકોપ્ટરનો ઑર્ડર આપ્યો હતો. પ્રથમ તબક્કામાં ત્રણ હૅલિકોપ્ટરની ડિલિવરી કર્યા બાદ બૉઈંગ કંપની બાકીના ત્રણ હૅલિકોપ્ટરની ડિલિવરી આ વર્ષના અંત સુધીમાં કરશે. આ હૅલિકોપ્ટર ભારતીય સેનાની ક્ષમતામાં અસાધારણ વધારો કરશે. (એજન્સી)



**પૂજા-પ્રાર્થના:** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મંગળવારે ગંગા અને યમુના નદીનું જળસ્તર વધ્યું હોવા વચ્ચે આંશિક રીતે ડૂબેલા ભગવાન હનુમાનના મંદિરમાં પૂજા-પ્રાર્થના કરી રહેલો શ્રદ્ધાળુ. (એજન્સી)

## કાવડયાત્રામાં હૉટેલે કયુઆર કોડ લગાવવા પડશે: સુપ્રીમ કોર્ટે પણ કહ્યું

નવી દિલ્હી: ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ (યુપી) સરકારોને સુપ્રીમ કોટ બાવીસ જુલાઈના રોજ કાવડયાત્રા દરમિયાન ઢાબા અને રેસ્ટોરાં પર કયુઆર કોડ દ્વારા માલિકોની ઓળખ જાહેર કરવાના નિર્દેશને યથાવત્ રાખવાની મંજૂરી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે યાત્રા તેના અંતિમ તબક્કામાં છે, અને ઢાબા અને રેસ્ટારાનાં માલિકોએ કાયદાના નિયમોનું પાલન કરવું પડશે. આ નિર્ણયથી યાત્રા દરમિયાન લાઇસન્સ અને નોંધણી પ્રમાણપત્રો પ્રદર્શિત કરવાનો નિર્દેશ યથાવત રહેશે, જેનાથી ગ્રાહકોના હિતોનું રક્ષણ થશે.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું કે ગ્રાહકોના કાયદાની જરૂરિયાતો અનુસાર ઢાબા અને

(જુઓ પાનું ૨) ▸▸



**સંસદનું ચોમાસુ સત્ર:** દિલ્હીમાં મંગળવારે સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ટીડીપીના સાંસદ અપ્પાલા નાયડુ કાલિસેટ્ટી. (એજન્સી)

## ઝેલેન્સ્કીનો ફરી શાંતિ પ્રસ્તાવ: તૂર્કીમાં રશિયા-યુક્રેન મંત્રણા શક્ય

કીવ : યુક્રેન અને રશિયા વચ્ચે પાછલા ઘણા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ રોકવા માટે અમેરિકાએ મધ્યસ્થી કરવવા માટે અનેક પ્રયાસો કર્યા પણ નિષ્ફળ રહ્યા હતા. ત્યારે ફરી એક વખત આ યુદ્ધનો અંત નજીક આવતો દેખાય રહ્યો છે. બંને દેશો વચ્ચે શાંતિ વાટાઘાટોના નવો તબક્કો શરૂ થવાની તૈયારીમાં છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે આગામી શાંતિ વાટાઘાટો તૂર્કીમાં બુધવારે યોજાશે. આ વાટાઘાટોમાં યુદ્ધબંદીઓની અદલાબદલી અને યુદ્ધનો અંત લાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ તેમના તાજેતરના વીડિયો સંદેશમાં જણાવ્યું કે તેમણે યુક્રેનની રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ પરિષદના નવા નિયુક્ત સચિવ રુસ્તમ ઉમેરોવ સાથે વાતચીત કરી છે. આ વાતચીતમાં યુદ્ધબંદીઓની અદલાબદલી અને તુર્કીમાં રશિયા સાથેની આગામી બેઠકની તૈયારીઓ પર ચર્ચા થઈ હતી. ઝેલેન્સ્કીએ કહ્યું કે આ બેઠક બુધવારે યોજાવાની છે, જેની વધુ માહિતી આગામી સમયમાં આપવામાં આવશે. ઉમેરોવ, જેઓ અગાઉ યુક્રેનના સંરક્ષણ મંત્રી હતા, તેમણે આ પહેલા રશિયા સાથે બે વખત વાટાઘાટો બેઠકનું નેતૃત્વ કર્યું હતું.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને ઝેલેન્સ્કી સાથે વ્યક્તિગત રીતે મળવાનો ઝેલેન્સ્કીનો પ્રસ્તાવ નકારી કાઢ્યો છે. પુતિનનું કહેવું છે કે ઝેલેન્સ્કી વૈધાનિક નેતા નથી, કારણ કે યુક્રેનમાં ગયા વર્ષે રાષ્ટ્રપતિની મુદત પૂરી થયા બાદ નવી ચૂંટણીઓ યોજાઈ નથી. અહેવાલો પ્રમાણે હાલ સુધી રશિયા તરફથી આ વાતાઘાટોની તારીખની જાહેરાત કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, યુદ્ધનો અંત કેવી રીતે લાવવો તે અંગે બંને દેશોના મંતવ્યોમાં મોટો તફાવત છે. આ તફાવત વાટાઘાટોમાં અડચણ બની શકે છે.

(જુઓ પાનું ૨) ▸▸

## યમનમાં ભારતીય નર્સની ફાંસીની સજા રદ કરાઈ?

સના: મંગળવારે રાત્રે (સ્થાનિક સમય મુજબ) યમનના સનાથી એક વિડીયો સંદેશમાં પ્રચારક અને ગ્લોબલ પીસ ઇનિશિયેટિવના સ્થાપક ડો. કે.એ. પોલે દાવો કર્યો હતો કે ભારતીય નર્સ નિમિષા પ્રિયાને મૃત્યુદંડની સજા યમનના અને ભારતીય નેતાઓના દિવસરાતના અનેક વ્યાપક પ્રયાસો પછી રદ કરવામાં આવી છે. જોકે આને સત્તાવાર સમર્થન નહોતું મળ્યું.

ડો. કે.એ. પોલે તેમના વિડીયો સંદેશમાં, તેમણે યમનના નેતાઓનો તેમના ‘‘શક્તિશાળી અને પ્રાર્થનાપૂર્ણ પ્રયાસો’’ માટે આભાર માન્યો હતો. નેતાઓએ છેલ્લા દસ દિવસથી રાતદિવસ પ્રયાસો કરીને ચોવીસ કલાક કામ કર્યું છે તે નોંધીને, ડો. પોલે કહ્યું હતું કે, ‘‘હું

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હી ઍરપોર્ટ પર ઍર ઈન્ડિયાની ફ્લાઈટમાં લાગી આગ

નવી દિલ્હી: અમદાવાદમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયા બાદ અલગ અલગ ઘટનાઓ સામે આવી રહી છે. હવે એર ઈન્ડિયાના વિમાનમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. દિલ્હી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન વિમાનમાં આગ લાગી હતી. હોંગ કોંગથી દિલ્હી એરપોર્ટ પર ઉતરાણ કર્યા પછી તરત જ એર ઇન્ડિયાના વિમાનના સહાયક પાવર યુનિટમાં આગ લાગી ગઈ હતી. બધા મુસાફરો અને ક્રૂ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

એર ઈન્ડિયા દ્વારા આ ઘટનાની વધુ માહિતી આપવામાં આવી છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે મંગળવારે હોંગ કોંગથી દિલ્હી આવેલી ફ્લાઇટમાં લેન્ડિંગ અને ગેટ પર પાર્કિંગ કર્યા પછી તરત જ સહાયક પાવર યુનિટ (એપીયુ)માં આગ લાગી ગઈ હતી. મુસાફરો ઉતરી

(જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ધનખડના રાજીનામાનો બહુ વસવસો કરવા જેવો નથી

**જગદીપ** ધનખડે દેશના ઉપરાષ્ટ્રપતિપદ અને રાજ્યસભાના ચેરમેનપદેથી રાજીનામું આપી દેતાં રાજકીય ગરમીનો માહોલ છે. ૭૪ વર્ષના જગદીપ ધનખડનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ના દિવસે પૂરો થવાનો હતો પણ તેમણે સ્વાસ્થ્યનાં કારણોસર બે વર્ષ પહેલાં જ રાજીનામું આપી દીધું છે. ધનખડે રાષ્ટ્રપતિ ડો. દ્રૌપદી મુર્મૂને ને લખેલા પત્રમાં પોતે સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને અને ડોક્ટરની સલાહનું પાલન કરીને તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી રહ્યા હોવાનો દાવો કર્યો છે પણ વિપક્ષોને દાળમાં કંઈક કાળું લાગી રહ્યું છે.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સોશિયલ મીડિયા પોસ્ટમાં ધનખડના અણધાર્યા રાજીનામાની પાછળ ઘણાં રહસ્યો છૂપાયેલાં હોવાનો દાવો કર્યો છે. મજાની વાત પાછી એ છે કે, કૉંગ્રેસ અત્યાર લગી ધનખડને પક્ષપાતી અને લોકશાહીના સિદ્ધાંતોને મજાકરૂપ બનાવી દેનારા સભાપતિ ગણાવતી હતી. ધનખડ આઝાદ ભારતના સંસદીય લોકશાહીના ૭૨ વર્ષના ઇતિહાસમાં દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ હતા કે જેમને હોદ્દા પરથી દૂર કરવા માટે તેમની સામે ઈમ્પિચમેન્ટ મોશન એટલે કે મહાભિયોગ લાવવામાં આવ્યો હતો.

કૉંગ્રેસની આગેવાનીમાં વિપક્ષો ડિસેમ્બર ૨૦૨૪માં ધનખડ સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવ્યા હતા. આ ઈમ્પિચમેન્ટ મોશનને પછીથી ટેક્નિકલ કારણોસર નકારી કાઢવામાં આવી હતી પણ કૉંગ્રેસ સહિતના વિપક્ષે ધનખડ સામે પક્ષપાતી હોવાનો આક્ષેપ મૂકીને કહ્યું હતું કે, ધનખડ રાજ્યસભાના ચેરપર્સન તરીકે નહીં પણ ભાજપના નેતા તરીકે વર્તીને વિપક્ષના અવાજ અને તેમના સાંસદો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોને દબાવી દે છે.

હવે એ જ કૉંગ્રેસ કહી રહી છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના હિતમાં ધનખડને પોતાનો વિચાર બદલવા માટે મનાવવા જોઈએ. કૉંગ્રેસના કહેવા પ્રમાણે ધનખડ ઉપરાષ્ટ્રપતિપદે ચાલુ રહેશે તો દેશના ખેડૂત સમુદાયને ઘણી રાહત મળશે. બીજા વિપક્ષી સાંસદોએ પણ ધનખડના રાજીનામા પાછળ ભેદભરમ હોવાની આશંકા વ્યક્ત કરી છે. ચોમાસુ સત્રના પહેલા દિવસે આખો દિવસ કામ કર્યા પછી ધનખડે રાજીનામું ધર્યું તેના કારણે પણ વિપક્ષોને મોકો મળી ગયો છે.

ધનખડના રાજીનામાં માટે ખરેખર આરોગ્યનું કારણ જવાબદાર હોય તો ધનખડની પ્રસંશા કરવી જોઈએ કેમ કે ભારતમાં ભાગ્યે જ સત્તામાં બેઠેલો કોઈ માણસ આરોગ્યના કારણસર હોદ્દો છોડીને જગા કરે છે. સત્તામાં બેઠેલાં મોટા ભાગનાં લોકોની માનસિકતા હોદ્દા પર ચીટકી રહેવાની અને સરકારી ખર્ચે દવા-દારૂ કે સારવાર કરાવી લેવાની હોય છે. તેમાં કશું ખોટું નથી કેમ કે એ બધા લાભ નિયમ પ્રમાણે જ મળે છે પણ એ લાભ જતા કરવાની માનસિકતા બતાવવી મોટી વાત છે. ધનખડની ટર્મમાં બે વર્ષ બાકી હતાં એ જોતાં બાકીની ટર્મ સરકારી બંગલામાં રહીને, સરકારી ખર્ચે સારવાર કરાવીને અને સરકારી ખર્ચે ઘર પણ ચલાવીને ધનખડ આરામથી રહી શક્યા હોત.

જો કે ધનખડે ખરેખર આરોગ્યના કારણે રાજીનામું આપ્યું કે કેમ એ શંકાસ્પદ છે કેમ કે તેમની તબિયત એટલી ખરાબ નથી જ કે કામ ના કરી શકે. થોડા દિવસ પહેલાં એક કાર્યક્રમમાં તેમની તબિયત અચાનક બગડી જતાં હોસ્પિટલમાં દાખલ કરવા પડેલા પણ એ પછી એ સ્વસ્થ છે. સોમવારે સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે ધનખડે રાજ્યસભાના ચેરમેન તરીકેની ફરજ પણ બજાવી હતી.

આખો દિવસ સંસદની કાર્યવાહીમાં વ્યસ્ત પણ રહ્યા હતા તેથી તેમની તબિયત સાવ નાદુરસ્ત છે એવું માની શકાય તેમ નથી. અલબત્ત આ બધા વ્યક્તિગત નિર્ણયો છે. સાવ સ્વસ્થ લાગતી વ્યક્તિની તબિયત ખરેખર સારી ના હોય એવું બને. તબિયત સારી હોય તો પણ તબિયત વધારે ના બગડે એટલે કોઈ વ્યક્તિ ધંધા-ધાપા છોડીને આરામ કરવાનું પસંદ કરે એ પણ શક્ય છે. ધનખડના કિસ્સામાં શું કારણ છે તેની આપણને ખબર નથી પણ કારણ જે પણ હોય, ધનખડના નિર્ણયને વ્યક્તિગત માનીને માન આપવું જોઈએ.

ભારતમાં ઉપરાષ્ટ્રપતિ બંધારણીય રીતે બીજા નંબરનો મોટો હોદ્દો છે. આ હોદ્દા પરની વ્યક્તિ રાજીનામું ધરી દે એ મોટી વાત તો કહેવાય જ પણ ધનખડના જવાથી બહુ ફરક પડવાનો નથી કેમ કે ધનખડ શોભાના ગાંઠિયાથી વધારે કંઈ નહોતા. ધનખડના જવાનો વસવસો એટલે પણ કરવા જેવો નથી કે ધનખડ ઉપરાષ્ટ્રપતિપદના હોદ્દાનું ગૌરવ જળવાય એ રીતે નહોતા વર્ત્યા. ધનખડની ઉપરાષ્ટ્રપતિપદ માટે પસંદગી થઈ એ પહેલાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ હતા.

ધનખડે બંગાળના રાજ્યપાલ તરીકે તેમણે કેન્દ્ર સરકારના ઈશારે મમતા બેનરજીની કનડગત કરવામાં કોઈ કસર નહોતી છોડી. મમતા બેનરજી મુસ્લિમો પર ઓળઘોળ હોવાનો આડકતરો આક્ષેપ કરતાં ધનખડે કહેલું કે, મમતા સરકાર ફક્ત એક ચોક્કસ વર્ગને જ મદદ કરે છે જ્યારે દેશનું બંધારણ બધા સાથે સમાન વર્તનની વાત કરે છે એ જોતાં મમતા સરકાર બંધારણની વિરુદ્ધ વર્તી રહી છે.

ધનખડે જાન્યુઆરી ૨૦૨૨માં, બંગાળને લોકશાહીની ગેસ ચેમ્બર ગણાવી હતી. ધનખડ બંગાળ સરકારના વહીવટમાં દખલ કરતા, વિધાનસભાએ પસાર કરેલાં બિલોને પણ રોકી રાખતા હતા. રાજ્યપાલ તરીકનું ગૌરવ જાળવવાના બદલે ધનખડ કેન્દ્ર સરકારના એજન્ટ તરીકે જ વર્ત્યા કરતા હતા ને આ જ લાયકાતના કારણે તેમને ઉપરાષ્ટ્રપતિપદે પસંદ કરાયા હતા.

ઉપરાષ્ટ્રપતિપદે બેઠા પછી ધનખડ ઠાવકા અને ગૌરવપૂર્ણ બનશે એવી અપેક્ષા હતી પણ તેના બદલે એ બંગાળના રાજ્યપાલ તરીકે વર્તતા હતા એ રીતે જ વર્તતા રહ્યા. ભાજપ સરકારની ચાપલૂસી કરવા માટે ધનખડ ન્યાયતંત્ર અને સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ પણ બેફામ નિવેદનો કરવા માંડેલા. સુપ્રીમ કોર્ટ મનમાની કરે છે અને બંધારણની 'કલમ ૧૪૨' પરમાણુ મિસાઇલ બની ગઈ છે તેથી લોકશાહી સામે ખતરો છે એવા તેમના દાવાએ હલચલ મચાવી દીધી. ધનખડે કોલેજીયમ સિસ્ટમ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. ધનખડે સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ તરીકે વર્તીને પોતાની મર્યાદા ઓળંગી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ધનખડનાં રાજકીય નિવેદનોનાં કારણે ભારે વિવાદો થયા હતા. ધનખડ મોદી સરકારની ચાપલૂસી માટે ન્યાયતંત્રને બિનજરૂરી વિવાદોમાં ઢસડી રહ્યા હોવાના આક્ષેપો થયા હતા પણ તેનાથી ડગ્યા વિના ધનખડે બેફામ નિવેદનો કરતાં જ રહ્યા હતા. ભાજપની ચાપલૂસીમાં ધનખડ એ હદે લિપ્ત થઈ ગયેલા કે, ઘણા તો તેમને ભાવિ રાષ્ટ્રપતિ માનવા માંડેલા. આ કારણે જ હવે અચાનક તેમને વૈરાગ્ય આવી ગયો ને આરોગ્યની ચિંતા થઈ આવી એ વાત લોકોના ગળે ઉતરતી નથી પણ શું થાય? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૨૩-૭-૨૦૨૫, શિવરાત્રિ, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૧લો મોહરમ સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૭-૫૩ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૧૪, રાત્રે ક. ૨૨-૪૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૭ (તા. ૨૪)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - ચતુર્દશી. શિવરાત્રિ, ભારતીય શ્રાવણ માસારંભ, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫-૩૧, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ બુધ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, શિવરાત્રિ વ્રત ઉપવાસ, રાત્રિજાગરણ, તીર્થમાં સ્નાન, દાન, જાપ, તપ, તર્પણ, મંદિરોમાં ધજા, કળશ પતાકા ચઢાવવી, અભિષેક પૂજા, બગીચાના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ શુક્ર-રાહુ ચતુષ્કોણ વડીલો સાથે વિવાદ, ચંદ્ર-ગુરુ યુતિ ધર્મકાર્યમાં રુચિ, મંગળ-શુક્ર ચતુષ્કોણ અચોક્કસ મન.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ યુતિ, મંગળ-શુક્ર ચતુષ્કોણ, મંગળ ઉત્તરા ફાલ્ગુની પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## વિધાનસભામાં બહાલ ખરડાઓ પર સહી કરવાની સમયમર્યાદાઃ કેન્દ્ર અને રાજ્યોને સુપ્રીમની નોટિસ

નવી દિલ્હી : એક મોટી હિલચાલમાં સુપ્રીમ કોર્ટે મંગળવારે વિધાનસભાએ મંજૂર કરેલા ખરડા પર સહી કરવા માટે સમયમર્યાદા નક્કી કરી શકાય કે નહીં એ બંધારણીય બાબત પર રાષ્ટ્રપ્રમુખના ઉલ્લેખ પર કેન્દ્ર અને બધાં રાજ્યોના જવાબ માગ્યા છે. રાષ્ટ્રપ્રમુખના ઉલ્લેખમાં ઉઠાવેલી બાબતોની આખા દેશને અસર પહોંચશે એવું નિરીક્ષણ કરીને વડા ન્યાયમૂર્તિ બી. આર. ગવઈએ રાજ્યો અને કેન્દ્ર સરકાર તરફથી એક અઠવાડિયામાં જવાબ માગ્યા હતા. તેમણે સમયમર્યાદા નક્કી કરવાના રાષ્ટ્રપતિના ઉલ્લેખ માટે ૨૯ જુલાઈની તારીખ નક્કી કરી હતી.

ગવઈ ઉપરાંત જસ્ટિસ સૂર્યકાંત, વિક્રમ નાથ, પી.એસ. નરસિંહા અને એ. એસ. ચંદુરકરની બેન્ચે કહ્યું હતું કે આ બંધારણના મૂલ્યાંકન કરવાની બાબત છે. અમે એટર્ની જનરલને અમને મદદ કરવાની વિનંતી કરી છે. સોલિસિટર જનરલ કેન્દ્ર સરકાર વતી રજૂઆત કરશે. બધી રાજ્ય સરકારોને ઈ-મેઈલ દ્વારા નોટિસ આપો. આ બાબતનું મંગળવારે લિસ્ટિંગ કરો. અગાઉ દલીલ કરનાર બધા જ વકીલોને પણ નોટિસ આપો. ■

## સબ સલામતઃ ઍર ઈન્ડિયાનાં વિમાનોમાં ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચની તપાસ પૂરી

નવી દિલ્હીઃ અમદાવાદમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયા પછી તમામ બોઈંગ વિમાનના ટેક્નિકલ ચકાસણીના નિર્દેશ આપ્યા પછી એર ઈન્ડિયાએ મહત્ત્વની કામગીરી પાર પાડી છે. આ મુદ્દે એર ઈન્ડિયાએ તેના તમામ બોઈંગ ૭૮૭ અને ૭૩૭ વિમાનની ફ્યુઅલ કન્ટ્રોલ સ્વિચના લોકિંગ સિસ્ટમનું નિરીક્ષણનું કામકાજ પૂરું કર્યું હતું.

એરલાઈને જણાવ્યું હતું કે ૧૪ જુલાઈ ૨૦૨૫ના જાહેર કરવામાં આવેલા ડીજીસીએના નિર્દેશોનું પાલન કર્યું છે. એર ઈન્ડિયાએ જણાવ્યું છે કે તેમના નિરીક્ષણમાં કોઈ સમસ્યા જણાઇ નહોતી. એર ઈન્ડિયાએ ૧૨ જુલાઈએ સ્વૈચ્છિક નિરીક્ષણ શરૂ કર્યું હતું અને ડીજીસીએ (ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન) દ્વારા નિર્ધારિત સમયની અંદર પૂર્ણ કરવામાં આવ્યું હતું. નિયામકને તેની સૂચના આપવામાં આવી છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે નિરીક્ષણ દરમિયાન ઉક્ત લોકિંગ મિકેનિઝમમાં કોઈ સમસ્યા જણાઈ ન હતી. ■

## ૨૦૨૪ સાયબર ફ્રોડમાં આમ આદમીએ ૨૨,૮૪૫ કરોડ રૂપિયા ગુમાવ્યા

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૪માં સાયબર ગુનેગારોના કારણે નાગરિકોને ૨૨,૮૪૫.૭૩ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે જે ગત વર્ષની સરખામણીમાં લગભગ ૨૦૬ ટકાનો મોટો વધારો દર્શાવે છે. સરકારે મંગળવારે લોકસભામાં આ જાણકારી આપી હતી.

એક લેખિત સવાલના જવાબમાં ગૃહ રાજ્ય મંત્રી બાંદી સંજય કુમારે જણાવ્યું હતું કે મંત્રાલયના આઇફોરસી દ્વારા સંચાલિત નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) અને સિટિઝન ફાઇનાન્શિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (સીએફસીએફ-આરએમએસ) મુજબ, ૨૦૨૪માં દેશભરમાં સાયબર ફ્રોડને કારણે નાગરિકોને કુલ ૨૨,૮૪૫.૭૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું જે ગયા વર્ષે ૭,૪૬૫.૧૮ કરોડ રૂપિયા હતું. કુમારે જણાવ્યું હતું કે ૨૦૨૪માં સાયબર ગુનેગારો દ્વારા કરવામાં આવતી નાણાકીય છેતરપિંડીની ૩૬,૩૭,૨૮૮ ઘટનાઓ એનસીઆરપી અને સીએફસીએફઆરએમએસ નોંધાઈ હતી જે ગયા વર્ષે ૨૪,૪૨,૯૭૮ હતી. પ્રધાન દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, ૨૦૨૨માં એનસીઆરપી પર ૧૦,૨૯,૦૨૬ સાયબર ગુના નોંધાયા હતા, જે છેલ્લા વર્ષ કરતા ૧૨૭.૪૪ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૨૩માં ૧૫,૯૬,૪૯૩ ઘટનાઓ નોંધાઈ હતી, જે ૫૫.૧૫ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૨૪માં ૨૨,૬૮,૩૪૬ કેસ નોંધાયા હતા, જે ૪૨.૦૮ ટકાનો વધારો દર્શાવે છે.

તેમણે કહ્યું હતું કે , નાણાકીય છેતરપિંડીની તાત્કાલિક રિપોર્ટ કરવા અને છેતરપિંડી કરનારાઓ દ્વારા ભંડોળની હેરાફેરીને રોકવા માટે ૨૦૨૧માં આઇફોરસી હેઠળ સિટિઝન ફાઇનાન્શિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. તેમણે એમ કહ્યું હતું કે સીએફસીએફઆરએમએસ મુજબ, અત્યાર સુધીમાં નોંધાયેલી ૧૭.૮૨ લાખથી વધુ ફરિયાદોમાં ૫,૪૮૯ કરોડ રૂપિયાથી વધુની નાણાકીય રકમ બચાવી લેવામાં આવી છે.

કુમારે જણાવ્યું હતું કે, નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર નોંધાયેલી સાયબર ક્રાઇમ ઘટનાઓ, તેની એફઆઇઆર નોંધવા અને ત્યારબાદની કાર્યવાહી, એટલે કે ચાર્જશીટ દાખલ કરવી, ધરપકડ કરવી અને ફરિયાદોનું નિરાકરણ, કાયદાની જોગવાઈઓ અનુસાર સંબંધિત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોની કાનૂની એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે.

સાયબર ગુનેગારો સામે સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, અત્યાર સુધીમાં કેન્દ્ર દ્વારા ૯.૪૨ લાખથી વધુ સિમ કાર્ડ અને ૨,૬૩,૩૪૮ આઇએમઇઆઇ નંબર બ્લોક કરવામાં આવ્યા છે. ■

# પહેલા પાનાનું ચાલુ

### કુછ તો ગડબડ

મોશનથી શાસક પક્ષ કફોડી સ્થિતિમાં મુકાયો હતો.

સરકારના સિનિયર પ્રધાનો કામે લાગી ગયા હતા. ભાજપ અને સહયોગી પક્ષના રાજ્યસભાના સંસદસભ્યોની એક દસ્તાવેજ પર સહી લેવામાં આવી હતી. અમુક સભ્યોના કહેવા મુજબ આ જસ્ટિસ વર્મા સામેની મહાભિયોગ માટે વિપક્ષના સભ્યોએ આપેલી દરખાસ્ત જેવી છે. આ દસ્તાવેજનો હેતુ એ બતાડવાનો હતો કે જસ્ટિસ વર્માની હકાલપટ્ટીની કવાયતમાં ફક્ત વિરોધી પક્ષના સભ્યો નથી.

બીજી એક ડેવલપમેન્ટ ધનખડ પ્રત્યેની સરકારની નારાજગી બતાડે છે. સોમવારે બપોરે સાડાચાર વાગ્યે ભરાયેલી બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં રાજ્યસભાના નેતા જે. પી. નડ્ડા અને સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુ ગેરહાજર રહ્યા હતા. જોકે આ બે પ્રધાનો ધનખડે બપોરના સાડાબાર વાગ્યાની બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં હાજરી આપી હતી. બપોરના સાડાચાર વાગ્યાની બેઠકમાં નડ્ડા અને રિજિજુ હાજરી ન આપતાં ધનખડે રાહ જોયા બાદ બેઠક મંગળવાર પર મોકૂફ રાખી હતી.

કૉંગ્રેસના નેતા અને રાજ્યસભાના સંસદસભ્ય જયરામ રમેશે એક્સ પર અટકળ કરી હતી કે બપોરના એક વાગ્યાથી બપોરના સાડાચાર વાગ્યા વચ્ચે કશું ગંભીર બન્યું હશે જેને લીધે નડ્ડા અને રિજિજુએ જાણીબુઝીને બેઠકમાં હાજરી આપી નહોતી. ધનખડને આનાથી સારું લાગ્યું નહોતું.

ભાજપના થોડા સભ્યોએ ધનખડે રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને શૂન્ય કાળમાં ઑપરેશન સિંદૂર પર બોલવાની અને સરકારની ટીકા કરવા દીધી એ અંગે ઉપરાષ્ટ્રપતિની ટીકા કરી હતી. ૭૪ વર્ષના ધનખડે રાતના ૯-૨૫ કલાકે આરોગ્યની સંભાળને અગ્રતાક્રમ આપવા અને તબીબી સલાહને અનુસરીને રાજીનામા આપવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના વિશે ટૂંકી પોસ્ટ મૂકી હતી, ભાજપના બીજા નેતાઓએ ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. મોદીએ એક્સ પર લખ્યું હતું કે શ્રી જગદીપ ધનખડજીને દેશના ઉપરાષ્ટ્રપતિ સહિતના વિવિધ હોદ્દા પર દેશની સેવા કરવાનાં મોકો મળ્યો. હું તેમને સારા આરોગ્યની શુભેચ્છા આપું છું.

કૉંગ્રેસે મંગળવારે દાવો કર્યો હતો કે જગદીપ ધનખડના રાજીનામાના કારણો ધનખડે કહેલા આરોગ્યના કારણથી ઘણા ઊંડા છે. કૉંગ્રેસે કહ્યું હતું કે મોદીની એક્સ પર 'બળજબરીથી લેવામાં આવેલા રાજીનામા' સંબંધની 'નોનપોસ્ટ' કસમયની વિદાયના રહસ્યને ઘેરું બનાવે છે.

વિરોધ પક્ષના મહામંત્રી જયરામ રમેશે કહ્યું હતું કે વડા પ્રધાને વધુ ઉદાર થવું જોઈતું હતું. આખીર વડા પ્રધાન તો પાખંડના સુપ્રીમ માસ્ટર છે. ભૂમિપુત્રને જોઈએ એવી માનભરી વિદાય આપવામાં આવી નથી. (એજન્સી) ■

### ઝેલેન્સ્કીનો

યુક્રેન અને રશિયા વચ્ચે આ પહેલા ઇસ્તંબુલમાં ૧૬ મે અને બીજી જૂનના રોજ બે રાઉન્ડની વાટાઘાટો થઈ ચૂકી છે. આ વાટાઘાટોમાં હજારો યુદ્ધબંદીઓ અને મૃત સૈનિકોના અવશેષોની અદલાબદલી થઈ હતી. જોકે, યુદ્ધબંધી કે શાંતિ સમજૂતી તરફ કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. ■

### એવું શું બન્યું

**બપોરે ૪:૦૭ વાગ્યેઃ** રાજ્યસભાના અધ્યક્ષ ધનખડેએ જસ્ટિશ યશવંત વર્મા વિરુદ્ધના મહાભિયોગ પ્રસ્તાવને મામલે વિપક્ષ દ્વારા આપવામાં આવેલી નોટિસની જાણકારી આપી. મહત્ત્વની વાત તો એ છે કે તેમણે જાહેરાત કરી હતી કે ન્યાયાધીશ શેખર યાદવ વિરુદ્ધ મહાભિયોગના પ્રસ્તાવની નોટિસની તેમણે ચકાસણી કરી હતી અને તેનાં પર વિપક્ષના કોઈ એક સાંસદે બે વખત સહી કરી હતી.

**બપોરે ૪:૩૦ વાગ્યેઃ** ગૃહના નેતા જે.પી. નડ્ડા અને સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ સલાહકાર સમિતિની બેઠકમાં હાજર ન રહ્યા. ધનખડે આ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે આ બંને નેતાએ મને કેમ ન જણાવ્યું કે તેઓ હાજર રહી શકે એમ નથી.

**સાંજે ૭:૩૦ વાગ્યેઃ** જયરામ રમેશે ધનખડને ફોન કર્યો. ધનખડે જયરામ રમેશને જણાવ્યું કે તેઓ પરિવાર સાથે છે અને સ્વાસ્થ્યને મુદ્દે ચર્ચા કરી રહ્યા છે તેથી આવતીકાલે વાત કરશે. ત્યાર બાદ રાત્રે ૧૦:૦૦ વાગ્યે ધનખડે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પત્ર લખી રાજીનામાંની જાહેરાત કરી દીધી અને આ નિર્ણય માટે નાદુરસ્ત તબિયતનું કારણ આપ્યું. ■

### બિહારમાં

છે. ચૂંટણી પંચે પોતાના સોગંદનામામાં કહ્યું હતું કે આ પ્રક્રિયા ચૂંટણીની પવિત્રતા જાળવવા માટે જરૂરી છે, કારણ કે તે મતદાર યાદીમાંથી અયોગ્ય વ્યક્તિઓને દૂર કરવામાં આવે છે. ચૂંટણી પંચે કહ્યું હતું કે એસઆઇઆર ૨૦૨૫ દરમિયાન આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ અને રેશન કાર્ડ જેવી ઓળખ સંબંધિત માહિતીનો ઉપયોગ ફક્ત ઓળખ સ્થાપિત કરવા માટે થઈ રહ્યો છે, નાગરિકતા કે રહેઠાણના પુરાવા તરીકે નહીં.

ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી કે આધાર નંબર આપવો વૈકલ્પિક છે અને તે ફક્ત ઓળખ માટે લેવામાં આવી રહ્યો છે, નાગરિકતા સાબિત કરવા માટે નહીં. આધાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૯ મુજબ, આધાર નાગરિકતાનો પુરાવો નથી. આ સાથે ચૂંટણી પંચે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે ભારતનો કોઈપણ નાગરિક ફક્ત ૧૮ વર્ષની ઉંમરે જ મતદાન કરી શકે છે અને તે વિસ્તારનો સામાન્ય રહેવાસી હોવો જોઈએ. જે વ્યક્તિ આ લાયકતોને પૂર્ણ કરતો નથી તેને મતદાન કરવાનો અધિકાર નથી, તેથી તે બંધારણની કલમ ૧૯ (સ્વતંત્રતાનો અધિકાર) અને કલમ ૨૧ (જીવનનો અધિકાર) હેઠળ કોઈ દાવો કરી શકતો નથી.

આ સાથે ચૂંટણી પંચે કહ્યું હતું કે બિહારમાં ૭.૮૯ કરોડ મતદારોમાંથી અત્યાર સુધીમાં ૭.૧૧ કરોડ લોકોના ફોર્મ (૯૦.૧૨ ટકા) ભરાઈ ગયા છે. આ પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર્સ (બીએલઓ) ઘરે-ઘરે જઈને મતદારોને પહેલાથી ભરેલા ફોર્મ આપી રહ્યા છે. ■

### હરિવંશ નારાયણ

મોદીના યુગમાં કોઈપણ બાબતને સમજવી એટલી સરળ નથી હોતી. જે વ્યક્તિનું નામ ચર્ચામાં હોય તો સમજી લેવાનું કે તેને એ પદ નહીં મળે. આમ છતાં ઉપરાષ્ટ્રપતિપદની સ્પર્ધામાં હરિવંશનું નામ સૌથી આગળ છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા છે અને તેમનો કાર્યકાળ માર્ચ ૨૦૨૫માં પૂરો થઈ રહ્યો છે. નડ્ડા, મોદી અને શાહની ખૂબ જ નિકટના સહયોગી છે. જો આરએસએસ અને ભાજપ વચ્ચે બધું સમુસૂતરું નહીં થાય તો શક્ય છે નડ્ડાને ઉપરાષ્ટ્રપતિ બનાવી દેવામાં આવે.

ઉલ્લેખનીય છે કે નડ્ડાના એક નિવેદનને કારણે જ આરએસએસ અને ભાજપ વચ્ચે અંતર વધી ગયું હતું. કહેવાય છે કે નડ્ડાએ કરેલા નિવેદનને લીધે જ આરએસએસએ વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીથી પોતાને અલગ કરી લીધો હતો.

આ તમામ સંજોગો વચ્ચે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાનું નામ પણ ખૂબ જ ઝડપથી આ સ્પર્ધામાં ઉમેરાઈ ગયું છે. જોકે સર્વણ અને ઉત્તર પ્રદેશના હોવાની બાબત તેમનાં માટે વિપરીત પુરવાર થઈ શકે એમ છે. ■

### કાવડયાત્રામાં

રેસ્ટોરાં માલિકોએ લાઇસન્સ તેમજ નોંધણી પ્રમાણપત્રો પ્રદર્શિત કરવા જોઈએ. કોર્ટે નોંધ્યું હતું કે કાવડયાત્રા બાવીસ જુલાઈએ પોતાના અંતિમ દિવસે છે અને નજીકના સમયમાં સમાપ્ત થશે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશ સરકારના વકીલએ કોર્ટમાં દલીલ કરી કે ક્યુઆર કોડનો નિર્દેશ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આપવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે ગત વર્ષે કાંવડ યાત્રા દરમિયાન ઢાબાઓમાં તોડફોડની ઘટનાઓ બની હતી, જેના કારણે પોલીસે આ પગલું ભરવામાં આવ્યું હતું. વકીલે એમ પણ ઉમેર્યું કે આ નિર્દેશ એક કેન્દ્રીય કાયદાનું પાલન કરે છે, જે દેશભરમાં લાગુ છે અને તે માત્ર કાવડયાત્રા માટે જ નથી. તેમણે એમ પણ કહ્યું કે ગત વર્ષે સુપ્રીમ કોર્ટે સરકારની બાજુ સાંભળ્યા વિના એક વચગાળાનો આદેશ આપ્યો હતો, જેનો આ વખતે ખ્યાલ રાખવો જોઈએ.

વાસ્તવમાં આખી વાત એમ છે કે, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સરકારના નિર્દેશોનો વિરોધ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. તેમણે માગણી કરી કે કાવડયાત્રા માર્ગો પર ઢાબા અને રેસ્ટોરાં માલિકોની ઓળખ જાહેર કરવાના તમામ નિર્દેશો પર રોક લગાવવામાં આવે.

તેમનો તર્ક હતો કે આ નિર્દેશો ગત વર્ષના સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશની વિરુદ્ધ છે, જેમાં કહેવાયું હતું કે ઢાબા માલિકોને તેમની ઓળખ જાહેર કરવા માટે દબાણ કરી શકાય નહીં. અરજદારોએ દાવો કર્યો હતો કે આ વર્ષે નવા નિર્દેશોમાં ક્યુઆર કોડ ફરજિયાત કર્યા, જેના દ્વારા યાત્રીઓ માલિકોના નામ જાણી શકે છે અને આ ધાર્મિક ભેદભાવને પ્રોત્સાહન આપી શકે છે. ■

### લોકસભામાં

આ વર્ષના ઉત્તરાર્ધમાં વિધાનસભાની ચૂંટણી છે ત્યારે મતદારયાદીની સમીક્ષા કરવાની કવાયત શરૂ કરી છે.

અધ્યક્ષસ્થાને રહેલા દિલીપ સાઈકિયાએ વિરોધ પક્ષના સંસદસભ્યોને તેમની જગ્યા પર જવાની અને ગૃહ ચલાવવા દેવાની વિનંતી કરી હતી. જોકે વિરોધ ચાલુ રહેતા સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ ઊભા થઈને વિરોધ પક્ષના વર્તનની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે સોમવારે બિઝનેસ એડવાઈઝરી કમિટીની મીટિંગમાં એ નક્કી કરવામાં આવ્યું હતું કે પહેલા ઑપરેશન સિંદૂર પર ચર્ચા કરાશે અને તેને માટે સમય નક્કી કરવામાં આવ્યો છે. ફકત કયા નિયમ હેઠળ ચર્ચા થશે એ પછી નક્કી કરાશે. વિરોધ પક્ષના સભ્યો પોસ્ટર લઈને નિયમનો ભંગ કરે છે હું તેમની આલોચના કરું છું. તેમના બેવડાં ધોરણ ખોટા છે. તેઓ એક બાજુ ચર્ચાની માગણી કરે છે અને બીજી બાજુ ગૃહને ચાલવા દેતા નથી. સરકાર તૈયાર છે, પરંતુ વિરોધ પક્ષો સંસદનો સમય બગાડે છે. તેમણે કૉંગ્રેસ અને બીજા પક્ષોના વર્તનની ટીકા કરી હતી.

#### વિપક્ષે કર્યું વિરોધ પ્રદર્શન

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિત વિરોધ પક્ષના સંસદસભ્યોએ ચૂંટણી નજીક છે એ બિહારમાં મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની ચૂંટણી પંચની કવાયત વિરુદ્ધ સસંદભવનમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા. વિરોધ પક્ષના સંસદસભ્યો સંસદના મકરદ્વારના પગથિયા આગળ જમા થયા હતા અને એસઆઈઆર કવાયત સામે સૂત્રોચ્ચાર કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ ચૂંટણીની ચોરી છે.

તેમના હાથમાં રહેલા પોસ્ટરમાં લખવામાં આવ્યું હતું કે એસઆઈઆર : સ્ટીલિંગ ઈન્ડિયન રાઈટ્સ, ( ભારતીયના અધિકારને છીનવતું એસઆઈઆર ) અને એસઆઈઆર : સબવર્ટિંગ ઈન્ડિયન રિપબ્લિક ( ભારતીય પ્રજાસત્તાકને ઉથલાવનારું.એસઆઈઆર)

આ વિરોધ પ્રદર્શનમાં કૉંગ્રેસ, સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય જનતા દળ, તૃણમૂલ કૉંગ્રેસ. ડીએમકે, જેએમએમએ વગેરે પક્ષોના સાંસદે ભાગ લીધો હતો. ■

### યમનમાં

નિમિષા પ્રિયાના મૃત્યુદંડને રદ કરવાને સફળ બનાવવા માટે સંકળાયેલા તમામ નેતાઓનો આભાર માનવા માંગુ છું. ભગવાનની કૃપાથી, તેને મુક્ત કરીને ભારત લઈ જવામાં આવશે. હું વડા પ્રધાન મોદીજીનો આભાર માનવા માંગુ છું કે તેમણે નિમિષાને વ્યાવસાયિક રીતે, સુરક્ષિત રીતે લઈ જવા માટે તમારા રાજદ્વારીઓને મોકલવાની તૈયારી કરી.''

તેમણે એમ પણ કહ્યું કે તેઓ સના જેલમાંથી ઓમાન, જેદ્દાહ, ઇજિપ્ત, ઈરાન અથવા તુર્કીમાં સુરક્ષિત રીતે પરત લાવવા માટે ભારત સરકાર સાથે મળીને લોજિસ્ટિક્સ વ્યવસ્થા કરી શકે છે. ગયા અઠવાડિયે, વિદેશ મંત્રાલય (એમઇએ) એ તેની સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગ દરમિયાન, નિમિષા પ્રિયાને ટેકો આપવા માટે સક્રિય રીતે કામ કરવા બદલ સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંની વિગતો આપી હતી.

પ્રવક્તા રણધીર જયસ્વાલે માહિતી આપી હતી કે એમઇએ એ યમનમાં જટિલ કાનૂની પ્રક્રિયામાં પ્રિયાના પરિવારને મદદ કરવા માટે એક વકીલની નિમણૂક કરી છે. આમાં શરિયા કાયદા હેઠળ માફી અથવા માફીના વિકલ્પો શોધવાનો સમાવેશ થાય છે. ■

### દિલ્હી ઍરપોર્ટ

રહ્યા હતા ત્યારે આ ઘટના બની. આગ લાગતાની સાથે જ, સિસ્ટમ ડિઝાઈન મુજબ એપીયુ જાતે બંધ થઈ ગયું હતું. એર ઈન્ડિયાએ એમ પણ કહ્યું કે આગને કારણે ફ્લાઇટને થોડું નુકસાન થયું છે. જોકે, મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે. વધુ તપાસ માટે વિમાનને રોકી દેવામાં આવ્યું છે અને રેગ્યુલેટરને આગ વિશે જાણ કરવામાં આવી છે. ■

# જીસીએમએમએફના ચેરમેન તરીકે અશોક ચૌધરી અને વાઈસ ચેરમેનપદે ગોરધન ધામેલીયાની વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની સહકારી ડેરીઓ માટે મહત્ત્વના ગણાતાં ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ના ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે કોની વરણી થશે તે અંગેના રહસ્યનો મંગળવાર ૨૨ જુલાઈના રોજ અંત આવ્યો હતો. મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી જીસીએમએમએફના નવા ચેરમેન તથા રાજકોટની ગોપાલ ડેરીના ચેરમેન ગોરધન ધામેલિયા વાઈસ ચેરમેન બનતા તેમના સમર્થકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી.

જીસીએમએમએફના ચેરમેનપદમાં ઉત્તર ગુજરાતનો દબદબો યથાવત રહ્યો હતો. રાજ્યના ૧૮ દૂધ સંઘોમાંથી જીસીએમએમએફ પર ઉત્તર ગુજરાતની દૂધસાગર, સાબર, બનાસ તેમજ આણંદની અમૂલ ડેરીનો દબદબો રહ્યો છે. આ દૂધ સંઘોના ચેરમેન જીસીએમએમએફ ચેરમેન બનતાં આવ્યા છે. જે સિલસિલો મંગળવારે પણ જળવાયો હતો.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન અને વાઈસ ચેરમેનની પસંદગી માટે ગાંધીનગરમાં ખાસ બેઠક મળી હતી. સંગઠન મહામંત્રી રત્નાકર, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને સહકાર પ્રધાન જગદીશ પંચાલે બેઠક કરી હતી. ભાજપે યુવા ચહેરાને જીસીએમએમએફનું સુકાનપદ સોંપવાનો નિર્ણય કરીને દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીનું મેન્ટેડ આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શામળ પટેલને સાબર ડેરીનો વિવાદ નડી ગયો હતો. તાજેતરમાં સાબર ડેરીએ ચુકવેલા વાર્ષિક ભાવફેરના કારણે પશુપાલકો વિરોધ ઉપર ઊતરી આવ્યા હતા. જીસીએમએમએફના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી પહેલા ભાવફેરનો વિવાદ ઉભો થવો શામળ પટેલ માટે રાજકીય સંકેત હતો. તેના કારણે શામળ પટેલને રિપીટ ન કરાયા હોય તેમ લાગી રહ્યું છે.

એ બાબત પણ નોંધવા જેવી છે કે, ગુજરાતની મોટી ગણાતી સહકારી સંસ્થાઓમાં ચેરમેનો અને વાઈસ ચેરમેનોની પસંદગીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ નિર્ણય કરતા હોય છે. દૂધસાગર ડેરીની ચૂંટણીમાં અશોક ચૌધરીને ચેરમેનપદનો ચહેરો બનાવવામાં તેમ જ વિપુલ ચૌધરી સામે અશોક ચૌધરીની પેનલ ઉતારી જીત મેળવવામાં તેમની ભૂમિકા મહત્ત્વની રહી હતી.

અશોક ચૌધરી મહેસાણા શહેર અને જિલ્લા ભાજપમાં વિવિધ હોદ્દાઓ સંભાળી ચુક્યા છે. ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન તેઓ મહેસાણા નગરપાલિકાના પ્રમુખ રહ્યા હતા. ૨૦૧૬માં દૂધસાગર ડેરીના ડિરેક્ટર બન્યા અને ૨૦૨૧થી ડેરીના ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે. ■

# અમદાવાદમાં વસેલા છે પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં કેટલાક એવા વિસ્તારો આવેલા છે જેનું નામ સાંભળીને આશ્ચર્ય થશે. શહેરમાં તાજેતરમાં દાખલ થયેલી એક એફઆઈઆર એક સરનામાના કારણે ચર્ચામાં આવી હતી. આ સરનામું પાકિસ્તાન કોલોની, રેલવે કોલોની, સાબરમતી છે. સ્થાનિકો દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી આ નામનો ઉપયોગ કરવામાં આવે છે. હકીકતમાં આ વિસ્તારમાં સાબરમતીમાં રેલવે કોલોની પાછળ આવેલી જમીનનો એક હિસ્સો છે, એક સમયે આ વિસ્તાર ઉજજડ હતો. શહેરનો વિકાસ થવા છતાં આ કોલોનીનું હુલામણું નામ આજે પણ અસ્તિત્વમાં છે અને સ્થાનિકો તેનો ઉપયોગ કરે છે. રસપ્રદ વાત એ છે કે, અમદાવાદમાં આવા અસામાન્ય નામવાળી આ એકમાત્ર જગ્યા નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, શહેરમાં આવેલું આ એકમાત્ર 'પાકિસ્તાન' નથી. વટવાના ચાર માળિયા વિસ્તારમાં તમને માત્ર 'પાકિસ્તાન' જ નહીં, પણ 'શ્રીલંકા' અને 'બાંગ્લાદેશ' પણ મળશે - આ વિસ્તારોને રહેવાસીઓના વંશીય માળખાના આધારે આવા નામ મળ્યા છે. આ નામોને સત્તાવાર રીતે ક્યારેય માન્યતા આપવામાં આવી નથી, છતાં તે સ્થાનિક બોલચાલમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે અને કાયદાકીય દસ્તાવેજોમાં પણ તેનો ઉલ્લેખ થતો રહે છે. સૌથી તાજેતરનું ઉદાહરણ ૧૬ મેના રોજ સામે આવ્યું હતું. સાબરમતી પોલીસે દારૂબંધીના એક કેસમાં એફઆઈઆર નોંધી અને એક આરોપીનું સરનામું સાબરમતીમાં પાકિસ્તાન કોલોની તરીકે દર્શાવ્યું હતું. લાંબા સમયથી રહેતા નિવાસીઓ અને રેલવે કર્મચારીઓના મતે, 'પાકિસ્તાન' નામ ૩૫ વર્ષથી પણ જૂનું છે. આ શબ્દના ઉદ્દ્ભવ અંગે સૂત્રોએ જણાવ્યું રેલવે ટ્રેક પાછળ અને રેલવે કોલોનીને અડીને એક ઉજજડ અને નિર્જન વિસ્તાર હતો. રેલવે કર્મચારીઓ, અમુક ચોક્કસ જગ્યાથી આગળ સુવિધાઓના અભાવથી નિરાશ થઈને, તેને બોર્ડર કહેવા લાગ્યા. સમય જતાં, તે નામ બદલાઈને પાકિસ્તાન થઈ ગયું. ■

# ગુજરાતમાં બે વર્ષમાં ૧૯૧ કરોડનો વિદેશી દારૂ, ૧૧ કરોડનું બિયર ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધી માત્ર કહેવા પૂરતી જ હોય તેમ સમયાંતરે મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપાતો રહે છે. રાજ્યમાં દારૂબંધીનો કડક કાયદો હોવા છતાં માંગો ત્યાં દારૂ સરળતાથી મળી રહે છે. તેમ જ મોટા પાયે હેરાફેરી અને ગેરકાયદે વેચાણ થાય છે. કેટલાક અહેવાલો અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં ૬ હજાર કરોડ રૂપિયાથી વધુનો દારૂ અને કેફી દ્રવ્યોનો જથ્થો ઝડપાયો છે, જે ગૃહ વિભાગના વાર્ષિક બજેટ કરતાં પણ વધુ હોઈ શકે છે.

છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાંથી ૧૯૧ કરોડનો વિદેશી દારૂ પકડાયો છે. ઉપરાંત આ સમયગાળામાં રાજ્યમાં ૨.૮૭ કરોડનો દેશી દારૂ અને ૧૧ કરોડનું બિયર પકડાયુ છે. જેના પરથી ગુજરાતમાં દારૂબંધી માત્ર નામની જ છે તે સ્પષ્ટ દેખાય છે. ગુજરાતમાં હવે ડ્રગ્સ પેડલરોનું પણ વ્યાપક નેટવર્ક છે જેના કારણે શહેરો જ નહીં, હવે તો ગામડાઓમાં પણ ડ્રગ્સ વેચાઇ રહ્યુ છે. ગાંજો, અફીણ તો ઠીક, પણ હેરોઈન સહિત ડ્રગ્સનું પણ બેફામપણે વેચાણ થઈ રહ્યુ છે. બે વર્ષમાં ૩૯૫૫ કરોડનું અફીણ, ગાંજો, હેરોઇન સહિત ડ્રગ્સ પકડાયું છે. રાજ્યમાં બૂટલેગરો એટલા નિર્ભય બની ગયા છે કે તેમને પોલીસનો જાણે કોઈ ડર જ નથી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ દૂષણના મૂળ છેક ગાંધીનગર સુધી ઊંડા છે, જ્યાં 'હપ્તારાજ' બેફામ રીતે ચાલી રહ્યું છે. ઉચ્ચ સ્તરેથી મળતા રક્ષણના કારણે બૂટલેગરોને ઉની આંચ પણ આવતી નથી. આ સ્થિતિ પોલીસની કાર્યક્ષમતા અને કાયદાના શાસન પર ગંભીર પ્રશ્નાર્થ ઊભા કરે છે. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં દારૂની બદી કાબૂમાં આવતી નથી, ત્યારે ખુદ શાસક પક્ષ ભાજપના ધારાસભ્યો પણ આ અંગે ફરિયાદો કરી રહ્યા છે. અનેક ધારાસભ્યોએ જાહેરમાં અને ખાનગીમાં પોલીસ અને બૂટલેગરોની મિલીભગત સામે આક્રોશ વ્યક્ત કર્યો છે, પરંતુ તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. આ બાબત દર્શાવે છે કે આ સમસ્યા કેટલી જટિલ અને ઉંડે સુધી પ્રસરેલી છે, જ્યાં રાજકીય ઈચ્છાશક્તિ પણ ક્યાંક ને ક્યાંક ઓછી પડી રહી હોય તેમ લાગે છે. ઘણીવાર પોલીસકર્મીઓ જ દારૂની મહેફિલો માણતા પકડાયાના કિસ્સાઓ પણ સામે આવ્યા હતા. ■

# સુરત એરપોર્ટ પરથી દુબઈથી આવેલા પેસેન્જર પાસેથી ૨૮ કિલો સોનાની પેસ્ટ જપ્ત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના એરપોર્ટ પરથી સીઆઈએસએફના જવાનોએ દુબઈથી આવેલા એક પેસેન્જર પાસેથી ૨૮ કિલોગ્રામ સોનાની પેસ્ટ જપ્ત કરી હતી. એર ઈન્ડિયાની ફ્લાઈટ આઈએકસ-૧૭૪થી તે સુરત આવ્યો હતો.

એરપોર્ટ પર તૈનાત સીઆઈએસએફના જવાનોને બે મુસાફરનું વર્તન અસામાન્ય લાગ્યું હતું. બંનેની શંકાસ્પદ ગતિવિધિ જોઈને તેમની અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી હતી. કસ્ટમ ઓફિસરને બોલાવીને તેમની અંગઝડતી કરવામાં આવી હતી.

આ દરમિયાન તેણે સોનાની પેસ્ટ શરીરના વિવિધ અંગો પર ચોંટાડી હોવાનો ખુલાસો થયો હતો. જપ્ત કરવામાં આવેલી સોનાની પેસ્ટનું કુલ વજન ૨૮ કિલોગ્રામ હતું, જેમાં આશરે ૨૩ કિલોગ્રામ સોનું હતું. કસ્ટમ ડિપાર્ટમેન્ટે આ પાછળ કોઈ ટોળકી સક્રિય છે કે નહીં તેની તપાસ શરૂ કરી હતી.

સીઆઈએસએફ ટીમની આ સતર્કતા અને સમયસરની કાર્યવાહીને કારણે સોનાની મોટાપાયે દાણચોરીનો એક મોટો પ્લાન નિષ્ફળ બન્યો હતો. જપ્ત કરાયેલી સોનાની પેસ્ટ અંગે કસ્ટમ અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી હતી. ■

# એડવેન્ચર સ્પોર્ટ્સ નિયમબદ્ધ કરવા સરકાર કટિબદ્ધ, વિધાનસભામાં બિલ રજૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યમાં બોટિંગ, એડવેન્ચર સ્પોર્ટ્સ સહિતની પ્રવૃત્તિઓ માટે નવી નીતિ અમલી બનાવવામાં આવશે. ગુજરાત સરકારે રાજ્યના વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં સાહસિક રમતોની પ્રવૃત્તિઓની દેખરેખ અને નિયમન માટે એક ફ્રેમવર્ક સ્થાપવાના ઉદ્દેશ્ય સાથે નવું બિલ રજૂ કરવાની યોજના જાહેર કરી છે. આ પ્રસ્તાવિત કાયદો સલામતીની ખાતરી કરવા અને જવાબદાર પર્યટનને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે આગામી ચોમાસુ સત્રમાં ગુજરાત વિધાનસભામાં રજૂ થવાની શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યનાં વિવિધ સ્થળોએ હાલ સ્પોર્ટ્સ એડવેન્ચર એક્ટિવિટી વધી રહી છે. આ સ્થળોએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા અને પ્રવાસનને વેગ આપવા રાજ્ય સરકાર એક નવું બિલ લાવવાનું વિચારી રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ પ્રસ્તાવિત બિલ આવતા મહિને ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન રજૂ થાય તેવી શક્યતા છે.

આ બિલ તમામ સાહસિક રમતગમતના સંચાલકો માટે કડક નોંધણી આવશ્યકતાઓને ફરજિયાત બનાવશે. સર્વિસ પ્રોવાઈડરકને જરૂરી લાઇસન્સ મેળવવા, યોગ્ય દસ્તાવેજો જાળવવા અને તેમના સાધનો નિર્ધારિત સલામતી ધોરણોને પૂર્ણ કરે છે તેની ખાતરી કરવી પડશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ કામગીરીની દેખરેખ માટે એક રેગ્યુલેટરી ઓથોરિટીની પણ નિમણૂક કરવામાં આવશે.

સૂત્રો અનુસાર, રેગ્યુલેટરી ઓથોરિટી સ્પોર્ટ્સ એડવેન્ચરના સંચાલકોને પરમિટ અને લાઇસન્સ આપવા, સાધનો અને સુવિધાઓનું નિયમિત નિરીક્ષણ કરવા, સ્પોર્ટ્સ એડવેન્ચરના સ્થળોને પ્રમાણિત કરવા, સેફટી પ્રોટોકોલનું નિરીક્ષણ અને સમયાંતરે ઓડિટ, અકસ્માતો અથવા સલામતી ભંગની તપાસ કરવા માટે જવાબદાર રહેશે. આ કાયદો પર્વતારોહણ, ટ્રેકિંગ, રણ અભિયાન, વોટર સ્પોર્ટ્સ, પેરાસેલિંગ, રોક ક્લાઇમ્બિંગ, રિવર રાફ્ટિંગ અને ઝિપ લાઇનિંગ સહિતની સાહસિક પ્રવૃત્તિઓની શ્રેણીને આવરી લેશે.

પ્રસ્તાવિત કાયદાના સલામતી પાસાઓ પર ટિપ્પણી કરતા સૂત્રોએ જણાવ્યું હતું કે, તમામ સાહસિક રમતગમતના પ્રશિક્ષકો અને માર્ગદર્શકો માટે વ્યવસાયિક પ્રમાણપત્ર ફરજિયાત બનાવવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, તેમણે તેમના સંબંધિત ક્ષેત્રોમાં પર્યાપ્ત તાલીમ અને કુશળતા દર્શાવવી પડશે. ઓથોરિટી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલા સર્ટિફાઈડ પ્રોફેશનલ્સનો ડેટાબેઝ જાળવવો પડશે તેમજ તેમના દેખાવનું નિરીક્ષણ કરવું પડશે. ■

# હવે ધોરણ-૯થી ૧૨ની સ્કૂલોમાં પણ એલસી- જીઆરમાં અટક છેલ્લે લખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગ સમક્ષ જનરલ રજિસ્ટર અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં વિદ્યાર્થીઓની અટક છેલ્લે લખવા માટે દરખાસ્ત કરી હતી. જેને મંજૂરી મળતા હવે ધોરણ-૯થી ૧૨ની સ્કૂલોમાં પણ શાળા છોડવાનું પ્રમાણપત્ર (એલસી) અને જનરલ રજિસ્ટર (જીઆર)માં વિદ્યાર્થીઓની અટક છેલ્લે લખવામાં આવશે. અગાઉ જૂન માસમાં સમગ્ર શિક્ષા દ્વારા આ અંગે પરિપત્ર કરાયો હતો. જેમાં ધોરણ-૧થી ૮માં વિદ્યાર્થીઓના અપાર આઈડી બનાવવામાં મુશ્કેલી થતી હોવાના પગલે અટક છેલ્લે લખવા માટેનો નિર્ણય કરાયો હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં જનરલ રજિસ્ટર અને શાળા છોડ્યાના પ્રમાણપત્ર કેવી રીતે તૈયાર કરીને આપવું તે અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં સૌપ્રથમ વિદ્યાર્થીની અટક લખવામાં આવતી હતી. પરંતુ હાલમાં અટકને લઈને ઘણા પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા હોવાથી શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગને જોગવાઈમાં સુધારો કરવા માટે દરખાસ્ત કરી હતી. જેમાં સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની અટક જનરલ રજિસ્ટર અને શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં છેલ્લે લખવામાં આવે તેમ જણાવાયું હતું. આ દરખાસ્તને હવે શિક્ષણ વિભાગે મંજૂરી આપી છે.

આમ, વિભાગની મંજૂરી મળતા ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના જનરલ રજિસ્ટરમાં અને શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અટક છેલ્લે લખાશે.

આ માટે સુધારેલી જોગવાઈનો ઠરાવ પણ બહાર પાડી દેવાયો છે. જેથી હવે શાળા છોડ્યાના પ્રમાણપત્ર અને જનરલ રજિસ્ટરમાં સૌપ્રથમ વિદ્યાર્થીનું નામ લખવામાં આવશે, ત્યારબાદ વિદ્યાર્થીના પિતા અથવા માતાનું નામ અને છેલ્લે અટક લખવામાં આવશે. ■

# ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રથમ ચાર સેમેસ્ટરમાં વિદ્યાર્થી જુદી જુદી ભાષા શીખી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠમાં અંડર ગ્રેજ્યુએશનમાં પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓ પૈકી જેઓ અંગ્રેજી માધ્યમના હોય તેઓએ ગુજરાતી વિષય અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ હોય તેઓએ ફરજિયાત અંગ્રેજી વિષયનો અભ્યાસ કરવો પડશે. આ ઉપરાંત ચોથા સેમેસ્ટરમાં સંસ્કૃત, પ્રાકૃત સહિત ફ્રેંચ, જર્મન સહિતની ભાષા શીખવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

નવી એજ્યુકેશન પૉલિસી પ્રમાણે હવે ગૂજરાત વિદ્યાપીઠમાં પહેલા વર્ષમાં પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓએ ફરજિયાત ભાષા શીખવવામાં આવશે. જેમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ હોય તો તેઓને અંગ્રેજી ભાષા શીખવવામાં આવશે. આ જ રીતે અંગ્રેજી ભાષાના વિદ્યાર્થીઓ હોય તો તેઓએ પહેલા સેમેસ્ટરમાં ગુજરાતી ભાષા શીખવી પડશે. આ માટે બે ક્રેડિટનો કોર્સ ડિઝાઇન કરવામાં આવશે. આ જ રીતે ત્રીજા સેમેસ્ટરમાં હિન્દી કે સંસ્કૃત પૈકી કોઇપણ એક ભાષા શીખવવામાં આવશે. વિદ્યાર્થી ચોથા સેમેસ્ટરમાં આવે ત્યારે પંજાબી, મલયાલમ, કન્નડ, તેલુગુ, તમિલ, ઉર્દૂ, સિંધી, બંગાલી જેવી ભારતીય ભાષાઓની સાથે સાથે ફ્રેન્ચ, સ્પેનીસ, જર્મન, ચાઇનીસ, જાપાનીસ જેવી વિદેશી ભાષાઓની સાથે સાથે અપભ્રંશ પાલી, પ્રાકૃત, અર્ધમાર્ગી જેવી ભાષાઓ પણ શીખવવામાં આવશે. આમ, પહેલા ચાર સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓ કોઇપણ પ્રકારના વધારાના ખર્ચ વગર અભ્યાસના ભાગરૂપે આ ચાર અલગ અલગ ભાષાઓ શીખી શકશે. સામાન્ય રીતે વિદેશ જતાં વિદ્યાર્થીઓ અલગથી વિદેશ ભાષાઓ શીખતાં હોય છે પરંતુ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ હવે અભ્યાસના ભાગરૂપે પસંદ કરે તે ભાષા શીખી શકશે. ■

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પીજી સંચાલકો માટે નવી એસઓપી જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં અત્યાર સુધી પીજીને લગતા કોઇ નિયમો નહોતા. હાલ શહેરની અનેક સોસાયટી, ફ્લેટોમાં પીજી ચાલી રહ્યા છે, જેમાં મારામારી કે સોસાયટીના રહીશો સાથે માથાકૂટ થતી હોવાની ઘટના સામે આવી હતી. પીજીને લઈ વધી રહેલી ફરિયાદોને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નવી પૉલિસી જાહેર કરી હતી. જે મુજબ પીજીને પણ હવે હૉસ્ટેલ, લોજિંગ કે બોર્ડિંગની વ્યાખ્યામાં સમાવવામાં આવ્યા હતા. જેના કારણે પીજી ચલાવનાર વ્યક્તિએ પણ હૉસ્ટેલને લગતાં જીડીસીઆરના નિયમોનું પાલન કરવું પડશે. જો પાલન ન થાય તો મ્યુનિસિપલ કોર્પોરેશન આવા પીજી બંધ કરાવી દેશે. હૉસ્ટેલ પ્રકારના ઉપયોગ માટે ૩૦ દિવસમાં મ્યુનિ. સમક્ષ સંચાલકોએ અરજી કરવાની રહેશે. જો તેમાં વિકાસ પરવાનગી સહિતની તમામ જોગવાઈઓનું પાલન થતું હોય તો પરવાનગી અપાશે નહીં તો નિયમો અનુસાર પગલા લેવાશે.

હાલ હૉસ્ટેલ, લોજિંગ કે બોર્ડિંગ ચાલી રહ્યા છે, તેમણે આ બાંધકામ સમયે લેવાયેલી વિકાસ પરવાનગી તથા બીયુ ફરીથી લેવું પડશે. જે લોકો મ્યુનિ.ની હદમાં હૉસ્ટેલ, લોજિંગ કે બોર્ડિંગ ચલાવતા હોય તેમને ૩૦ દિવસમાં મ્યુનિ.માં પરવાનગી લેવી પડશે. જો વ્યક્તિઓ હોમ સ્ટે કરાવતા હોય તેવા લોકોએ હોમ સ્ટેની રાજ્ય સરકારની પોલિસી હેઠળ મંજૂરી મેળવવાની રહેશે અને તે મંજૂરી મ્યુનિ.માં રજૂ કરવાની રહેશે.

આ ઉપરાંત હવેથી કોઈપણ પીજીએ સોસાયટીની એનઓસી વગર ચલાવી શકાશે નહીં. આ જોગવાઈ પીજીના કારણે થતી સમસ્યાઓ સામે સોસાયટીઓને સત્તાવાર અધિકાર આપશે. પીજી ચલાવવા માટે એએમસી દ્વારા ફાયર સેફ્ટી, પોલીસ અને એસ્ટેટ વિભાગની મંજૂરીઓ ફરજિયાત કરવામાં આવી છે. આનાથી પીજીમાં રહેતા વિદ્યાર્થીઓ કે નોકરિયાતોની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત થશે. હૉસ્ટેલની વ્યાખ્યામાં સમાવેશ થતાં હવે પીજી સંચાલકોએ ૨૦ ટકા પાર્કિંગની જોગવાઈનું પાલન કરવું પડશે. આનાથી પાર્કિંગની સમસ્યા હળવી થશે. ■

# ગુજરાતમાં આવેલા સર્કિટ હાઉસનું ખાનગીકરણ થશે, લોકોને મળશે ફાઈવ સ્ટાર સુવિધાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં આવેલા સરકારી સર્કિટ હાઉસની સેવા ફાઈવ સ્ટાર હોટેલ કક્ષાની બનાવવામાં ગુજરાત સરકારે પ્રયાસો શરૂ કર્યા છે. ગુજરાત સરકારે સોમનાથ, અંબાજી તેમજ દ્વારકાના સર્કિટ હાઉસ ઉપરાંત અમદાવાદ સહિતનાં સાત મહાનગરોમાં પણ સર્કિટ હાઉસ હવે પીપીપી મોડમાં ચલાવવામાં આવશે. સકિટ હાઉસના સંચાલનનું ખાનગીકરણ કરવા માટે સરકારે પોતાની ઔપચારિકતા પૂરી કરી છે. રાજ્યના આ સર્કિટ હાઉસ હવે નેતાઓ કે બાબુઓ જ નહીં, સામાન્ય લોકોને રોકાવા માટેની પણ સુવિધા પૂરી પાડશે. જો કે સામાન્ય લોકો પ્રિમિયમ ચાર્જ ચૂકવીને રોકાઇ શકશે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગે ટેન્ડર બહાર પાડવાનું નક્કી કર્યું છે.

ટેન્ડર માટેની શરતો અનુસાર ત્રણ યાત્રાધામોના સર્કિટ હાઉસ દસ વર્ષ માટે જ્યારે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, જામનગર અને જૂનાગઢના સર્કિટ હાઉસને ત્રણ વર્ષ માટે પીપીપી ધોરણે ખાનગી સંચાલકોને અપાશે. સર્કિટ હાઉસની માલિકી સરકારની રહેશે પરંતુ તેનું સંચાલન, રેસ્ટોરન્ટ અને કેટરિંગ, આવકો સહિતનો હિસાબ, રૂમ સર્વિસ, સિવિલ, ફર્નિશિંગ, સફાઇ તથા ઇલેક્ટ્રિક વર્ક ખાનગી કોન્ટ્રાક્ટરના શિરે રહેશે. આ અતિથિ ગૃહોના સંચાલકોને ૫ સ્ટાર કે ૪ સ્ટાર હોટલોના સંચાલનનો અનુભવ હોવો જોઇશે. દિલ્હીના ગરવી ગુર્જરી અતિથિ ગૃહનું મોડલ અપનાવાશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રૂમના ભાડાં અંગે હજુ સુધી કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરંતુ સરકાર ખાનગી સંચાલકો અને સ્ટેક હોલ્ડર્સ સાથે બેઠક કરીને આ માટે નિર્ણય કરશે. આ માટે કેટલીક શરતોનું પણ પાલન કરવું પડશે. જેમકે, જો સરકારી પ્રતિનિધિને રૂમ જોઇતો હશે તો રોકાણના ૨ દિવસ અગાઉ જાણ કરવાથી સરકારી દરે અને ૧ દિવસ અગાઉ બુકિંગ કર્યું હોય તો સંચાલક એજન્સીના રેટ મુજબ ચૂકવણી કરવાની રહેશે. જો અગાઉથી બુકિંગ ન કરાવ્યું હોય તો રૂમ આરક્ષિત રહેશે નહીં. કુલ રૂમના ૨૫ ટકા રૂમ સરકાર માટે આરક્ષિત રાખવાના રહેશે, જે પૈકી ૨ રૂમ વી.વી.આઇ.પી. માટે કાયમી આરક્ષિત રહેશે. સરકારને ચૂંટણી કે જાહેર કાર્યક્રમ માટે જ્યારે સમગ્ર સર્કિટ હાઉસના રૂમોની જરૂર પડે ત્યારે સરકાર પોતાના નિયમ મુજબ ખાનગી સંચાલકને રૂમ બુકિંગ અને અન્ય હોસ્પિટાલિટી માટે ખર્ચ ચૂકવશે.

સરકારી રાહે ચાલતાં આ અતિથિ ગૃહોનું ખાનગી કરણ કરવાનો રાજ્ય સરકારનો મુખ્ય હેતુ આવકનું સાધન ઊભું કરવાનું છે. આ માટે હજુ સુધી ચોક્કસ રકમ નક્કી કરાઇ નથી, પરંતુ હરાજીની માફક જે ખાનગી સંસ્થા સૌથી ઊંચી બોલી રજૂ કરે તેને સંચાલનની જવાબદારી સોપાશે. રૂમના ભાડાં અંગે હજુ સુધી કોઇ સ્પષ્ટતા કરાઇ નથી, પરંતુ સરકાર ખાનગી સંચાલકો અને સ્ટેક હોલ્ડર્સ સાથે બેઠક કરીને આ માટે નિર્ણય કરશે. આમ સર્કિટ હાઉસ ચલાવવાના ખર્ચા સામે સરકાર પોતાની આવક ઊભી કરશે. ■

# પાંચ વર્ષમાં ગુજરાતમાં નવા ૩૭.૫૬ લાખ એમએસએમઈ નોંધાયા, પ્રધાન શોભા કરંદલાજેએ રાજ્યસભામાં માહિતી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં ૩૭,૫૬,૩૯૦ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની (એમએસએમઈ) નવી નોંધણી થઈ છે. જ્યારે આ જ સમયગાળામાં ૮,૭૭૯ એમએસએમઈ બંધ થયા છે તેમ રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ કરેલા પ્રશ્નના જવાબમાં રાજ્યકક્ષાના કેન્દ્રીય એમએસએમઈ પ્રધાન શોભા કરંદલાજેએ જણાવ્યું હતું.

ભારતમાં એમએસએમઈ પર વૈશ્વિક આર્થિક મંદીની કેટલી અસર થઈ છે અને આ મુશ્કેલ સમયમાં આ ક્ષેત્રને ટેકો આપવા માટે સરકારે કયાં પગલાં લીધા છે, તેવા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક પડકારોને ધ્યાનમાં રાખીને એમએસએમઈ ક્ષેત્રને સુદૃઢ બનાવવા અને ટેકો આપવા ભારત સરકારે વિવિધ પગલાં લીધાં છે. આત્મનિર્ભર ભારત ફંડ દ્વારા રૂ. ૫૦,૦૦૦ કરોડનો મૂડી ઉમેરો કરાયો છે. એમએસએમઈની સ્થિતિમાં સુધારો થાય તો બિન-કરવેરા લાભો ૩ વર્ષ માટે લંબાવાયા છે. રૂ. ૨૦૦ કરોડ સુધીની ખરીદી માટે કોઈ વૈશ્વિક ટેન્ડરની જરૂર નથી. પ્રાધાન્યતા ક્ષેત્ર ધિરાણ હેઠળના લાભો પ્રાપ્ત કરવા અનૌપચારિક સૂક્ષ્મ સાહસોને ઔપચારિક દાયરામાં લાવવા ઉદ્યમ સહાય પ્લેટફોર્મ (યુએપી)નું લોન્ચિંગ કરાયું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે એમએસએમઈ મંત્રાલયની સૂક્ષ્મ અને લઘુ સાહસો (એમએસઈઝ) માટેની ક્રેડિટ ગેરંટી યોજના હેઠળ, જે સભ્ય ધિરાણ સંસ્થાઓ એમએસઈઝને થર્ડ પાર્ટી ગેરંટર વગર શાખ પૂરી પાડે છે. શાખના ઘટાડેલા ખર્ચે રૂ. ૨ લાખ કરોડનું વધારાનું ધિરાણ મેળવી શકાય તે માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪માં જાહેર કરાયા મુજબ, એમએસએમઈ માટે ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટના ભંડોળમાં રૂ. ૯,૦૦૦ કરોડનું વધારાનું ભંડોળ ઉમેરવામાં આવ્યું હતું. ■

# બનાસકાંઠા ઢુવા ગામમાં દારૂ વેચનાર કે પિનારનું મુંડન કરી ગધેડા પર વરઘોડા કાઢવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમાજની સામે દારૂનું વ્યસન સૌથી મોટો પડકાર બનીને ઊભો છે, ત્યારે બનાસકાંઠા જિલ્લાના એક ગામે દારૂની બદીને નાથવા માટે એક અનોખો પ્રયાસ કર્યો અ્હે. ડીસા તાલુકાના ઢુવા ગામે દારૂના વેચાણ અને સેવન કરનારનું સામાજિક બહિષ્કાર ઉપરાંત મુંડન કરીને ગધેડા પર જુલૂસ કાઢવાનો ગામલોકોએ નિર્ણય કર્યો હતો.

મળતી વિગતો અનુસાર આશરે સાતેક હજારની વસ્તી ધરાવતા ડિસા તાલુકાના ઢુવા ગામના લોકો દારૂના દૂષણથી ત્રસ્ત થઈ ગયા છે અને દારૂનું દૂષણ એટલું વ્યાપી ગયું છે કે યુવાનોની સાથો સાથ બાળકો પણ દારૂના રવાડે ચડેલા છે. જેના કારણે અનેક લોકોના અકાળે મોત પણ થઇ ચૂક્યા હોય અંતે ગામ લોકોએ અંબાજી મંદિર ખાતે યોજાયેલી ગ્રામસભામાં એકજૂટ થઈને દારૂબંધીનો નિર્ણય કર્યો હતો.

ગામ લોકો દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર ઢુવા ગામની અંદર કોઈ પણ વ્યક્તિ દારૂનું સેવન કે વેચાણ કરી શકશે નહીં. તે ઉપરાંત બહારગામનો કોઈ વ્યક્તિ જો દારૂ વેચતો પકડાશે તો તેને ઢુવા ગામમાં મુંડન કરીને ગધેડા પર વરઘોડો કાઢવામાં આવશે અને ૧૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. ગામમાં દારૂ વેચનારાઓને આ નિયમોનું પાલન નહીં કરે તો પંચાયત દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાશે. ■

# સંસ્થા સમાચાર

## હેલ્થ ચેક અપ કેમ્પ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા ૮ ઑગસ્ટે સંસ્થાના સદસ્યો માટે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કર્યું છે. આ ચેક અપ કેમ્પમાં વિવિધ ટેસ્ટ કરવામાં આવશે. જેનો ખર્ચ એક હજાર રૂપિયા થાય છે, પરંતુ સંસ્થા દ્વારા માત્ર ૩૦૦ રૂપિયામાં આ તપાસ કરવામાં આવશે. એના માટે સદસ્યોએ સંસ્થામાં વહેલાસર નામ નોંધાવવાનાં રહેશે.

## રાહતદરે સ્કૂલ કિટ વિતરણ

શ્રી વિસા સોરઠીયા વણિક નયુવક મંડળથ કાંદિવલીમાં વિવિધ દાતાઓના સહયોગથી રાહતદરે સ્કૂલ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એમાં ધોરણ એકથી દસના વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, વૉટરબોટલ, લંચબૉક્સ, કંપાસ, પેપર ફાઇલ બેગ અને ડિલક્સ લોંગ બુક ૧૦૦ રૂપિયાના ભાવે આપવામાં આવી હતી. તેમના આ કાર્યની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

## આઝાદીનો મહોત્સવ

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા બીજી ઑગસ્ટે આઝાદીનો મહોત્સવ નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. એમાં રાષ્ટ્રકવિ પ્રદીપજીને તેમના દ્વારા રચવામાં આવેલાં ગીતોના માધ્યમથી સ્મરણાંજલિ આપવામાં આવશે. આ ઈવેન્ટ કલા ગુર્જરી કાર્યાલય, દશરથલાલ જોષી લાઈબ્રેરી, વિલેપાર્લે વેસ્ટમાં સાંજે સાડા છ કલાકે શરૂ કરવામાં આવશે.

## અભિનયની કાર્યશાળા

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા)એ ૨૧ સપ્ટેમ્બરે એક દિવસની અભિનયની કાર્યશાળાનું આયોજન કર્યું છે. એમાં અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા સુરેશભાઈ રાજડા માર્ગદર્શન આપશે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છુક લોકોએ અગાઉથી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. એના માટે કલા ગુર્જરી કાર્યાલય, દશરથલાલ જોષી લાઈબ્રેરી, વિલેપાર્લે વેસ્ટમાં આવવાનું રહેશે. ભાગ લેનારા સૌને સર્ટિફિકેટ આપવામાં આવશે.

## પાણિનીય શિક્ષાનો ઓનલાઇન અભ્યાસ

ભારતીય વિદ્યા ભવન દ્વારા એક ઑગસ્ટથી ત્રણ મહિના સુધી પાણિનીય શિક્ષાનો ઓનલાઇન અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. એમાં મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિની દ્વારા ભાષાશાસ્ત્ર, સ્વર-વિજ્ઞાન અને વર્ણોચ્ચારણ વિશે લિખિત ગ્રંથ પાણિનીય શિક્ષા વિષયક ત્રણ મહિનાનો હિન્દીમાં સંચાલિત કરવામાં આવશે. એક ઑગસ્ટથી દર શુક્રવારે બપોરે બે વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી આ ઓનલાઇન ક્લાસ ચલાવવામાં આવશે. આ અભ્યાસક્રમમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પોતાનું પૂરું નામ, સરનામું અને મોબાઈલ નંબરની માહિતી નિર્દેશક, અનુસ્નાતક અને સંશોધન વિભાગ, ભારતીય વિદ્યા ભવન, કુલપતિ મુન્શી માર્ગ, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭ પર મોકલવાનું રહેશે.

## ૨૪ જિન દિક્ષા કલ્યાણક તપ શુભારંભ

પ.પૂ.આ. દેવ શ્રી વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આ. દેવ શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્ય પ.પૂ. મુનીરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ ઠાણા-૫નો ચાતુર્માસ પ્રવેશ થાણા (પ)ના શ્રી વાગડ વિસા ઓસવાલ શ્વે. મૂર્તિ તપાગચ્છ જૈન સંઘના મામા-ભાણેજ કલાપૂર્ણસૂરી આરાધના ભવનમાં થયો. ચોવીસ તીર્થંકર દિક્ષા લેવા સમયે જે તપ કરે તેને ૨૪ જિન દિક્ષા તપ કહેવાય. જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા છે. આ તપની પૂર્ણાહુતિ ૧૧ સપ્ટેમ્બરે અને પારણા ૧૨ સપ્ટેમ્બરે થશે.

## ઓપરેશન સિંદૂર કાવ્ય સ્પર્ધાના પરિણામ

પ્રગતિ મિત્ર મંડળ દ્વારા ઓપરેશન સિંદૂર કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ૩૭ લોકોએ ભાગ લીધો હતો. આ આયોજિત સ્પર્ધાના વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા.

## એકતાની ભાવના મજબૂત કરવાની પહેલ

મુલુંડના વૈશાલી નગરમાં તાજેતરમાં એક કાર્યક્રમ અંતર્ગત સંત રામપાલજી મહારાજ દ્વારા લિખિત નજ્ઞાનગંગાથ અને નજગવાનો માર્ગથ નામના ગ્રંથનું વિતરણ કરવામાં આવ્યું હતું. એનો ઉદ્દેશ માત્ર એટલો હતો કે ધાર્મિક મતભેદો ટાળીને તમામ ધર્મના લોકોમાં એકતા અને બંધુત્વની લાગણી રહે. સાથે જ આ ગ્રંથમાં શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને જીવનનો સાચો અને મોક્ષનો માર્ગ દેખાડવામાં આવ્યો છે.

## સમૂહ જનોઈનું આયોજન

બ્રાહ્મણ સેવા સમાજના ૪૯માં વર્ષ નિમિત્તે ૧૬ નવેમ્બરના દિવસે કાંદિવલી ખાતે સમૂહ યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે બટુક દીઠ અનુદાન સ્વીકારવામાં આવશે. પૂજા સામગ્રી તથા પીતાંબર સંસ્થા તરફથી આપવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે નામ નોંધાવવાના રહેશે. એના માટે કાંદિવલી સ્થિત સંસ્થાનો સંપર્ક સાધવાનો રહેશે.

નવમા પાનાનું ચાલુ

### બદનક્ષીનો દાવો

અઠવાડિયે પરબે આરોપ લગાવ્યો હતો કે મુંબઈમાં એક 'ડાન્સ બાર' ને કદમની માતાના નામે પરવાનગી છે. પરબે આરોપ લગાવ્યો હતો કે આ સંઘર્ષ હિતનો છે કારણ કે પ્રધાન જે વિભાગનો ભાગ છે તેમાં વ્યવસાયિક હિત રાખી શકતા નથી. ૩૦ મેના રોજ પોલીસે મુંબઈના કાંદિવલી વિસ્તારમાં 'સાવલી' બાર પર દરોડો પાડ્યો હતો અને ૨૨ બાર ડાન્સર્સ, ૨૨ ગ્રાહકો અને ચાર સ્ટાફ સભ્યોની ધરપકડ કરી હતી, એમ પરબે રાજ્ય વિધાન પરિષદમાં આરોપ લગાવ્યો હતો. પરબે મંગળવારે જણાવ્યું હતું કે ૨૮ મે ૨૦૨૩ ના રોજ બારમાં આ જ ગુના માટે બે વાર અને ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

### નિર્દોષ જાહેર થયેલા

તમામ આરોપોમાંથી મુક્ત કરી દીધો હતો. અદાલતે ૧૨ શખ્સમાંથી પાંચને ફાંસી અને સાતને આજીવન કેદની સજા ફટકારી હતી. મૃત્યુદંડની સજા પામેલા દોષિતોમાંથી એકનું ૨૦૨૧માં મૃત્યુ થયું હતું.

શિક્ષકની નોકરી કરતા શેખ, એટીએસ દ્વારા ૧૨ વ્યક્તિ પર ગુજારવામાં આવેલા ત્રાસ સામે અવાજ ઉઠાવ્યો હતો. શેખ જ્યારે જેલમાં હતો ત્યારે તેણે 'બેગુનાહ કૈદી' નામનું પુસ્તક લખ્યું હતું.

શેખે જણાવ્યું હતું કે 'ટ્રેન બોમ્બ વિસ્ફોટો પાછળના અસલી ગુનેગારોની ધરપકડ થાય એ માટે હાઈ કોર્ટના ન્યાયમૂર્તિની અધ્યક્ષતામાં વિશેષ તપાસ ટુકડીની રચના કરીને સરકારે આ કેસની ફરીથી તપાસ કરવી જોઈએ.'

શેખની અન્ય માગણીઓમાં એટીએસ તરફથી તપાસ માટે માફી, નિર્દોષ હોવા છતાં ૧૯ વર્ષ જેલની સજા ભોગવનારા ૧૨ શખ્સને વળતર પેટે રૂ.૧૯ કરોડ અને તેમના માટે સરકારી નોકરીઓ અને મકાનોનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

### પ્રશાસન ભિખારે છે

મહારાષ્ટ્રમાં પાંચથી સાડા પાંચ લાખ બોગસ અરજીઓ મળી હતી. આ ઘટના મારા કાર્યકાળ દરમિયાન બની હતી. તે પછી અમે તાત્કાલિક તે બોગસ અરજીઓ રદ કરી અને કેટલીક નવી જાહેરાતો કરી.

### 'તો હું રાજીનામું

આવો કોઈ મોબાઈલ નંબર કે બેંક ખાતું નથી. કોઈને પણ પૂછો, ઓનલાઈન રમી લોન્ચ થઈ ત્યારથી મેં એક રૂપિયાની પણ રમી નથી રમી. મને રમી રમતા આવડતી પણ નથી. તેથી, મારા પરના આરોપો પાયાવિહોણા છે.

### ફડણવીસે

રાજ્યો ૨૫ ટકાથી ઉપર છે. મહારાષ્ટ્ર તે સ્થિતિમાં નથી. અમે પાક વીમા અંગે કેટલાક સારા નિર્ણયો લીધા છે. પાક વીમાની અગાઉની વ્યવસ્થા ખેડૂતોને ફાયદો કરાવતી હતી. જોકે વીમા કંપનીઓને વધુ ફાયદો થઈ રહ્યો હતો. તેથી અમે તે વ્યવસ્થા બદલી અને બીજો મોટો નિર્ણય લીધો. રાજ્યના કૃષિ ક્ષેત્રમાં દર વર્ષે ૫, ૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. પાંચ વર્ષમાં અમારી સરકાર રાજ્યના કૃષિ ક્ષેત્રમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આનાથી કૃષિ ક્ષેત્રને ઘણો ફાયદો થશે, એમ ફડણવીસે કહ્યું હતું.

### નિર્દોષ છૂટેલા ૧૨ને

પેન્શન બંધ કરવું જોઈએ. આ વિસ્ફોટો પાછળના અસલી ગુનેગારોને ઓળખી કાઢવા અને આ ૧૨ વ્યક્તિને કોણે ખોટી રીતે ફસાવી હતી તે અંગેનું સત્ય બહાર લાવવા માટે એક નવી વિશેષ તપાસ ટુકડી (એસઆઇટી)ની રચના કરવી જોઈએ.

મુંબઈના માનખુર્દ શિવાજી નગર વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા આઝમીએ કહ્યું હતું કે આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા એથી હું રાજી થયો છું. પહેલા દિવસથી જ મેં કહ્યું હતું કે ધરપકડ કરાયેલી વ્યક્તિઓ નિર્દોષ છે અને તેમને આ કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવી છે. (પીટીઆઈ)

### એમવીએ સરકારના

ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. સંપાદકીયમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે આરોપ મૂક્યો હતો કે એમપી અને એમએલએને બ્લેકમેઇલ કરવામાં આવ્યા હતા. વિજય વડેટ્ટીવાર વિપક્ષના ભૂતપૂર્વ નેતા હોવાથી તેમની ટિપ્પણીને ગંભીરતાથી લેવી જ જોઇએ.

પેગાસસ ઇઝરાયલની સાયબર-આર્મ્સ કંપની એનએસઓ ગ્રુપ દ્વારા વિકસાવવામાં આવેલું સ્પાયવેર છે. ભાજપ પાસે હની ટ્રેપ કરવાની વ્યવસ્થા હતી અને પોલીસે પણ વિપક્ષ પર નજર રાખી હતી એમ સામનામાં જણાવવામાં આવ્યું છે. (પીટીઆઈ)

### ગણેશોત્સવ મંડળોને

સાર્વજનિક ગણેશોત્સવ મંડળો સાર્વજનિક અથવા ખાનગી જગ્યા પર મંડપ ઊભા કરે છે. આ તમામ ગણેશ મંડળો માટે પાલિકા વિવિધ સુવિધા ઉપલબ્ધ કરી આપે છે. પાલિકાની વેબસાઈટ પર મિનિટોમાં મંડળોને મંડપ માટે પરવાનગી અને અરજીને રીન્યુ કરી શકાય છે.

મંડળોને કમ્પ્યુરાઈસ્ડ સિસ્ટમથી અરજી ભર્યા બાદ સ્થાનિક પોલીસ અને સ્થાનિક ટ્રાફિક પોલીસ પાસેથી નો-ઓબ્જેક્શન મેળવવા માટે તેમની પાસે જવાની જરૂર નથી. આ તમામ પ્રક્રિયા પાલિકાના વોર્ડ સ્તર પર આસિસ્ટન્ટ કમિશનર અને ઝોન સ્તરે ડેપ્યુટી કમિશનરના માર્ગદર્શનમાં ઓનલાઈન થાય છે. તેથી મંજૂરીઓ મેળવવા માટે જુદી જુદી જગ્યાએ ધક્કા ખાવાથી છૂટકારો મળશે.

### સ્યુએજ ટ્રીટમેન્ટ

શુદ્ધીકરણનો અમલ કરશે. અત્યાર સુધીમાં આ પ્લાન્ટનું ફક્ત ૩૦થી ૪૨ ટકા કામ થયું છે.

એસટીપીમાં ૨,૪૬૪ મિલ્યન લિટર ગંદા પાણી પર પ્રક્રિયા થશે, તેમાંથી ૫૦ ટકા પાણી પ્રક્રિયા બાદ દરિયામાં છોડવામાં આવશે તો બાકીનું ૫૦ ટકા પાણી ઈંધણ કંપની, નેવી સ્પોર્ટ ક્લબ વગેરેને વેચવામાં આવશે. ભવિષ્યમાં કદાચિત ૧૦૦ ટકા પાણી પર પ્રક્રિયા કરીને તેને પીવા સિવાયના અન્ય કામ માટે વધતી લોકસંખ્યાના હિસાબે ૨૦૫૧ સુધી વાપરવાનું પાલિકાનું આયોજન છે.

નવા એસટીપીને કારણે દરિયાના પાણીની ગુણવત્તાની સાથે જ દરિયાઈ જીવનમાં સુધારણા થશે. તેમ જ એસટીપી પ્લાન્ટ અંતર્ગત પાણી પર પ્રક્રિયા બાદ છેવટે બાકી રહેલા કાદવ(ગાળ)માંથી ખાતર અથવા ઈંધણનું રૂપાંતર કરવાની પાલિકાની યોજના છે.

## સ્યુએજ વોટરથી પાલિકાને આવક

કોલાબા પ્રોજેક્ટનું કામ પૂરું થયું હોઈ તે શરૂ થઈ ગયો છે. કોલાબા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણી પર પ્રક્રિયા કર્યા બાદનું પાણી નેવીને ઓછા દરે વેચવામાં આવે છે. એક ખાનગી ક્લબને પણ પાણી વેચવામાં આવે છે. ઘાટકોપર એસટીપીમાંથી પ્રક્રિયા કરેલા પાણીને એચપીસીએલ જેવી ઈંધણ કંપનીને આપવામાં આવે છે. તેમાંથી પાલિકા પૈસા કમાઈ રહી છે

## એસટીપીમાં વીજનું ઉત્પાદન

સાત સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઠેકાણે ગંદા પાણી પર પ્રક્રિયા કર્યા બાદ નિર્માણ થનારા બાયોગૅસમાંથી વીજળીનું ઉત્પાદન કરવામાં આવવાનું છે. સાત કેન્દ્રમાં આવશ્યક વીજળીની સરખામણીમાં ઓછામાં ઓછી ૨૦ ટકા વીજનું ઉત્પાદન કરવામાં આવવાનું છે. આ વીજળીનો ઉપયોગ એસટીપીમાં જ કરવામાં આવવાનો છે, તેનાથી વીજળીના ખર્ચમાં બચત થશે.

## સાત એસટીપી ખર્ચ૧૭,૧૮૨ કરોડ રૂપિયા

પાલિકા સાત જગ્યાએ એસટીપી બનાવી રહી છે, જેમાં વરલીમાં પ્રતિદિન ૫૦૦ મિલ્યન લિટર પાણી પર પ્રક્રિયા થશે. આ પ્રોજેક્ટ પાછળ ૫,૯૯૫.૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો હોઈ તે જુલાઈ ૨૦૨૭ સુધીમાં શરૂ થશે. બાન્દ્રા એસટીપીમાં પ્રતિ દિન ૩૬૦ મિલ્યન લિટર પાણી પર પ્રક્રિયા કરાશે. આ એસટીપી માટે ૪,૪૨૯.૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને જુલાઈ ૨૦૨૭ સુધીમાં ચાલુ થશે. મલાડ એસટીપીમાં પ્રતિદિન ૪૫૪ એમએલડી પાણી પર પ્રક્રિયા થશે.

### પતિની હત્યા કરી

વિજયનાં લગ્ન ૧૦ વર્ષ અગાઉ ચમનદેવી સાથે થયાં હતાં અને દંપતીને સાત વર્ષનો પુત્ર પણ છે. ચમનદેવીને પડોશમાં રહેતા બી.એસ.સી.ના વિદ્યાર્થી મોનુ સાથે અફૅર હતું. આ વાતને લઈ દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. પોલીસને શંકા છે કે આ જ કારણસર વિજયની હત્યા કરવામાં આવી હોઈ શકે.

હાલમાં જ વિજયને પૉલિસીના ચાર લાખ રૂપિયા મળ્યા હતા. એ સિવાય તેના બૅન્ક ખાતામાં બેથી ત્રણ લાખ રૂપિયા હતા. હત્યા બાદ તેના ખાતામાંથી નાલાસોપારાનાં વિવિધ એટીએમમાંથી નાણાં કઢાવવામાં આવ્યાં હોવાનું પણ તપાસમાં જણાયું હતું. પોલીસ મૃતદેહ વિજયનો હોવાની ખાતરી કરવા તેના ભાઈ સાથે ડીએનએ ટેસ્ટ કરાવવા માગે છે.

### આરોપીઓને ત્રાસ

ફટકારી હતી. ટ્રાયલ કોર્ટનો આ નિર્ણય કોઈ સામાન્ય નિર્ણય નહોતો, આ ખૂબ મોટો ચુકાદો હતો. ટ્રાયલ કોર્ટમાં ચુકાદો અમારા પક્ષમાં આવ્યો હતો, પરંતુ હવે ૧૦ વર્ષ પછી હાઈકોર્ટમાં ચુકાદો અમારી વિરુદ્ધ આવ્યો છે. અમે આ કેસની ખૂબ સારી રીતે તપાસ કરી છે. ઉચ્ચ અદાલતમાં અપીલ માટે અમારો કેસ ખૂબ જ મજબૂત છે.''

રોયે ભારપૂર્વક જણાવ્યું કે, એ ઇતિહાસ છે કે સમગ્ર ભારતમાં, જ્યારે પણ કોઈ પણ કેસમાં કોઈ પણ આરોપીની કબૂલાતના નિવેદન આપ્યા પછી ટ્રાયલ શરૂ થઈ છે, ત્યારે તેણે દર વખતે પોતાનું નિવેદન બદલ્યું છે. દરેક કેસમાં આરોપી કહે છે કે આ નિવેદન મને ત્રાસ આપીને લેવામાં આવ્યું હતું. આ કંઈ નવું નથી. આ મુદ્દો ટ્રાયલ કોર્ટમાં પણ ઉઠાવવામાં આવ્યો હતો. કોર્ટના આદેશ પર તમામ આરોપીઓની તબીબી તપાસ કરવામાં આવી, કોર્ટરૂમમાં યોગ્ય દલીલો થઈ અને અંતે કોર્ટે ત્રાસ અપાયાના આરોપોને યોગ્યતાના અભાવે ફગાવી દીધા. બધા સાક્ષીઓને ટ્રાયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

### મુંબઈમાં જોરદાર વરસાદ

વાગ્યા સુધીના ૨૪ કલાકમાં દક્ષિણ મુંબઈમાં ૬૫.૬૯ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૪૮.૮૭ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૬૧.૯૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ દરમ્યાન હવામાન વિભાગે સવારના અને ત્યારબાદ સાંજના મુંબઈ સહિત થાણે, પાલઘર સહિત રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપી હતી, એ મુજબ અનેક વિસ્તારમાં જોરદાર ઝાપટાં પડી ગયા હતા. સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં ૮.૭૪ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૮.૪૨ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૩.૮૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જ ણાવ્યા મુજબ દક્ષિણ ઓરિસ્સા અને આસપાસના વિસ્તારમાં અપર ઍર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાવાની સાથે જ ઉત્તર-મધ્ય કર્ણાટકથી દક્ષિણ તરફ એક પૂર્વીય-પશ્ચિમી ટર્ફ ફેલાયેલો છે. એ સિવાય ૨૪ જુલાઈની આસપાસ બંગાળના ઉપસાગર પર સંભવિત લો પ્રેશર સર્જાવાની શક્યતા સહિત બદલાતી વેધર સિસ્ટમને કારણે રાજ્યમાં ૨૧થી ૨૭ જુલાઈ, ૨૦૨૫ સુધી વરસાદનું જોર રહેશે.

### ફડણવીસ હોશિયાર

ભાજપના અન્ય સભ્યોથી અલગ પાડે છે. તેમણે કાયદાની ડિગ્રી, બિઝનેસ, મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી અને બર્લિનથી પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં ડિપ્લોમા મેળવ્યા છે, એમ ઉદ્ધવે જણાવ્યું હતું.

હકીકત એ છે કે તેમનું પુસ્તક જટિલ મુદ્દાઓને સરળ ભાષામાં રજૂ કરવાની તેમની ક્ષમતાનું સૂચક છે. ફડણવીસે હંમેશાં કેન્દ્રમાં સામાન્ય માણસ સાથે કામ કર્યું છે. તેમણે નઝુલ જમીનના નવીનીકરણ જેવા મુદ્દાઓ માટે ઉગ્ર લડત આપી હતી અને મજૂરો તેમજ ઝૂંપડપટ્ટીવાસીઓના હક માટે અવાજ ઉઠાવ્યો હતો. ૨૦૧૪માં ૪૪ વર્ષની ઉંમરે તેઓ મહારાષ્ટ્રના બીજા સૌથી નાની ઉંમરના મુખ્ય પ્રધાન બન્યા હતા. ફડણવીસે તેમની રાજકીય કારકીર્દિને સાંસ્કૃતિક અને સામાજિક જોડાણ આપ્યું હતું, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ઉદ્ધવ ઠાકરેએ લેખમાં જણાવ્યું હતું કે ગંગાધરરાવ ફડણવીસે મહારાષ્ટ્રના રાજકારણમાં એક આદર્શ રાજકારણી તરીકેની પોતાની છબી ઊભી કરી હતી. દેવેન્દ્ર ગંગાધરરાવ ફડણવીસ આ વારસાને અત્યંત પરિશ્રમ અને તાકાતથી આગળ વધારવાનું કામ કરી રહ્યા છે. દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બન્યા છે. અમે તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન, ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન તેમની સાથે હતા. આને કારણે હું આ મુદ્દાને સમજવાના દૃઢ નિશ્ચયને, સમસ્યાના ઉકેલ માટેની ધગશ અને રાજ્યને ન્યાય આપવાના પ્રયત્નોને નજીકથી જોઈ શક્યો. પછીના વર્ષોમાં વિપક્ષના નેતા તરીકે તેમના સંઘર્ષને નજીકથી જોવાનો અવસર મળ્યો હતો. દેવેન્દ્રજી એક હોશિયાર અને પ્રામાણિક રાજકારણી છે.

### સફાઈ કર્મચારીઓની

કર્મચારીઓના યુનિયને કોઈની નોકરી જશે નહીં એવું આશ્વાસન આપ્યા બાદ સોમવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી સાથે મ્યુનિસિપલ કામગાર એક્શન કમિટી અને મનપા કામગાર સંઘર્ષ સમિતિના પદાધિકારીઓએ ચર્ચા કરી હતી.

આઝાદ મેદાન પર ૧૭ જુલાઈના મનપા કર્મચારીઓએ મોરચો કાઢીને હડતાળની જાહેરાત કર્યા બાદ તેની નોંધ મુખ્ય પ્રધાને લીધી હતી અને તેમણે મંત્રીમંડળના પ્રધાન ગિરીશ મહાજનને આઝાદ મેદાન પર યુનિયનના પદાધિકારીઓ સાથે ચર્ચા કરવા માટે મોકલ્યા હતા. ત્યારબાદ વિધાનભવનમાં મુખ્ય પ્રધાન સાથે ચર્ચા થયા બાદ કામગારોની જુદી જુદી માગણીઓ માટે સકારાત્મક પ્રતિસાદ મળ્યા બાદ સોમવારે પાલિકા કમિશનર સાથે તેમની બેઠક થઈ હતી. કમિશનરે આવતા અઠવાડિયે તેમની માગણીઓ સંદર્ભમાં કરાર કરવાનું આશ્વાસન આપ્યું હતું.

સફાઈ ખાતાના કર્મચારીઓ ટેન્ડર પ્રક્રિયાને કારણે તેમની નોકરીને અડચણ ન થવી જોઈએ અને કૉન્ટ્રેક્ટ પર રહેલા કર્મચારીઓને કાયમ કરવા, કામગારોના પદ સુરક્ષિત રાખવા જેવી અનેક માગણીઓ હતી. મુખ્ય પ્રધાને જાતે આશ્વાસન આપ્યા બાદ કમિશનરે સોમવારે યુનિયન સાથે ચર્ચા કરી હતી અને છેવટે ૨૩ જુલાઈથી હડતાલ પર જવાનો નિર્ણય પાછો ખેંચી લેવાની જાહેરાત યુનિયને કરી હતી.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ ઘાટકોપર સરોજબેન શાંતિલાલ ન્યાલચંદ શાહના સુપુત્ર વિપુલભાઇ (ઉં. વ. ૫૬) તા. ૨૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પીયૂષ અને સેજલ પ્રતીશકુમાર ઝવેરીના ભાઇ. હિરલના જેઠ. વિધી અને ધૈર્યના કાકા. ધ્યાનના મામા. મોસાળ પક્ષે નરેન્દ્રભાઇ પરમાણંદદાસ શાહ ઘોઘાવાળાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૩, હરી અપાર્ટમેન્ટ, હિંગવાળા ક્રોસ લેન, શિવશક્તિ હાઇટની સામે, ઘાટકોપર (ઇસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઇના જયોતિ શામજી પોપટ ગડા (ઉં. વ. ૫૬) તા. ૨૧-૭-૨૫ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મુરઇબેન પોપટના પુત્રવધૂ. શામજીના ધર્મપત્ની. ચિંતન, કરીશ્માના માતુશ્રી. મહેક, દિશા, વિહાના, ઝીયાના નાની. મિતાશના દાદી. સ્વ. ચંચળબેન રવજી રામજી નિસરની દીકરી. પ્રાર્થનાસભા બુધવાર તા. ૨૩-૭-૨૫ના બપોરે ૪થી ૫.૩૦. ઠે. કરસન લઘુ નીસર હોલ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

શારદાબેન જયસુખલાલ રાયચંદ મહેતા (ઉં. વ. ૯૦) ગામ મોટા ઉજળા હાલ માટુંગા મંગળવાર, તા. ૨૨-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બીપીનભાઇ, પંકજભાઇ, રૂપાબેન તથા સોનલબેનના માતુશ્રી. હીનાબેન, જાગૃતીબેન, નિખીલકુમાર, જીતેશકુમારના સાસુ. પંક્તિ, અંક્તિ, પ્રાચી, પાર્શ્વના દાદી. ગૌરાંગ, પૂજા, અનિકેત, બીજલના દાદીસાસુ. વંથલી નિવાસી પ્રભાબેન શામળદાસ ફૂલચંદ વસાના દીકરી. નિશાંત, જેસલ, અક્ષય, કોમલ, સંકેત, હેતવી, પૂરવના નાનીમાં. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ગોડવાડ ઓસવાલ જૈન**

મરુધરમા બાલી હાલ ગોરેગાંવ, કમલાબાઈ જૈન (ઉં. વ. ૮૦) અરિહંતશરણ તા. ૨૧.૭.૨૫ સોમવારે થયેલ છે. તે ચંપાલાલજી જૈન (મેહતા)ના પત્ની. મોહનલાલજી-સ્વ. શાંતાબેન, સોહનલાલજી-મોહિનીબેનના દેરાણી. લલિત-સુમિત્રાબેન, મહાવીર-કલ્પનાબેનના જેઠાણી. કેતન, પરેશ, મનીષાના માતાજી. કવિતા, સારિકા, નિમિતજી પુનમિયાના સાસુજી. પિયરપક્ષ અમદાવાદ સ્વ. ટીપુબેન રતિલાલજી સોલંકી, પ્રાર્થનાસભા તા. ૨૩.૭.૨૪ના ૧૦:૩૦ થી ૧૨:૩૦. બુધવાર. જવાહર નગર હોલ, ૨૭, રોડ નં. ૪, જવાહરનગર, સિટી સેન્ટરના સામે, એસ. વી. રોડ, ગોરેગાંવ વેસ્ટ. બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના પ્રભાવતી (કેસર) પ્રેમજી પોલડીયા (ઉં. વ. ૮૯) તા. ૨૦-૭-૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ મોનજીના પુત્રવધૂ. પ્રેમજીના પત્ની. કિશોર, નીતિન, હીના, નયના, વિનોદના માતુશ્રી. ખારૂઆના જેતબાઇ વેલજી વીરજીના પુત્રી. આણંદજી, કાનજી, વસનજી, નાનજી, ખેતબાઇ, લક્ષ્મીબાઇના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. નીતિન પોલડીયા, સાગર કો.નં.૫, એ/૦૧, જેસલ પાર્ક, ભાઇંદર (ઇ.).

રતાડીયા (ગ.)ના મેઘજી છેડા (ઉં. વ. ૮૬) તા. ૨૧-૭-૨૫ના અવસાન પામેલ છે. માંકબાઇ આસુ વેરશી છેડાના સુપુત્ર. પુષ્પાબેન (પાનબાઇ)ના પતિ. રાજેશ, શીલા, નીતા, રીટાના પિતાજી. સ્વ. ખીમજી, સ્વ. રામજી, સ્વ. કુંવરજી, રતાડીયા રતનબેન વસનજી હરશીના ભાઇ. કુંદરોડી સ્વ. સુંદરબેન વેલજી જેવતના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેશ છેડા, સીલ્વર એસ્ટેટ ફેસ નં. ૨, એ-બ્લોક નં. ૧૮, બીબવેવાડી, પુના-૪૧૧૦૩૭.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેંદરડા નિવાસી હાલ જુહુ, વિલેપારલા, સ્વ. દમયંતીબેન અને સ્વ. પ્રાણલાલભાઈ વસનજી દોશીના સુપુત્ર ધીરેનભાઈ (ઉં. વ. ૭૧) તે સ્વ. દેવયાનીબેન અને સ્વ. નવીનચંદ્ર ગજાનન શુક્લાના જમાઈ. બીનાબેનના પતિ. પ્રાચી પ્રતિકભાઈ ઝવેરી અને હેમેન-નીધીના પિતા. પારુલબેન ગીરીશભાઈ માટલીયાના ભાઈ. ચિ. ઝીયાના દાદા સોમવાર, તા. ૨૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ઈંગોરાળાવાળા હાલ મલાડ, સ્વ. ભારતીબેન ધીરજલાલ દુર્લભદાસ પારેખના સુપુત્ર ધર્મેન્દ્ર (ઉં. વ. ૫૦) તા. ૧૮-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અલ્પા રાજેશકુમાર, સોનલ મનીષકુમાર, આરતી મેહુલકુમારના ભાઈ. સ્વ. ચંદુભાઈ, સ્વ. જયાબેન, સ્વ. સવિતાબેન, રસીલાબેન, સ્વ. હંસાબેનના ભાઈના દીકરા. વીરતી, વૃશાંક, આદેશના મામા. મોસાળ પક્ષ તલ્લીવાળા સ્વ. ઝવેરચંદ વિઠલદાસ દોશીના ભાણેજ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ-૨૦ વેલાણી એસ્ટેટ, રાણી સતી માર્ગ, કાઠીયાવાડી ચોક, મલાડ ઈસ્ટ.

### વસઈમાં બાળકોના

અનુસાર ચારેય જણ રિક્ષામાં આવ્યા હતા, જેમાંથી એક રિક્ષા ડ્રાઈવર હતો. બાકીના ત્રણ યુવાન વ્યંઢળના વેશમાં હતા. બાળકોને રોક્યા પછી છરીની ધાકે તેમને ધમકાવવામાં આવ્યા હતા. ડરી ગયેલા બાળકોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને બૂમાબૂમ કરી મૂકી હતી.

બાળકોની મદદ માટેની બૂમો સાંભળી ગામવાસીઓ દોડી આવ્યા હતા. ચારેય શકમંદોને પકડી પાડી તેમને માર મારવામાં આવ્યો હતો. બાદમાં ચારેયને પોલીસના તાબામાં સોંપાયા હતા. પોલીસે અપહરણનો ગુનો નોંધી બાળકો અને આરોપીઓનાં નિવેદન નોંધ્યાં હતાં. (પીટીઆઈ)

# પારસી મરણ

દેસ્તર અસ્પી ઇરાની તે મરહુમ અસ્પીના ધનિયાની. મરહુમો બચુ નવલ દોરદીના દીકરી. તે અફરાઝ ને સાઇરસના મામાના દીકરી. તે દીલનારના મામાની દીકરી. (ઉં. વ. ૮૫) રે. ઠે. શાપુર બાગ, જી-૨, ફ્લેટ નં-૧૨, પાંચમે માળે, વી. પી. રોડ, ગીરગામ, મુંબઇ-૪૦૦૦૦૪, ઓલ્ડ કોંગ્રેસ હાઉસ નજદીક.

રોહીનતન જીમી મિસ્ત્રી તે સનોબરના ધની. તે મરહુમો મેહરુ જીમી મિસ્ત્રીના દીકરા. તે ઝરાનના પપ્પા. તે શાહરુખ, નાવાઝ ને ઝીરીનના ભાઇ. તે મરહુમો શેરા દીનશા પસતાકીયાના જમાઇ. (ઉં. વ. ૭૫) રે. ઠે. તારદેવ ચેમ્બર્સ, એ-૨૦, કાશીનાથ સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૨માં ડુંગરવાડી પર.

પર્સી બરજોરજી ચેના (ઉં. વ. ૮૩) તા. ૨૦-૭-૨૫ના રોજ મુંબઇ ખાતે ગુજરી ગયા છે. તે મરહુમ બરજોરજી ફરામજી ચેના અને મરહુમ તેહમિની બરજોરજી ચેનાના દીકરા. તે ખુરશેદ, મરહુમ માણેક, મરહુમ જીમી, મરહુમ ભીખુ, મરહુમ ખોરશેદના ભાઇ. તે કામીની, ઝેનોબિયા, તનાઝ, જેસિન્તા, એલિઝાબેથ, જીમી, ફરહાદ, ફિરદોસ, નેવિલના અંકલ. ઠે : ૧/બી, રુબાન્સ અપાર્ટમેન્ટ, લક્ષ્મીબાઇ જગમોહનદાસ રોડ, મલબાર હીલ, મુંબઇ-૩૬.

# હિન્દુ મરણ

**કપોળ**

મેવાસાવાળા હાલ કાંદિવલી શરદભાઇ નાગરદાસ મહેતાના ધર્મપત્ની નૂતન (ઉં. વ. ૬૯) તે અ. સૌ. ચૈતાલી વિરલ પારેખના માતુશ્રી. તે પરમ, પલાશના નાની. તે હેમલતા હરેશ મહેતા, નૈનેશ અને કિર્તીના ભાભી. શ્વસુર પક્ષે સ્વ. નાગરદાસ ખુશાલદાસ મહેતાના પુત્રવધૂ. તેમ જ પિયર પક્ષે સ્વ. ઇશ્વરદાસ જમનાદાસ ગાંધીના પુત્રી શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા બાલાશ્રમ, બેન્કવેટ હોલ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

અ. સૌ. ભદ્રાબહેન રાચ્છ તે જોગેશભાઇ અનિલભાઇ રાચ્છના ધર્મપત્ની. તે સ્વ. નીલમબેન મથુરભાઇ નરભેરામભાઇ ધાબરીઆના સુપુત્રી. તે અ. સૌ. બિરાજ દેવાંગ મિસ્ત્રીના માતુશ્રી. તે જયોતિબેન મધુસુદનભાઇ મધલાણી, મીનાબેન જતીનભાઇ શાહ, પ્રમોદ મથુરભાઇ ધાબરીઆના બેન. તે સ્વ. વિરચંદભાઇ લક્ષ્મીચંદ ભાઇ જોબનપુત્રા (ચિત્રાવાળા)ના દોહીત્રી તે રવિવાર, તા. ૨૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪ જુલાઇ ૨૫, ઝુમ મીટિંગ દ્વારા ૫થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**રાજપૂત ક્ષત્રિય**

સુરત નિવાસી હાલ મુંબઇ તે સ્વ. કેશવલાલ ડાહ્યાભાઇ પારડીવાલાના પત્ની ગં. સ્વ. લીલાવતી પારડીવાલા (ઉં. વ. ૯૧) તા. ૧૭-૭-૨૫ના ગુરૂવારના શ્રીજીચરણ પામ્યા છે. તે રંજન, મીના, ઉષા, પ્રફુલ, મહેશના માતા. તે વિનોદભાઇ, અશોકભાઇ, મધુસુદન, દક્ષા અને રાજુલના સાસુ. કવિતા, ભૈરવ, ધ્રુવી, કરનના દાદી. પ્રશાંત, સુશીલ, નિશાંત, મેઘા અને સાગરના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ વળઝર હાલ ડેમ્બિવલી, સ્વ. પ્રેમજી મૂળજી કોટકના પુત્ર મહેશભાઈ (ઉં. વ. ૬૨) તે નીતાબેનના પતિ. અમીતા, રીતુબેન સૌરભ સાવલાના પિતા. સ્વ. પુષ્પાબેન ભાઈલાલભાઈ અડવા ગામ છાસરાવાળાના જમાઈ. સચિન ભારતીબેન ગંધા, ધર્મિષ્ઠા રૂપારેલ, નયનાબેન ઠક્કરના બનેવી. કિશોર, સ્વ. જગદીશભાઈ, સ્વ. કુસુમબેન ભુપેન્દ્રભાઈ રવાસીયા, વીણાબેન વિજયભાઈ કતીરા, વસંતભાઈ, નિલેશભાઈના ભાઈ તા. ૨૧/૭/૨૫ના સોમવારના રામશરણ પામેલ છે, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩/૭/૨૫ના બુધવાર ૫:૩૦ થી ૭:૦૦. દયાનંદ સરસતી હોલ, ચંદનબાગ, મુલુંડ પશ્ચિમ, બહેનોએ તે જ દિવસે આવી જવું. લૌકિક વહેવાર બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

હાલ બોરીવલી નિવાસી, ગુલાબભાઈ (સુરેશભાઈ) રણછોડજી નાયકના ધર્મપત્ની અ.સૌ. જયશ્રીબેન નાયક (ઉં. વ. ૭૫) તા. ૨૦/૦૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ભાવેશ, બીનાના માતુશ્રી. અમિતા તથા મનીષકુમાર શાહના સાસુમા. ઇન્દુબેન, અરુણાબેન, માણેકબેન, રેખાબેન અને ભારતીબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. ઉત્તમબેન શંકરલાલ ભારતીયા ગોરેગામવાળાના દીકરી. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠીઆ વણિક**

બામણાસાવાળા હાલ મલાડ, સ્વ. કમલેશ વસંતલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. જીતાબેન (ઉં. વ. ૫૫) તા.૨૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જે હર્ષાબેન કનકબેનના ભાભી. નીલાબેન, હિતાબેનના દેરાણી, કુ. વૃતિક્ષા (લાલી), કુ. હસ્તિના (કુચુબાવ)ના મમ્મી. સ્વ. મુક્તાબેન દ્વારકાદાસ શાહના સુપુત્રી, સૌ. પન્નાબેન હેમેન્દ્ર શાહ, સૌ. અલકા ભરત શાહ સૌ. રૂપલ રાજેશ શાહના બહેન. લૌકીક પ્રથા બંધ રાખેલ છે. વી.એલ શાહ હાઉસ, યુનિવર્સલ સ્કૂલ લેન, દફતરી રોડ, મલાડ પૂર્વ.

**અનાવિલ બ્રાહ્મણ**

નીલિમાબેન દેસાઈ (ઉં. વ. ૮૩) સોમવાર તા. ૨૧.૭.૨૫ના શ્રીજીશરણ પામ્યાં છે. તે ધીરુભાઈ દેસાઈનાં ધર્મપત્ની. મણીબેન ઝીણાભાઇ દેસાઈનાં પુત્રવધૂ. કુસુમબેન રમણીકલાલ મોદીનાં પુત્રી. અશ્વિનભાઈ, ઉષાબેન મોદીનાં બહેન. સ્મિતાબેન અશ્વિનભાઈ મોદીનાં નણંદ. ગીતાબેન મહેશભાઈ દેસાઈનાં ભાભી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખ્યાં નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# સાવધાન, આવી રહ્યું છે માંસાહારી મિલ્ક!

## જાણી લો, દૂધની ગંગા ધરાવતા ભારતમાં અમેરિકા જે માંસાહારી દૂધની નાયગ્રા વહાવવા માગે છે તેની નૈતિક-ધાર્મિક ને વ્યાપારી શું છે અસર...



ભારત અને અમેરિકા વચ્ચે જે ટ્રેડ ડીલ માટે વાટાઘાટો ચાલી રહી છે, તેમાં એક મુદ્દો તાજેતરમાં ખૂબ ચર્ચાસ્પદ બન્યો છે અને તે છે નોનવેજ મિલ્કનો. આપણે પાછલા અંકમાં અહીં એ વિષયને બાહ્ય રીતે આવરી લીધો હતો અને હવે તેમાં આજે થોડા વધુ ઊંડા ઊતરશું!

આપણે જાણ્યું હતું કે અમેરિકા અને ભારત વચ્ચે વ્યાપાર વાટાઘાટોમાં જે ખેંચતાણ કે સોદાબાજી થઇ રહી છે, તેમાં બંને દેશનાં નેતાઓને ખાસ તો તેમની વોટ બેન્કની ચિંતા વિશેષ છે. જોકે, આ ઉપરાંત કેટલીક ધાર્મિક લાગણી, સ્વાસ્થ્યને લગતી બાબતો પણ છે. અમેરિકા તેના દેશના ડેરી ઉત્પાદનો માટે ભારતમાં એકદમ મોકળું મેદાન મેળવવા દબાણ કરી રહ્યું છે.

આને કારણે એક અભ્યાસ અનુસાર દૂધ અને તેનાં ઉત્પાદનોના ભાવમાં સીધો પંદર ટકા જેટલો ઘટાડો થવાની સંભાવના છે અને તેને કારણે ગ્રાહકોને લાભ તથા ભરવાડોને નુકસાનની સંભાવના છે. જોકે સૌથી ચોંકાવનારી બાબત નોનવેજ મિલ્કને લગતી છે. આ માંસાહારી દૂધ એટલે શું?

**શાકાહારી દૂધ અને માંસાહારી દૂધમાં શું તફાવત છે?**

માંસાહારી દૂધ શું છે? શાકાહારી દૂધ અને માંસાહારી દૂધમાં શું તફાવત છે? શું ગાયો જેમાંથી માંસાહારી દૂધ મેળવે છે તે અલગ છે? ચાલો જાણીએ. આપણે બધા દૂધનું સેવન કરીએ છીએ કારણ કે તે સ્વસ્થ છે અને ઊર્જા, પ્રોટીન અને કેલ્શિયમના મુખ્ય સ્રોતોમાંનું એક છે. દરેક ભારતીય ઘરમાં, બાળકોને તેમના યોગ્ય વિકાસ અને પોષણ માટે નાસ્તામાં એક ગ્લાસ દૂધ આપવામાં આવે છે. ભારતમાં નોંધપાત્ર વસતિ શાકાહારી હોવાથી, દૂધ તેમની પ્રોટીન અને અન્ય પોષક જરૂરિયાતોનો મુખ્ય સ્રોત છે. અહીં ભારતમાં, દૂધને શુદ્ધ માનવામાં આવે છે અને તેનો ઉપયોગ ઘણા ધર્મોમાં દેવતાઓની પૂજા માટે પણ થાય છે. હિન્દુઓ તેમના ઉપવાસ દરમિયાન તેનો ઉપયોગ કરે છે અને પંચામૃતમાં તેનો ઉપયોગ કરે છે. દૂધને સામાન્ય રીતે શાકાહારી માનવામાં આવે છે, પરંતુ કેટલાક સમયથી, માંસાહારી દૂધ ચર્ચાનો વિષય બની ગયું છે. ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચેના વેપાર કરાર પછી માંસાહારી દૂધ ચર્ચાનું કેન્દ્ર સ્થાન બન્યું છે. એ બાબત નોંધવી રહી કે, માંસાહારી દૂધની આસપાસની વાતચીત ફક્ત ખોરાકની આદતોથી આગળ વધે છે. તે નૈતિકતા, ધર્મ, આરોગ્ય ચેતના અને આંતરરાષ્ટ્રીય વેપાર નીતિઓ સાથે સંકળાયેલી છે. ભારત જેવા દેશમાં, જ્યાં વસતિનો મોટો ભાગ શાકાહારને માત્ર આહાર પસંદગી તરીકે જ નહીં પરંતુ ઊંડા મૂળવાળા સાંસ્કૃતિક અને ધાર્મિક મૂલ્ય તરીકે અનુસરે છે, ત્યાં 'માંસાહારી દૂધ'નો વિચાર નોંધપાત્ર ચિંતા અને ચર્ચાનું કારણ બની રહ્યો છે.

**ધાર્મિક સંવેદનશીલતા અને નૈતિક ચિંતાઓ**

ભારતમાં ગાય પવિત્ર, માતાનો દરજ્જો ધરાવે છે, ખાસ કરીને હિન્દુ ધર્મમાં, તેને જીવન અને પોષણના પ્રતીક તરીકે પૂજનીય માનવામાં આવે છે. ધાર્મિક વિધિઓ દરમિયાન દેવતાઓને દૂધ અર્પણ કરવું અને ઉપવાસ દરમિયાન દૂધનું સેવન કરવું એ સામાન્ય પ્રથાઓ છે. આથી જે ગાયોને પશુઓના માંસ અને રક્ત મિશ્રિત કે આધારિત ખોરાક ખવડાવવામાં આવ્યો હોય, તેમાંથી મેળવેલા દૂધનું સેવન કરવાનો વિચારમાત્ર ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડે છે. ઘણા ધાર્મિક વિદ્વાનો અને આધ્યાત્મિક નેતાઓએ ચિંતા વ્યક્ત કરી છે કે આ પ્રથા ફક્ત અનૈતિક જ નહીં પણ આધ્યાત્મિક રીતે દૂષિત પણ છે, ધર્મનો નાશ કરનારી, ધર્મભ્રષ્ટ કરનારી છે. ખાસ કરીને શાકાહારીઓ માટે, ચિંતા વધુ તીવ્ર છે. જ્યારે શાકાહારીઓ સામાન્ય રીતે ડેરી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે, ત્યારે એવું પ્રસ્થાપિત હોય છે કે પ્રાણીને નુકસાન થયું નથી અથવા તેને માંસાહારી ખોરાક આપવામાં આવ્યો નથી. ભારતમાં તો ગાયોને નોનવેજ પશુઆહાર આપી શકાય એ કલ્પના પણ કરવી મુશ્કેલ છે! ઘણા ભારતીય ગ્રાહકો માટે દૂધ નૈતિક રીતે અસ્વીકાર્ય બને છે.

**વેપાર અને નિયમનઃ ભારત-યુએસ વચ્ચે દૂધ સંદર્ભે ટ્રેડ ટેન્શન**

માંસાહારી દૂધ અંગેના વિવાદે વેગ પકડ્યો જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સે નવા વેપાર કરાર હેઠળ ભારતમાં તેનાં ડેરી ઉત્પાદનો નિકાસ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જોકે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઇ) સહિત ભારતીય અધિકારીઓએ આ દૂધના સ્રોત અને યુ.એસ.માં ડેરી પશુઓના આહાર અંગે ચિંતા વ્યક્ત કરી છે. ભારતીય ગ્રાહકોની લાગણીઓ અને ખાદ્ય પસંદગીઓનું રક્ષણ કરવા માટે, ભારતે ઐતિહાસિક રીતે ડેરી આયાત પર કડક શરતો મૂકી છે. મુખ્ય શરતોમાંની એક એ હતી કે આયાતી ડેરી ઉત્પાદનો એવી ગાયોમાંથી પ્રાપ્ત થવા જોઈએ, જેને કોઈપણ પ્રાણી-ઉત્પાદિત ઘટકો ખવડાવવામાં આવ્યા ન હોય. ઘણાં પશ્ચિમી દેશોમાં ગાયોને પશુ આધારિત માંસાહાર કરાવવાની પ્રથા સામાન્ય અને પ્રચલિત છે. જો ભારત તેના પરંપરાગત ધોરણોને લાગુ કર્યા વિના આવા દૂધની આયાત કરવા સંમત થશે, તો વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને ખેડૂત જૂથોની લાગણીને ઠેસ પહોંચશે અને તેમની તરફથી ભારે વિરોધ થશે. આથી, ખાદ્ય સલામતી અને સાંસ્કૃતિક અખંડિતતા જાળવવા માટે ભારતીય અધિકારીઓ દ્વારા માંસાહારી દૂધની આયાત તરફના કોઈપણ પગલાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન અને નિયમન કરવું જોઈએ.

**ગ્રાહક જાગૃતિ અને લેબલિંગ**

આ વૈશ્વિકીકરણના યુગમાં, ખાદ્ય સ્રોતોમાં પારદર્શિતા વધુને વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. જો માંસાહારી દૂધ અથવા તેમાંથી બનેલાં ડેરી ઉત્પાદનો ભારતીય બજારમાં પ્રવેશવા માગતા હોય, તો કડક લેબલિંગ ધોરણો લાગુ કરવા જોઈએ. એક સૂચન એવું પણ છે કે, જેમ પેકેજ્ડ ખાદ્ય પદાર્થો પર લીલા અથવા લાલ સિમ્બોલથી, તે શાકાહારી કે માંસાહારી એની સ્પષ્ટ ઓળખ આપવામાં આવે છે, એ જ રીતે, ડેરી ઉત્પાદનો પર પણ એ સૂચવવું જોઈએ કે દૂધનો સ્રોત શાકાહારી છે કે માંસાહારી ? ડેરી ઉત્પાદકો માટે આ ખૂબ જટીલ પ્રકારની પ્રક્રિયા બની જશે.

**વિકલ્પો અને છોડ આધારિત દૂધનું ચલણ**

જેમ જેમ માંસાહારી દૂધ અંગે ચર્ચા ચાલુ છે, તેમ તેમ ભારતમાં આરોગ્ય પ્રત્યે સભાન અને નૈતિક રીતે પ્રેરિત ગ્રાહકો છોડ આધારિત વિકલ્પો તરફ વળી રહ્યા છે. યુવા વર્ગમાં બદામનું દૂધ, સોયા દૂધ, ઓટ દૂધ અને નારિયેળનું દૂધ લોકપ્રિયતા મેળવી રહ્યું છે. આ ઉત્પાદનો માત્ર લેક્ટોઝ પચાવી ના શકનાર વ્યક્તિઓને જ નહીં, પરંતુ પરંપરાગત ડેરી માટે ક્રૂરતામુક્ત અને પર્યાવરણીય રીતે ટકાઉ વિકલ્પ પણ પૂરો પાડે છે.■

### આ નોનવેજ મિલ્ક શું છે?

શાકાહારી ખોરાકમાં સમાવિષ્ટ દૂધ માંસાહારી પણ હોઈ શકે, એ બાબત ભારતીયો માટે ખૂબ જ આઘાતજનક છે. જોકે, અમેરિકન ગાયોના દૂધ વિશે વાત કરીએ તો આ શબ્દ ખોટો નથી. આ શબ્દનો ઉપયોગ એવી ગાયોના દૂધ માટે થાય છે જેમને એનિમલ પ્રોડક્ટ્સ સાથે મિશ્રિત ચારો આપવામાં આવે છે.

સાદા શબ્દોમાં કહીએ તો, જે ગાયોને માંસ અથવા લોહીથી બનેલો ચારો આપવામાં આવે છે, તેમાંથી મેળવેલા દૂધને માંસાહારી દૂધ કહેવામાં આવે છે. અહેવાલ અનુસાર અમેરિકન ભરવાડો તેમની ગાયોને વજન અને દૂધનું પ્રમાણ વધારવા માટે ડુક્કર, ચિકન, માછલી, ઘોડા, બિલાડી અને કૂતરાના માંસ તથા રક્ત સહિતનો માંસાહારી ચારો ખવડાવે છે!

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# વિશ્વશાંતિના બે વિલનની વિદાયની ઘડી ગણાઈ રહી છે...


ઝેલેન્સ્કી


નેતન્યાહુ

**તમારાં** કર્મ તમારો પીછો કદી છોડતાં નથી. કર્મનાં સારાં નરસાં ફળ આપણે ભોગવવા જ પડે છે. તમે જેવું વાવો એવું લણો છો. વિશ્વશાંતિ સામે મોટો ખતરો ઊભો કરનાર તથા પ્રકૃતિ અને કુદરતી સાધનોને વિપુલ નુકસાન પહોંચાડનાર બે ખલનાયક ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીની વિદાયની ઘડીઓ હવે ગણાઈ રહી છે.

નેતન્યાહુ અને ઝેલેન્સ્કીની જીદે દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધના ઉંબરે પહોંચાડી દીધી છે. બન્નેના અવિચારી અને અતાર્કિક પગલાંને લીધે એમના દેશને પણ ભયંકર નુકસાન થયું છે, પરંતુ સત્તા લાલચું આ બે રાજનેતાઓની આંખ હજી ખુલતી નથી. યુદ્ધને લીધે બંને દેશ તબાહ થઈ ગયા છે. જોકે આ બન્ને સ્વાર્થી રજવડાનું પતન હવે બહુ દૂર નથી.

જ્યારે પણ ઈતિહાસ લખાશે ત્યારે નેતન્યાહુની સરખામણી હિટલર સાથે કરવામાં આવશે. હિટલરે યહૂદીઓને ગેસ ચેમ્બરમાં નાખવા જેવા સીતમ ગુજાર્યા હતા. હવે એક યહૂદી અમેરિકાના ટેકા અને શસ્ત્રોની મદદથી આખા મિડલ ઈસ્ટમાં કાળો કેર વર્તાવે છે. ગાઝા પટ્ટીમાં નરસંહાર કરવા માટે ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે એમની સામે વોરંટ બહાર પાડ્યું છે. અદાલત કહે છે કે નેતન્યાહૂએ વોર ક્રાઈમ કર્યા છે. એણે માનવતા વિરુદ્ધનાં અનેક કૃત્ય કર્યા છે. આ નિર્દયી રાજ્યાધ્યક્ષે ગાઝાના લોકોને રાહત સામગ્રી ન પહોંચવા દઈને પેલેસ્ટાઈન વાસીઓને જાણીબૂઝીને પાણી, અનાજ,દવા, ઈંધણ અને વીજળીથી વંચિત રાખ્યા છે. ઈઝરાયલ હવાઈ હુમલા કરીને ગાઝા પટ્ટીમાં નિર્દોષ મહિલા અને બાળકોની હત્યા કરે છે. નેતન્યાહુના આ નરાધમ કૃત્યને લીધે આખા વિશ્વમાં ઈઝરાયલ અને અમેરિકા તેની ગુડવીલ ગુમાવી રહ્યું છે. નેતન્યાહુ સામે કરપ્શન કેસ ચાલી રહ્યો છે ત્યારે એણે આમાંથી બચવા સીરિયા સામે યુદ્ધ છેડી દીધું છે. આ કેસ મે ૨૦૨૦થી ચાલી રહ્યો છે. એમના પર લાંચ લેવાના, છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવાના આરોપ છે. નેતન્યાહુને ડિસેમ્બર ૨૦૨૪થી જુબાની આપવાની છે. ઈઝરાયલે સીરિયા પર હુમલો કરતાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને બીબી વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી છે. ટ્રમ્પે સીરિયા પર હુમલો કરવા નેતન્યાહુને ધમકાવ્યા છે. ટ્રમ્પના વહીવટીતંત્રે નેતન્યાહુની એકશનને મિડલ ઈસ્ટમાં શાંતિ લાવવાના અમેરિકાના પ્રયાસોની વિરોધી ગણાવી છે વાઈટ હાઉસના અધિકારીએ એમને ગાંડા અને બધા સમયે બોમ્બ ફેંકનારા ગણાવ્યા છે. અમેરિકાએ તેના રાજદૂતે કરાવેલા સીરિયા અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધ વિરામ પછી પણ બીબીએ સીરિયા પર હુમલો કરતાં અમેરિકા ઘણું નારાજ થયું હતું. અંતે અમેરિકાના સીરિયાના એલચી ટોમ બેરેક અને વિદેશપ્રધાન માર્ક રુબિયોએ પ્રચંડ દબાણ લાવીને ઈઝરાયલને વાર્યું હતું.

આપણામાં કહેવત છે કે 'ઘરનો ઝઘડો ઘરને ખાઈ જાય' મિડલ ઈસ્ટમાં આવેલા સીરિયાનું પણ એવું જ છે. સાંપ્રદાયિક હિંસા, આંતરવિગ્રહ તથા બહારના દેશોની દરમિયાનગીરી સીરિયાને ચેનથી જીવવા દેતી નથી. ઈઝરાયલે સીરિયા પર હુમલો કરવા માટે ડ્રુઝના રક્ષણનું કારણ આપ્યું છે. ઈઝરાયલ દાવો કરે છે કે ડ્રુઝની બહુમતી ધરાવતા સ્વેદામાં સીરિયાનાં લશ્કરી દળો ડ્રુઝને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ૫૦૦થી વધારે લોકો માર્યા ગયા છે. સ્વેદામાં તબાહી જ જોવા મળે છે. ઈઝરાયલનું પગલું કાઉન્ટર પ્રોડક્ટિવ સાબિત થયું છે. ઈઝરાયલના હસ્તક્ષેપ પછી આરબના કબીલાના લડાયકો સ્વેદામાં પહોંચી ગયા છે અને આંતરવિગ્રહ ચાલુ થઈ ગયો છે. આરબ લડવૈયાઓએ ડ્રુઝ લોકોને હિજરત કરવાની ફરજ પાડી છે. ડ્રુઝ લોકો પલાયન થઈને જોર્ડન સરહદની નજીક પહોંચી ગયા છે, પરંતુ જોર્ડને તેમને પોતાના દેશમાં આવવાની ના પાડી છે. ૮૦.૦૦૦થી એક લાખ ડ્રુઝની જોર્ડન સરહદ નજીક જમાવટ થઈ છે.

સીરિયા આરબ રિપબ્લિકનો કુલ વિસ્તાર ૧,૮૫,૧૮૦ ચોરસ કિલોમીટરનો છે. તુર્કી, લેબેનોન અને ઈઝરાયલ તેના પડોશી છે. તેના દેશમાં રશિયા અને અમેરિકા વગેરેનાં મથકો છે.

ડ્રુઝ અરબી બોલનારી ધાર્મિક લઘુમતી છે. આ કોમ સીરિયા, લેબેનોન , ઈઝરાયલ અને ગોલન હાઈટ્સમાં રહે છે. હકીકતમાં આ સંપ્રદાય શિયા ઈસ્લામની એક શાખા જ છે. જોકે તેની આગવી ઓળખ અને માન્યતા છે. સીરિયામાં દસ લાખ ડ્રુઝ છે. આ સંપ્રદાયના લોકો ઈઝરાયલને વફાદાર છે. ઈઝરાયલના લશ્કરમાં ડ્રુઝના ઘણા સૈનિકો છે. ઈઝરાયલમાં ૧,૫૨,૦૦૦ ડ્રુઝ છે.

નેતન્યાહુને લીધે ઈઝરાયલ દેવામાં ડૂબી ગયું છે. ઈરાનના મિસાઈલ હુમલા ને લીધે તેના ૧૧ શહેરને નુકસાન થયું છે. કેટલાંયે વર્ષોથી ચાલતા યુદ્ધને લીધે તેના સેંકડો જવાન માર્યા ગયા છે. લશ્કર અડધું થઈ ગયું છે. ઈઝરાયલના ૬૦ જેટલા સૈનિકોએ તો આત્મહત્યા કરી છે. અનેક સૈનિકો તો બીજા દેશમાં નાસી ગયા છે. તેનાં અનેક શહેરો, શેર બજાર અને બંદરોને ઈરાને ભયકર ક્ષતિ પહોંચાડી છે. આ બધાને કારણે નેતન્યાહુનું શાસક ગઠબંધન નબળું પડતું જાય છે. એમનું રાજકીય ભાવિ ડામાડોળ છે.

બીજી બાજુ અમેરિકાએ રશિયાને પચાસ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે, પરંતુ લાગે છે કે રશિયા આટલા દિવસમાં તો યુક્રેનનો ખેલ પતાવી દેશે. રશિયા દરરોજ એક હજાર ડ્રોન અને મિસાઈલ વડે હુમલો કરે છે. રશિયા અણુ હથિયારોનું વહન કરી શકે એવા ઘાતક બોમ્બર વડે યુક્રેન પર હુમલો કરી રહ્યું છે. યુક્રેનનાં શહેરો ખંડેર બની રહ્યા છે. જ્યારે પુતિને યુક્રેનના જોકર ઝેલેન્સ્કી ને 'નાટો'ના સભ્ય ન બનીને સમજૂતી કરવાની ઓફર આપી ત્યારે ઝેલેન્સ્કી માન્યા નહીં. યુક્રેને રશિયાનાં પાંચ હવાઈમથકો પર હુમલો કરીને ૪૦ વિમાન-બોમ્બરને નુકસાન પહોંચાડ્યું તેથી રશિયા ભડકી ગયું છે. ટ્રમ્પની ચડામણીને લીધે યુક્રેન મોસ્કો પર ડ્રોન હુમલા કરી રહ્યું છે. અમેરિકા અને 'નાટો' દેશ લશ્કરી સહાય નહીં આપે તો યુક્રેન લાંબા સમય સુધી ટકી શકે એમ નથી. રશિયા અડધું યુક્રેન હડપ કરીને બફર ઝોન બનાવશે.

આ તરફ લંબાતા જતા આ યુદ્ધથી દેશવાસીઓમાં ઝેલેન્સ્કી સામે વિરોધ વધતો જાય છે, પણ ઝેલેન્સ્કી માર્શલ લો લગાવી સત્તા પર ચીટકી રહ્યા છે, પરંતુ એમની આવી ભૂલોની પરંપરાને લીધે યુક્રેન વિશ્વ નકશામાંથી ભૂંસાઈ જાય તો નવાઈ નહીં. ■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!



પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## યાદ રખના કિ નામ હૈ ડૉ. જયંતી ધર્મા તેજા...



નીરવ મોદી, વિજય માલ્યા, સંજીવ ચાવલા (ક્રિકેટ બુકી), સંગીતકાર શ્રવણના સાથી નદીમ સૈફી, ડ્રગ લોર્ડ ઈકબાલ મિરચી, આતંકવાદના આરોપી હનિફ પટેલ, એન.આર.આઈ. યુગલ આરતી ધીર અને કવલ રાયઝાદા બાળ-યૌન શોષક રેમંડ વાર્લે... આ બધા ભારતીય છે, જેમણે ખોટું, ખરાબ અને કાયદા વિરોધી કર્યું કાં એવા આરોપ મુકાયા. અને ભારતથી ભાગીને તેમણે લંડન વહાલું કર્યું. આપણે અહીં એના પૂર્વસૂરી એવા ડૉ. જયંતી ધર્મા તેજાની વાત કરીશું.

જયંતીનો જન્મ બ્રહ્મો સમાજમાં. પરિવારને સ્વાતંત્ર્ય સૈનિકો સાથે ગાઢ સંબંધ. તેમના દાવા મુજબ મહાત્મા ગાંધીજીએ જ એને 'ધર્મા' તરીકે બોલાવવાનું શરૂ કર્યું હતું. ૧૯૨૨માં જન્મેલાં જયંતીની હાઈટ છ ફૂટ ચાર ઈંચ. એકદમ સમૃદ્ધ, તેજસ્વી અને બૌદ્ધિક લાગે. જેને મળે એ પ્રભાવિત થયા વગર ન રહે. એસ્ટ્રોફિઝિક્સ (નક્ષત્ર ભૌતિક-રસાયણ વિજ્ઞાન)માં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી. જયંતી પર વિશ્વાસ મૂકીએ તો તેણે પરમાણુ યુગના પ્રણેતા એન્રિકો ફેરમી સાથે કામ કર્યું હતું. એટલું જ નહીં મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને 'એટમ બૉમ્બના જનક' જે. રોબર્ટ ઓપનહેઇમર સાથે સમય વીતાવ્યો હતો. સાથે જ જીનિવા સ્થિત યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ઑફ ન્યુક્લિયર રિસર્ચ ખાતે વિઝિટિંગ સાયન્ટીસ્ટ પણ હતા. રિયલી ઇમ્પ્રેસિવ ને?

જયંતી તેજાના પરિવારે બહેરામપુર (જ્યાં એનો જન્મ થયો હતો) પર પુસ્તિકા પ્રગટ કરાવી હતી. જેમાં સુપુત્રની સિદ્ધિઓ વર્ણવી હતી. આ સિદ્ધિમાં ગ્લાસ ફાઈબર અને સ્ટીલ શીટ્સ બનાવવાની નવી પદ્ધતિની પેટન્ટ જયંતી તેજાએ મેળવ્યાનો ઉલ્લેખ કરાયો હતો.

પરંતુ એક ઇન્ટરવ્યૂમાં થયેલી નોંધ જયંતી તેજાએ સજળ નયને કહ્યું હતું કે હું કમાઈ કમાઈને કંટાળી ગયો હતો અને દેશ માટે કંઈક કરી છૂટવાની ઇચ્છા પ્રબળ બની રહી હતી.

ટૂંકમાં, ડૉ. જયંતી ધર્મા તેજામાં દેશપ્રેમ જાગ્યો અને વતન વાપસી થઈ. જો કે ભવિષ્યમાં આ માણસ જ અદાલતમાં જુબાની આપવાનો હતો, '૧૯૪૮ બાદ હું ભારતમાં રહ્યો જ નથી. અહીં જયંતી શિપિંગ કંપની શરૂ કર્યા બાદ પણ મારું ઘર તો ફ્રાંસમાં જ હતું. હા, વરસે સરેરાશ ૪૦ વાર ભારત અવરજવર રહેતી હતી.'

ડૉ. જયંતી ધર્મા તેજા પર શેનો ખટલો થયો હતો, શા માટે અને કેમ આવું નિવેદન આપવું પડ્યું? આ સવાલો જ મુખ્ય આકર્ષણ છે અથવા આંચકો છે. જો કે ડૉ. જયંતી તેજા પોતાને ભારતીય ગણાવે કે એન.આર.આઈ. પણ ભારતની એ વખતની સરકારને એમનામાં અપાર શ્રદ્ધા હતી, ભારોભાર વિશ્વાસ હતો. કંઈ બાબતમાં? કે આ ડૉ. જયંતી તેજા જ ભારતીય જહાજ ઉદ્યોગમાં ક્રાંતિ લાવી શકે! વેરી ગુડ. આ વિશ્વાસના બીજ કેવી રીતે વવાયા અને એમાંથી કૌભાંડનું વટવૃક્ષ કેવી રીતે ઊગી નીકળ્યું એ દાસ્તાને જ આ માણસને ઈતિહાસમાં સ્થાન આપ્યું પણ નકારાત્મક કારણોસર. આ બધું જાણવા થોડા વિગતમાં ઊતરવું પડશે. ડૉ. જયંતી ધર્મા તેજા વિશે જેટલું વધુ વાંચીએ, સંશોધન કરીએ એટલો વધુ એ એક કોયડો લાગે, કોઈ લોકકથાનું પાત્ર લાગે. આવો તેજસ્વી, સફળ અને પરદેશમાં રહેતો માણસ ભારત શા માટે પાછો આવ્યો અને રાજકીય માંધાતાઓની નજીક શા માટે ગયો? અથવા કેવી રીતે ગયો એનો ઘટનાક્રમ રસપ્રદ અને રોમાંચક છે.

આની શરૂઆત થઈ ૧૯૬૦માં. માજી સંસદસભ્ય અને સ્વાતંત્ર્ય સૈનિક મોસાલીકાંતિ તિરુમલા (લોકસભા બેઠક કાકીનાડા, આંધ્ર પ્રદેશ-મુદત ૧૯૪૬થી ૧૯૫૦) એ યોજેલી પાર્ટીના આમંત્રિતોમાં એક હતા આંધ્રના યુવાન ડૉ. જયંતી તેજા. પાર્ટીમાં કાનાફુસી થતી હતી કે ડૉ. તેજા પરદેશમાં વિજ્ઞાની તરીકેની ઉજ્જવળ કારકિર્દી છોડીને તાજેતરમાં ભારત પાછા ફર્યા છે હો.

આ પાર્ટીમાં પ્રધાનો, સંસદસભ્યો, વિધાનસભ્યો અને કૉંગ્રેસના નામવંતો ઉપસ્થિત હતા. કોઈકને થયું કે આવા તેજસ્વી, શહેરી અને આધુનિક યુવાનની વડા પ્રધાન જવાહરલાલ નહેરુ સાથે મુલાકાત કરાવવી જોઈએ.

બસ, આ એક મુલાકાત-ઓળખાણ ડૉ. તેજાનું જીવન બદલી નાખવાની હતી. સારા માટે કે ખરાબ માટે એનો જવાબ તો માત્ર સમય પાસે જ હતો. બે દિવસ બાદ ખુદ વડા પ્રધાને જ એમ. તિરુમલાને ડૉ. તેજા વિશે પૂછપરછ કરી. તિરુમલાએ સ્પષ્ટ અને ટૂંકો જવાબ આપ્યોઃ 'હું એ તેજા પરિવારને ઓળખું છુંઃ એ સારો, તેજસ્વી અને કાબેલ યુવાન છે.'

વડા પ્રધાન માટે આટલા શબ્દો પૂરતા હતા. આને પગલે ભારતમાં એક મોટા કૌભાંડનો જન્મ થવાનો હતો, જે દેશ-વિદેશ ગજવવાનું હતું.

(ક્રમશઃ)■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## ૫૦ વર્ષ પૂરાં કરી રહી છે 'શોલે'માં...

# આનંદ બક્ષીના શબ્દોમાં પડઘાય છે દોસ્તી ને પ્રેમનો અનેરો જાદુ...


આગામી ઓગસ્ટ મહિનામાં પચાસ વર્ષ પૂરા કરી રહી છે સદાબહાર સુપર હિટ ફિલ્મ 'શોલે'... એમાં ભરપૂર હિંસા અને એક્શનની ધૂમ વચ્ચે પ્રેમ, દોસ્તી અને ઉત્સવના યાદગાર રંગો હતા. હોલિવૂડ સ્ટાઈલની સિનેમેટોગ્રાફી અને ટેકનોલોજીએ આ ફિલ્મને આગવી જરૂર બનાવી, પરંતુ ફિલ્મનો ખરો આત્મા તો એના ગીતકાર આનંદ બક્ષીની કલમમાં રહેલો છે. એમના શબ્દોએ 'શોલે'નાં ગીતોને એવો જાદુ આપ્યો કે આજે પણ લગ્ન હોળી કે દોસ્તોની મહેફિલમાં તે ગુંજે છે.

'શોલે'નાં ગીતો એટલા જીવંત છે કે તે દરેક પ્રસંગને યાદગાર. 'યે દોસ્તી હમ નહીં તોડેંગે' એ દોસ્તીનું અમર પ્રતીક છે. જય અને વીરૂની મિત્રતાને રજૂ કરતી આ ગીતની પંક્તિઓ

'તેરી જીત મેરી જીત, તેરી હાર મેરી હાર' હૈયાને એવું સ્પર્શી જાય છે કે.....લગ્નની મહેફિલ હોય કે દોસ્તોની બેઠકોમાં આ ગીત વગર યારોની મહેફિલ અધૂરી લાગે. આ ગીત ભારતીય સંસ્કૃતિની દોસ્તીની ભાવનાને આધુનિક રંગમાં રજૂ કરે છે, જે પેઢીઓ સુધી ગુંજતું રહેશે. આપણી આસપાસ અનેક દોસ્તીઓએ દમ તોડ્યો હશે, પણ સાથ છોડ્યો નહીં હોય. આમ તો આ ગીત પુરુષ મિત્રો માટે હોય એવું લાગે, પણ સ્ત્રીઓ વચ્ચે પણ અતૂટ મૈત્રી હોય છે. લગ્નજીવનના અંતે પ્રેમ કરતાં મહત્ત્વની દોસ્તી હોય છે. અનેક યુગલ આ ગીતને પ્રસંગોપાત પરફોર્મ પણ કરતાં રહે છે. હિંસાની કથાની વચ્ચે દોસ્તીની આ પણ એક મિશાલ છે.

આમેય આનંદ બક્ષીનું જીવન એક સંઘર્ષની ગાથા છે, જે 'યે દોસ્તી' ગીતની પ્રેરણા બની હશે એવું એમની કથા પરથી લાગે છે. મુંબઈમાં ગીતકાર બનવાના સપના સાથે આવેલા બક્ષીસાહેબની બચત ખૂટી ગઈ હતી. પરિવારને સાસરે મૂક્યો પણ સસરાજીએ પરિવારને સાથે લઇ જવા વિનંતી કરી. નિરાશ થઈને વતન પરત ફરવાનું વિચારતા ટિકિટ વગર બક્ષીસાહેબ મરીન લાઈન્સ સ્ટેશન પર બેઠા હતા. ખાલી ખિસ્સે ટિકિટના ટુકડાઓ પર શાયરી લખી રહ્યા હતા. આ દરમિયાન ટીસી ચિત્તરમલજીએ એમની શાયરી જોઈ. બક્ષીસાહેબે પોતાની કવિતાઓ સંભળાવી અને ચિત્તરમલજીને તેમાં સત્વ દેખાયું,

એકલા રહેતા ચિત્તરમલજીએ બક્ષીસાહેબને ઘરે લઈ જઈ આશરો આપ્યો. બક્ષીસાહેબને કામ શોધવા જતી વખતે ખિસ્સામાં પૈસા મૂકતા, જેથી કવિ ભૂખ્યા ન રહે. 'એક દિવસ તું મોટો ગીતકાર બનીશ, જોજે ને!' એમ કહીને ચિત્તરમલજી આપતા રહ્યા...કાળક્રમે નિઃસ્વાર્થ દોસ્તીની એ હૂંફે બક્ષીસાહેબને સફળતાની ટોચે પહોંચાડ્યા. ચિત્તરમલજીએ કોઈ ઉપકારની અપેક્ષા ન રાખી પણ એમની મદદ 'યે દોસ્તી'ની પંક્તિઓમાં ખાના પીના સાથ હૈ, મરના જીના સાથ હૈ શબ્દોમાં ચોક્કસ ઝળકે છે. આ ગીત લખતી વખતે બક્ષીસાહેબના દિલમાં ચિત્તરમલજી સાથેની દોસ્તીની યાદ જરૂર ટકોરા મારતી હશે.










'યે દોસ્તી' ગીત દોસ્તીની ઊંડી વ્યાખ્યા આપે છે. દોસ્તી બનાવવી સહેલી છે, પણ ટકાવવી મુશ્કેલ હોય છે. કેટલીક દોસ્તી ક્ષણિક હોય પણ આજીવન યાદ રહે.. તૈત્તિરીય ઉપનિષદનો શ્લોક **'ॐ सह नाववतु'** ( ૫૫અ આ જ ભાવનાને ઉજાગર કરે છે: 'આપણે સાથે રહીએ, સુખ ભોગવીએ, શક્તિ મેળવીએ.' જોકે, સમૃદ્ધિ પછી દ્વેષ ન થાય, એ જ સાચી દોસ્તી. **'ॐ शान्ति शान्ति शान्तिः'**ની શાંતિ 'યે દોસ્તી'ના બીજા ભાગમાં, જ્યાં એક નાયકનું મૃત્યુ થાય છે, ત્યાં ગુંજે છે. આ ગીત દોસ્તીનું સનાતન સત્ય વ્યક્ત કરે છે.

'શોલે'નું અન્ય ગીત 'હોલી કે દિન દિલ ખિલ જાતે હૈ' હોળીના તહેવારની મસ્તીને જીવંત કરે છે. ગામડાના જીવનની નિર્દોષતા, નાનકડા મેળાઓની મોજ અને રંગોની ઉડાન વચ્ચે ગીત હોળીના ઉત્સવને માહોલને રંગીન બનાવે છે. આ ગીત હોળી પર હોય જ અને નાચતા ગાતાં રંગોની મજા માણવાનો અનોખો આનંદ આવે છે. જ્યારે હોળીના દિવસે સ્પીકરમાં આ ગીત વાગે એટલે આપોઆપ રંગોની રમઝટ ચારેકોર ફેલાય છે.

બક્ષીજીનું ક્લાસિક સોંગ જે વરઘોડાઓમાં કે પાર્ટીઓમાં એક અલગ માહોલ ઊભો કરી આપે છે એને કેવી રીતે ભૂલી જવાય? હેલનનો ડાન્સ અને જલાલ આગાની ઓળખ જેવો 'મેહબૂબા મેહબૂબા' ડાન્સ સાથે રોમાંસનો જાદુ ઊભો કરે છે. આ ગીત ગૂંજે એટલે કોઈપણ ઉંમરના ઓડિયન્સ વચ્ચે આજે પણ માહોલમાં પોત પોતાની મહેબૂબાની મદહોશભરી યાદ છવાઈ જાય...!

આ ગીતના શબ્દનો જાદુ એવો છે કે 'શોલે'ની હિંસા દૂર સુધી વર્તાતી નથી. ગુલશન શબ્દનો ઉપયોગ ડાકુઓની વચ્ચે પણ રોમાંસનો ગરમાટો ઉમેરે છે.

'કોઈ હસીના જબ રૂઠ જાતી હૈ' ગીત ગ્રામ્ય નારીના નખરા અને સુંદરતાને નાજુક રીતે રજૂ કરે છે. 'બડે નખરેવાલી' અને 'નમકીન' જેવી વાત નારીના ગુસ્સામાં છુપાયેલી મોહકતાને ઉપસાવે છે. આ ગીત ફિલ્મની હિંસા વચ્ચે હળવો રોમેન્ટિક માહોલ જમાવે છે, જે ધર્મેન્દ્ર અને હેમા માલિનીની જોડી પર ફિલ્માયેલું હોવાથી વધુ મજેદાર લાગે છે.

'જબ તક હૈ જાન'માં બસંતીનું નૃત્ય અને

**'दिल लिया है, प्यार किया है तो देना पडेगा मुहब्बत का इम्तहाँ'**

જેવી પંક્તિઓ પ્રેમની પરીક્ષાની વાત કરે છે. અહીં બદલાને બદલે પ્રેમ માટે બલિદાન આપવાનો સંદેશ છે. ડરામણા ડાકુના અડ્ડામાં હોવા છતાં બદલાની વાત નથી, પણ 'પ્રેમમાં પરીક્ષા આપવી પડે' જેવી ઉદાત્ત વાત બક્ષીજીએ અહીં કહી છે.

'શોલે'નાં ગીતોમાં બક્ષીસાહેબની લેખનશૈલીએ એને એક ફિલ્મથી આગળ વધારી ભારતીય સંસ્કૃતિનો અમર હિસ્સો બનાવી છે. આ ગીતો આજે પણ હૈયામાં ગુંજે છે, જે બક્ષીસાહેબના શબ્દોનો અનેરો જાદુ છે.

બક્ષીસાહેબ માનતા હતા કે ગીતો લખવા મૂડ નહીં, નિષ્ઠા જોઈએ. એ પરિવાર વચ્ચે બેડરૂમમાં બેસીને ગીતો લખતા. નિર્માતા કરોડો રોકે છે, દર્શક પૈસા બચાવીને થિયેટર આવે છે ત્યારે સહુના પૈસા વસૂલ થવા જોઈએ. 'હોલી કે દિન'માં બાળપણની યાદો, 'મેહબૂબા'માં રોમાંસની છાંટ અને 'કોઈ હસીના'માં નારીની નજાકતમાં હિંસા વચ્ચે બક્ષીસાહેબે દરેક ગીતમાં બખૂબી લાગણીઓનો રંગ ભર્યો છે. ■

**ધ એન્ડ :**

*જાણીતા નિર્માતા સુલતાન અહેમદે ડાકુના પાત્રને ધ્યાનમાં રાખીને જ પોતાની બધી ફિલ્મો બનાવી હતી.*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# સમસ્યાની સમસ્યાઃ આજ ભી ઔર કલ ભી...



**ભારત** સિવાય બીજા દેશોમાં ગંભીર ઘટનાઓને સમસ્યા તરીકે લેવામાં આવે છે. એના વિશે કારણો શોધવામાં આવે છે અને ભવિષ્યમાં એ ઘટના પાછી ન બને એ માટેનાં જરૂરી પગલાં લઈ એને ખતમ કરવા માટે તૈયારીઓ કરવામાં આવે છે, પણ ભારત દેશની એક કલ્ચરલ ક્યુટનેસ એ છે કે આપણે મોટી સમસ્યાઓને ખાલી ઘટના તરીકે જોઈએ છીએ. આમાં શું છે કે સરકારને આરામ રહે છે અને જેના પર આ દુઃખ વિતે છે એ પણ ભગવાનની ઈચ્છા માનીને અંતે થોડા દુઃખી થઈને પણ સહન કરી લે છે. ઉદાહરણ તરીકે પૂર આવે ત્યારે એમાં લોકોનું ડૂબી જવું કે ઘરબાર બધું પાણીમાં તણાઈ જવું, એ કંઈ ગંભીર સમસ્યા નથી! એ તો દર વર્ષે બનતી ઘટના છે. એમાં શું? હા, એ ઘટના પર સમાચાર જરૂરથી બને છે. એમાં પણ જ્યારે એ ઘટનામાં વધારે લોકોની મોત થઈ હોય ત્યારે જ એ સમાચાર પર થોડી ઘણી સહાનુભૂતિ મળી શકે છે, નહિતર આ એક માત્ર સામાન્ય સમાચાર બનીને રહી જાય છે!

આ દેશમાં રોજ આવી ઘટનાઓ અને આવા સમાચારો તો બનતા જ રહે છે. જેવી રીતે એક હોડીનું નદીમાં પલટી જવું, એક જીપનું ઝાડ સાથે અથડાવવું, સ્કૂટરને ટ્રકની ટક્કર લાગવી, કોઈ મકાનની છત અચાનક ધસી પડવી, તળાવમાં નહાવા જતાં છોકરાઓનું ડૂબી જવું, મહામારીમાં એક સાથે ઘણા લોકોનાં મોત થવાં, રેલવેના ડબ્બાઓનું પાટા પરથી ઊતરી જવું, અચાનક કંપનીમાંથી ઝેરી ગેસ લીક થઈ જવો, બેંકમાં લૂંટફાટ, ઘરમાં એકલી સ્ત્રી જોઈને એના પર બળાત્કાર કરવો, છોકરીઓને લાલચ આપી એને વેશ્યા બનાવવા માટે વેચી મારવી, અંધશ્રદ્ધા માટે સંતાનોની બલિ ચઢાવવી, વીમા માટે પોતાના જ ઘર કે ફેક્ટરીમાં આગ લગાડી સંપત્તિનો નાશ કરવો, સાસરામાં વહુઓનું અચાનક સળગી જવું, વગેરે, વગેરે આપણા દેશની સમસ્યાઓ નથી. પણ આ બધી ઘટનાઓ છે. અખબારમાં આ વાતો છપાય છે એ જ બહુ મોટી વાત છે. સરકાર પણ આ ઘટનાઓ વિશે વાંચતી તો જરૂર હશે, પણ એવી રીતે જેમ આખો દેશ વાંચે છે!

સરકાર સમસ્યાઓ સામે લડી રહી છે તો પછી ઘટનાઓની તરફ ધ્યાન કેવી રીતે આપી શકે? એમને સમસ્યાઓમાંથી ફુરસદ જ નથી મળતી....આથી કેટલાક લોકો કહે છે કે,

આપણે લોકો ઘટનાઓ જેમ કે- પૂરમાં લોકોનું ડૂબી જવું, વહુઓ સળગી જવું અથવા મકાન પડી જવું વગેરેને સમસ્યા બનાવીને રજૂ કરીએ છીએ, પણ સરકાર આ બધાને ઘટનાથી વધારે માનતું જ નથી! સમસ્યાઓ તો કાયમ ચાલતી જ રહે છે, પણ ઘટનાઓને ભૂલાવી દેવાય છે. એટલે જ સરકાર ક્યારેય ઘટનાને સમસ્યા નથી બનવા દેતી! દર વર્ષે પૂરમાં લોકો ડૂબતા રહે છે, બળાત્કાર થતા રહે છે, જુનાં અથવા નવાં મકાનો ધરાશાયી થતાં રહે છે અને આપણી સરકાર વ્યવસ્થા એને ભૂલીને પાછી એવી જ ઘટનાના સમાચાર વાંચવાની રાહ જુએ છે. એરપોર્ટના રસ્તે મુસાફરોને લૂંટવા, ચાકુ વડે હુમલા થવા, આ બધી ઘટના છે જે રોજ બનતી રહે છે.

અને વર્ષો સુધી પણ એને ઘટના તરીકે જ યાદ કરવામાં આવશે. આવી ઘટનાઓને સમસ્યાનો રાષ્ટ્રીય દરજ્જો ક્યારેય મેળવી શકશે નહીં. આવી બધી ઘટનાઓ પ્રત્યે આપણું વલણ હંમેશાં તટસ્થ હોય છે અને સરકારનું પણ એવું જ છે!

સમસ્યાઓને લઈને સરકાર કાયમ ચિંતામાં રહે છે, પણ જ્યારે એ સમસ્યા શબ્દનો ઉપયોગ કરે છે ત્યારે એનો મતલબ ક્યારેય આ પ્રકારની ઘટનાઓની સાથે નથી હોતો, જે રોજ રોજ બનતી હોય છે. શું થયું? પૂરમાં લોકો ડૂબી ગયા? એવું તો ચાલ્યા કરે...ગયા વર્ષે પણ તો ડૂબ્યા હતા ને! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

## અમદાવાદની મેટ્રો ટ્રેનઃ

# સસ્તો ને આરામદાયક પ્રવાસ...

**ભારતમાં** રેલવે ટ્રેનનો ઇતિહાસ ખૂબ જ રોચક છે, પ્રથમ સ્ટીમ એન્જિન જે કોલસાથી ચાલતી ટ્રેન તે નેરો ગેજથી શરૂઆત થઈ. પછી મીટરગેજ અને અત્યારે બ્રોડગેજ ચાલે છે. આમ સ્ટીમ એન્જિનનો યુગ ખૂબ લાંબો ચાલ્યો પછી ડીઝલ એન્જિનનો યુગ આવતા છુકછુક એન્જિને વિદાય લીધી ને ઝડપી યુગનાં એંધાણ દેખાવા લાગ્યા. ડીઝલ એન્જિન બાદ ઇલેક્ટ્રિક એન્જિન આવ્યા, તેમાં ઝડપી ટ્રેનો બનવા લાગી. આજે જે બુલેટ ટ્રેન જાપાનમાં ચાલે છે તે પણ અમદાવાદથી મુંબઈ વચ્ચે થોડા વર્ષમાં જોવા મળશે. આજે આપણે ગુજરાતનું પાટનગર ગાંધીનગર, અમદાવાદ વચ્ચે ચાલતી મેટ્રો ટ્રેન વિશે જાણીશું.

અમદાવાદ અત્યારે ટ્રાફિક સમસ્યાથી તરબતર છે, બસ, રેલવે, રિક્ષા, મોટર, સ્કૂટર આમ તેમ દોડાદોડ કરે છે, એવામાં ટ્રાફિકને કંટ્રોલ કરવા સરકારે અમદાવાદ મેટ્રો ચલાવવાનો નિર્ણય લીધો. તેમાં ખૂબ જ ખર્ચ હોવા છતાં મેટ્રો ટ્રેન ચાલુ કરી. મેટ્રો રેલવે સિમેન્ટનાં પિલર ઉપર ને આર.સી.સી.થી ખાસી ઊંચાઈએ સ્ટેશન બનાવ્યા એટલે મેટ્રો ચાલે ત્યારે ટ્રેક કે સ્ટેશન પર કોઈ ફાલતુ વ્યક્તિ આવી જ ના શકે. તેવી કડક વ્યવસ્થા કરીને લાંબા ત્રણ ડબ્બા ફૂલી એ. સી. ને અત્યાધુનિક સિસ્ટમ.ને આ ટ્રેનમાં બેસવા માટે સ્ટીલના બાંકડા નાના રાખેલ છે. વચ્ચે સ્પેસ વધારે હોવાથી વધુ પેસેન્જર ઉભા રહી શકે તે માટે ઘણા હેન્ડલ રાખેલ છે અને સ્ટેશન આવે ત્યારે બે દરવાજા પહેલો સ્ટેશનનો દરવાજો ખુલે તેની સાથે ટ્રેનનો દરવાજો ખુલે ટ્રેન ચાલુ થતા જ બધા દરવાજા બંધ થાય પછી જ ટ્રેન ચાલુ થાય. સ્પીડલી મેટ્રો ટ્રેનમાં ટૂંકા અંતરનાં ઘણા સ્ટેશન છે. જેથી તમામ વિસ્તારને લાભ મળે મેટ્રો ટ્રેનની ખાસ વિશેષતા તે છે કે ઓન્લી ૧૦ રૂપિયાથી ૨૦ રૂપિયામાં. અમદાવાદથી ગાંધીનગર જઈ શકો તેમ જ દરેક રેલવે સ્ટેશન પર કડક ચેકીંગ, જવા કે આવવા માટે ટિકિટ ફરજીયાત હોવી જરૂરી સ્કેનિંગ થાય તો જ દરવાજો ખુલે ને તમે અંદર, બહાર નીકળી શકો.

જી હા, અને દર પાંચ, સાત મિનિટે ટ્રેન મળે. ચડવા-ઉતરવા માટે ઇલેક્ટ્રિક સીડી, લિફ્ટની સુવિધા છે. આમ ૧૦ કે ૨૦ રૂપિયામાં અમદાવાદનાં આ છેડાથી બીજા છેડે જઈ શકો એવી સુવિધા મેટ્રો ટ્રેન આપે છે.

અમદાવાદ મેટ્રો એ ભારતના ગુજરાત રાજ્યના અમદાવાદ, ગાંધીનગર અને ગિફ્ટ સિટી શહેરો માટે એક ઝડપી પરિવહન વ્યવસ્થા છે. હાલમાં નેટવર્ક ૫૮.૮૭ કિમી. (૩૬.૫૮૦ માઇલ) લાંબું છે અને તેમાં ૪૭ કાર્યરત સ્ટેશનો છે. લાંબા નોર્થ-સાઉથ કોરિડોરમાં ૧૫ સ્ટેશન છે. સાબરમતી, એઇસી, સાબરમતી રેલવે સ્ટેશન, રાણીપ, વાડજ, વિજયનગર, ઉસ્માનપુરા, ઓલ્ડ હાઇકોર્ટ, ગાંધીગ્રામ, પાલડી, શ્રેયાંશ ક્રોસિંગ, રાજીવનગર અને જીવરાજ સ્ટેશન રહેશે.

લાઇન ૧- બ્લુ લાઇન (પૂર્વ-પશ્ચિમ લાઇન): થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ અમદાવાદ મેટ્રોની બ્લુ લાઇન, ૨૦.૭૮ કિમી.થી વધુ લંબાઈમાં ફેલાયેલી છે, જેમાં ૧૭ મેટ્રો સ્ટેશન કાર્યરત છે.

ગુજરાતમાં મેટ્રોના વિકાસ માટે એક સરકારી પહેલ કરવામાં આવી હતી, આમ ગુજરાતમાં મેટ્રો રેલના બાંધકામની દેખરેખ રાખવા માટે GMRCની રચના કરવામાં આવી હતી.

ફેઝ-૨ માટે ટેન્ડરિંગ જાન્યુઆરી ૨૦૨૦માં શરૂ થયું હતું. ૧૮ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ, ફેઝ-૨નો શિલાન્યાસ પ્રધાનમંત્રી મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.





ફેઝ-૨ નો ટ્રાયલ રન ફેબ્રુઆરી ૨૦૨૪ માં GNLU અને ધોળાકૂવા સર્કલ સ્ટેશનો વચ્ચે શરૂ થયો હતો. ગાંધીનગરના સેક્ટર-૧ સ્ટેશનને રેડ લાઈન અને બ્રાન્ચ વાયોલેટ લાઇન સાથે જોડતી યલો લાઇન અને આઠ સ્ટેશનોનું ઉદ્‌ઘાટન ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. યલો લાઇન પરના સાત નવા સ્ટેશનો ૨૭ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જાહેર જનતા માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. ૨૦૦૩ માં, ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે શહેરી પરિવહન માટે અભ્યાસ હાથ ધર્યો. તેણે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન અને RITES દ્વારા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ પણ હાથ ધર્યો અને જૂન ૨૦૦૫માં તેને સબમિટ કર્યો અને તે જ વર્ષે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી. ૪,૨૯૫ કરોડ ના અંદાજિત ખર્ચ અને પ્રોજેક્ટની કાર્યક્ષમતાના અભ્યાસ પછી, ૨૦૦૫માં અમદાવાદ BRTS અને ઉપનગરીય રેલ્વે પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપવા માટે તેને છોડી દેવામાં આવ્યો. ૨૦૦૮ માં, અમદાવાદ અને ગાંધીનગર અને તેની આસપાસના ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખીને, પ્રોજેક્ટને પુનર્જીવિત કરવામાં આવ્યો અને પ્રોજેક્ટને વ્યવહારુ બનાવવા માટે નવા કોરિડોર ડિઝાઇન કરવામાં આવેલ. સ્પેશિયલ પર્પઝ વ્હિકલ કંપની, મેટ્રો લિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ કંપની લિમિટેડ, જેને પાછળથી ૨૦૧૮માં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (GMRC) નામ આપવામાં આવ્યું, તેની સ્થાપના ગુજરાત સરકારે ૪ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ ૨૦૨ કરોડ સાથે કરી હતી. પાછળથી ૨૦૧૪ માં, એવું નક્કી કરવામાં આવ્યું કે કેન્દ્ર સરકાર કંપનીમાં ૫૦% હિસ્સો ધરાવશે. આવી ગુજરાતની મેટ્રોમાં આરામ દાયક મુસાફરી કરવા માટે એક વાર મેટ્રો ટ્રેનમાં બેસજો તો મોજ આવી જશે. ■



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ૧૪ વર્ષના ‘મોતવાસ’ પછી જીવ આળસ મરડી જાગ્યો



૧૪ વર્ષના વનવાસ પછી શ્રી રામ પાછા ફર્યા બાદ અયોધ્યામાં આનંદોત્સવ શરૂ થયો હતો અને સ્થૂળ રૂપે તેમ જ સૂક્ષ્મ સ્વરૂપે રામરાજ્યની સ્થાપના થઈ હતી. જોકે, રાજસ્થાનના ધૌલપૂર જિલ્લામાં ૧૪ વર્ષના ‘મૃત્યુવાસ’ પછી એક જીવ આળસ મરડીને બેઠો થયો અને વિવાદાસ્પદ પ્રોપર્ટી પોતાના નામે રજીસ્ટર કરવામાં પણ સફળ રહ્યો છે. આ સિરિયલ-સપનામાં જ વિચારી શકાય એવી ઘટનાને કારણે ખળભળાટ મચી ગયો છે. કોઈ આને ચમત્કારિક ઘટના તો કોઈ એને છેતરપિંડી ગણે છે.

વાત એમ છે કે જિલ્લાના એક ગામના નિવાસી મંત્રરાજના પુત્ર મૂલચંદનું ૨૦ માર્ચ, ૨૦૧૧ના દિવસે અવસાન થયું હતું. એના નામે ડેથ સર્ટિફિકેટ સુધ્ધાં જારી કરવામાં આવ્યું હતું. મૃત્યુના ૧૪ વર્ષ પછી મૂલચંદના નામે જ નકલી દસ્તાવેજોના આધારે પ્રોપર્ટી રજીસ્ટ્રેશન કરી દેવામાં આવ્યું છે. મંત્રરાજનો કોઈ વારસ ન હોવાથી એની પ્રોપર્ટી કોના નામે ચડાવવી એનો વિવાદ થવાની સંભાવના તો હતી જ. જોકે, કોઈ ભેજાબાજે મૃત વ્યક્તિને જીવંત બનાવી લીલાલહેર કરવાના મનસૂબા રચ્યા, પણ ફરિયાદ થતા પોલીસે કાર્યવાહીના ચક્રો ગતિમાન કરી દીધા છે.

## ચીમળાયેલી નોટ પર ગાંધીજીનો ચહેરો વધુ હસમુખ




‘ડૉક્ટર પૃથ્વી પર વસતા ભગવાન છે’ એવી ઉક્તિને સમર્થન આપતા દાખલા પણ જોવા મળે છે. ઝારખંડના રાંચી શહેરના ન્યૂરો એન્ડ સ્પાઈન સર્જન ડૉ. વિવેક કુમારે કરેલી ટ્રીટમેન્ટથી દર્દીને શારીરિક રાહત તો થઈ, દિલ - દિમાગને તેનાથી અનેકગણી રાહત થઈ અને સરવાળે જે થયું એ જાણી માનવ સમાજને પણ ટાઢક થઈ હશે. થયું એવું કે ઈન્સ્ટિટ્યૂટમાં એક મા માથા પર ગંભીર ઈજા ધરાવતી છ મહિનાની દીકરીને લઈને આવી. એના ચહેરા પર ઈજાની ગભરામણ અને સારવારના પૈસા ચૂકવવાની અસમર્થતાની અકળામણ હતા. ડૉ. વિકાસ જરૂરિયાતમંદોને મદદરૂપ થતા હોવાની જાણ થતા મા એમની પાસે આવી બોલી કે ‘મારી પાસે દીકરીની સારવારના પૈસા નથી.’ ડૉક્ટરે સ્મિત સાથે વિનામૂલ્ય સારવાર કરી આપવાની તૈયારી દેખાડી. ઈલાજ પછી નીકળતી વખતે ડૉક્ટરના ખિસ્સામાં ચીમળાઈ ગયેલી એક ૫૦ રૂપિયાની નોટ સેરવી ગઈ એ મા!. ડૉક્ટરે ના પાડતા મા બોલી કે ‘દીકરા, તે મફત ઈલાજ તો કર્યો, પણ અમારા ‘ધન્યવાદ’ છે જે સ્વીકારીશ તો મને રાજીપો થશે.’ આ સાંભળી ડૉક્ટરની આંખો સજળ થઈ અને મમતાનું મૂલ્ય અને આત્મ સન્માનના સરવાળા જેવી એ નોટ મોટા દલ્લા જેવી લાગી. એટલે જ મેલી, ચીમળાયેલી પણ અત્યંત મૂલ્યવાન એવી ૫૦ રૂપિયાની નોટ પર ગાંધીજીનો ચહેરો વધારે હસમુખ લાગે છે.


## દાદીમા જોઈએ છે? કલાકના ૨ હજાર રૂપિયા રોકડા!



એકવીસમી સદીની આ કમાલ છે. યંગ જનરેશન મબલક કમાણીને પ્રાધાન્ય આપી દરેક વસ્તુ પૈસાના જોરે ખરીદી શકાય એવું માને છે. ઘર, ઘરવખરી, લક્ઝરી આઈટમથી વાત આગળ વધીને વ્હાલ સુધી પહોંચી ગઈ છે. લગ્ન કરવા ઝંઝટ લાગતી હોવાથી લિવ ઈન રિલેશનશિપમાં રહેતો યુવા વર્ગ હવે ઘરના ભાણાનો સ્વાદ માણવા કે પછી અંગત સમસ્યાનો ઉકેલ મેળવવા કે પછી માથામાં હાથ પસરાવી વ્હાલ કરે અને રાત્રે બાળકોને વાર્તા સંભળાવે એવા દાદીમા ભાડે લેતો થયો છે.

આ કોઈ કલ્પના નથી બલ્કે જાપાનમાં જોવા મળતી વરવી વાસ્તવિકતા છે. પોતાના ગ્રાહકોને સફાઈ અને અન્ય ઘરકામની તેમજ પાળેલા પ્રાણીની દેખભાળની સર્વિસ પૂરી પાડતી એક જેપનીઝ કંપની એક અનોખી સર્વિસ પૂરી પાડી રહી છે, જેમાં ૬૦થી ૯૪ વર્ષની ઉંમરના દાદીમા કલાકના ૩૩૦૦ યેન (આશરે બે હજાર રૂપિયા)નો ચાર્જ ચૂકવી તેમની હૂંફ મેળવી શકાય છે. એટલું જ નહીં આ કંપની તમારા વતી કોઈ કાર્યક્રમમાં હાજરી આપે એવી વ્યક્તિ અને કંપનીમાંથી રાજીનામું આપવાની વિચિત્ર પરિસ્થિતિમાં મૂકી દેતી પ્રક્રિયા પણ પાર પાડે છે.

## ઉંમર ૬૦ની ઉમંગ ૧૬નો...




‘ઉંમર પચપન કી દિલ બચપન’ ફિલ્મમાં ઉંમરને ઉમંગ સાથે કોઈ નિસ્બત નથી એ દર્શાવવામાં આવ્યું હતું. તામિલનાડુમાં ૬૦, ૬૭, ૬૮ વર્ષના ત્રણ વડીલોએ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટ (નીટ)માં સફળતા મેળવી છે અને ડોક્ટર બનવાના સપનાં સાથે ‘એમબીબીએસ’ના કોર્સ માટે અરજી કરી છે. આશ્ચર્યની વાત તો એ છે કે ૩૫ વર્ષથી વધુ ઉંમરના ૨૫ ‘વિદ્યાર્થીઓ’ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ કોર્સમાં એડમિશન મેળવવા થનગની રહ્યા છે. ઉમંગને ઉંમર સાથે નિસ્બત ન હોય એ અહીં સિદ્ધ થાય છે.

જાણવા જેવી વાત એ પણ છે કે આમાંના કેટલાક ઉમેદવારોને મળેલા માર્ક એમને અનામત શ્રેણી હેઠળ પ્રવેશ માટે તેમ જ સરકારી કોલેજમાં રાહતના દરે અને પ્રાઈવેટ કોલેજમાં વિના મૂલ્યે પ્રવેશ માટે પાત્ર ઠેરવે છે. વડીલોના ઉત્સાહ - ઉમંગને બે હાથની સલામ પણ ૬૦ વર્ષ વટાવી ચૂકેલી આ ત્રિપુટી સખત પરિશ્રમ માગતા આ કોર્સને યોગ્ય ન્યાય આપી શકશે? હાઉસ સર્જરી દરમિયાન ૨૪ કલાકની શિફ્ટમાં કામ કરવાની ત્રેવડ ધરાવે છે ખરા? આ એવા સવાલ છે જેના જવાબ જાણવા જરૂરી છે. બીજી એક મહત્ત્વની વાત એ પણ છે કે જો આ વડીલ વિદ્યાર્થીઓ કોર્સ અધવચ્ચે છોડી દેશે તો એમણે ૧૦ લાખ રૂપિયાનો દંડ અને રાહત વગરની કોર્સ ફી પણ ચૂકવવી પડશે. ટૂંકમાં વિચારપૂર્વક આગળ વધવું એનો સ્પષ્ટ ઈશારો છે.

## લ્યો કરો વાત!

*ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા હોય કે ન હોય, મંદિર - દેરાસરમાં પ્રવેશતા દરેક વ્યક્તિ પગરખાં ઉતારી જ લે છે. ધર્મ સ્થાનક પવિત્ર ગણાય તેમ જ ચોખ્ખાઈ જળવાઈ રહે એ હેતુ હોય છે. ઉત્તર પ્રદેશના કોઈ ગામમાંથી શહેરના મોલમાં ફરવા આવેલા એક દાદીમા હાથમાં ચપ્પલ પકડી ટહેલતા જોવા મળ્યાં હતાં. પ્રથમ નજરે ‘ગામના લોકો ગમાર હોય’ એવી પ્રતિક્રિયા જન્મે પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ‘ગામડાના રહીશો ગમાર નહીં, સંસ્કારી હોય છે અને એટલે ચપ્પલના તળિયે ચોંટેલી ધૂળ - માટી મોલમાં ફેલાય નહીં એટલે હાથમાં પકડીને જાય છે’ એવી અનેક કોમેન્ટ આવી. સાથે એવું કહેનારા પણ હતા કે ‘મોલની ફરસ લીસી હોવાથી લપસી પડવાનો ડર હોવાથી દાદીમાએ સમજદારી દેખાડી છે.’* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પત્નીને કેવી રીતે રાજી રાખી શકાય?**
* બજેટ કેટલું છે?

**ઓછું ભણેલી કોઈ યુવતી લેક્ચરર કેવી રીતે બની શકે?**
* પરણીને પતિને લેક્ચર આપીને.

**ઘરવાળી અને બહારવાળીમાં ફરક શું?**
* સંબંધ- સંબોધન ને સરનામાંનો!

**શિક્ષિકા જ્યારે વિદ્યાર્થીને ભગાડી જાય તો કયો સિદ્ધાંત લાગુ પડે?**
* પ્રેમ પલાયનવાદનો....

**સમોસા, જલેબી, પકોડા, વડાપાંઉ શરીર માટે હાનિકારક હોય તો બીજું ખાવું શું?**
* બોસના ઠપકા અને પત્નીનાં મ્હેણાં!

**જમાઈને ક્યાં સુધી કુમાર કહેવા જોઈએ?**
* નજર સામે હાજર હોય ત્યાં સુધી...

**પત્તાનો મહેલ બને તો ઝૂંપડી કેમ નહીં?**
* પૈસા ઓછા મળે એટલે કારીગરો ના પાડતાં હશે...

**કાગડો બોલે તો મહેમાન આવે. પણ મહેમાન માથે પડે તો?**
* યજમાને બોલવું પડે...

**ડોક્ટર બીમાર પડે તો ક્યા ડોક્ટરની દવા લે?**
* ફી ન લે એવા ડોક્ટરની...

**ઘરડાં ગાડાં પાછા વાળે તો જુવાનિયા શું કરે?**
* કાર કઈ આવે...લોનથી!

**જે કદી ના ઊગે એ કયો વડ?**
* બેવડ- ત્રેવડ ને ચોવડ.

**દોઢ ડહાપણ કોને કહેવાય?**
* જે એકથી વધુ અને બેથી ઓછો હોય એને!.

**જન્મ દિનની ઉજવણી ક્યારે યાદગાર બને?.**
* કોઈ પણ પાર્ટી આપ્યા વગર ઢગલાબંધ ગિફ્ટ મળે ત્યારે !

**જેની પાસે કાર ન હોય એને શું કહેવાય?**
* ટીકાકાર...!

કચ્છી ચોવક__ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# સાધુતા ને સંતત્વને કેવા શણગાર?

ઘણા સૌંદર્યથી છલકાતાં હોય તો ઘણાં એવાં પણ હોય છે જે સોળ શણગાર સજેલાં પણ ન શોભતાં હોય. ઘણાની સાદગીમાં જ સૌંદર્ય છલકાતું હોય, તેમને સૌંદર્યની તમન્ના જ ન હોય! તેમને શણગાર સજવા સાથે કોઈ મતલબ જ નથી હોતો! તેમાં સમાજના ઘણા લોકો આવી જતા હોય અને જેમના ચહેરા પર ભક્તિની આભા જોવા મળતી હોય તેવા સંસારી સાધુ અને સંસારથી મુક્ત સાધુઓનો પણ સમાવેશ થતો હોય છે. એટલે જ ચોવક કહે છે: **‘સાધુયેં કે કેડી શોભા?’** અહીં પહેલા બે શબ્દ એક કરીએ ‘સાધુયેં કે’ એટલે સાધુઓને અને ‘કેડી’ એટલે કેવી. શબ્દાર્થ અને ભાવાર્થ વચ્ચે ખાસ અંતર નથી. અર્થ છે: શણગાર સજવા સાથે સંબંધ જ ન હોવો! સાધુતા અને સંતત્વને શણગાર કેવા?

ધોરી ધરાર આપણે જાણતા હોઈએ કે, કોઈ વ્યક્તિ ધરાર ખોટું જ બોલે છે, પણ તે એ રીતે બોલતા હોય છે કે, જાણે એ જે બોલે છે તેજ સાચું છે! આવી ઘણી વ્યક્તિઓ આપણી આસપાસ આપણા સમાજમાં જોવા મળતી હોય છે. એવી વ્યક્તિઓ માટે કટાક્ષ સભર ચોવક પ્રચલિત છે: **‘સચી જી ચોંધલ ભાકી મિડે મરી ખુટા, તૂં હિકડો રેં’** ‘સચી’ એટલે સત્ય. ‘જી’ એટલે ની, ના, નું... વગેરે. ‘ચોંધલ’નો અર્થ થાય છે બધા. ‘મરી ખુટા’ એટલે મરી પરવાર્યા. ‘તૂં હિકડો રેં’ આ ત્રણ શબ્દોના સમૂહનો અર્થ થાય છે: તું એક જ રહ્યો છો. શબ્દનો અર્થ જાણ્યા પછી ચોવકનો અર્થ સ્પષ્ટ થાય છે કે, સત્ય બોલનારા બધા જ મરી પરવાર્યા. હવે તું એક જ રહ્યો છે! અદ્‌ભુત કટાક્ષ ચોવકમાં જોવા મળે છે. પરંતુ ચોવકને કહેવું એટલું જ છે કે, ‘સાચા બોલા હોવાનો દાવો કરનાર (વ્યક્તિ)!

એક બહુ સુંદર ચોવક છે. ‘વિંગે ચંધર કે સૌ કો નમેં’ અહીં પ્રયોજાયેલા ‘વિંગે’ શબ્દનો અર્થ થાય છે: વાંકો. ‘ચંધર’ એટલે ચંદ્ર. ‘કે’ એટલે ને અને ‘સૌ કો નમેં’ એ ત્રણ શબ્દોનો અર્થ થાય છે: સૌ કોઈ નમે (નમે: હાથ જોડે, પગે લાગે). શબ્દાર્થ છે: વાંકા ચંદ્રને સૌ કોઈ હાથ જોડીને પગે લાગે. અહીં મોટા ભાગે ‘બીજના ચંદ્ર’ની વિભાવના સમાયેલી હોય તેવું જણાય છે. બીજના ચંદ્રનું આધ્યાત્મિક મહત્ત્વ દેખાય છે. પરંતુ ચોવક એવો ભાવાર્થ ધરાવે છે કે: (કોઈથી) ડર લાગવો. ડરમાં હાથ જોડી દૂરથી નમસ્કાર કરવા. એ કોઈ વ્યક્તિ, સમૂહ, બાબત કે ઘટના કાંઈ પણ હોઈ શકે છે!


**‘વિજોં હરેં ત અચે ખરેં’** ગુજરાતીમાં તેવી જ અર્થધારી કહેવત છે: જેવું વાવો તેવું લણો! તમે જોયું હશે કે, ખેડૂત જ્યારે પોખ કરતો હોય ત્યારે અનાજના દાણા ધીરે ધીરે ચાસમાં નાખતો હોય છે, દાણા તેના અંતર અને પ્રમાણના ભાન સાથે નખાતા હોય છે. ચોવક એજ કહેવા માગે છે કે, યોગ્ય સમજ અને સભાનતા સાથે કરણી કરવી જોઈએ. કોઈ પ્રયાસનાં ફળ મેળવવાં હોય તો કરણીનું પ્રમાણભાન જાળવવું પડે છે. શબ્દોના અર્થ જોઈએ: ‘વિજોં’ એટલે નાખવું (પોખવું) ‘હરેં’ એટલે ધીરેથી (પ્રમાણભાન જાળવવું) ‘ત’ એટલે તો. ‘અચે’નો અર્થ થાય છે: આવે, અને ‘ખરેં’ એટલે ખરવાડ. જો પ્રમાણભાન સાથે પોંખણાં કર્યાં હોય તો, તે પ્રમાણે જ અનાજ પાકીને ખરવાડમાં આવે!

અવળા રસ્તે ચઢી જનારા લોકો માટે એક ચોવક છે: **‘વાંણ કડે ચડી વ્યો’** ‘વાંણ’ એટલે વહાણ. ‘કડે’ એટલે ખોટા માર્ગે અને ‘ચડી વ્યો’ એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છે: ચડી જવું. શબ્દો પ્રમાણે અર્થ થાય છે: વહાણ ખોટા માર્ગે ચઢી ગયું, પરંતુ ભાવાર્થ જીવનરૂપી વહાણ સાથે સંબંધ ધરાવે છે. જીવન માર્ગમાં અવળે માર્ગે ચઢી ગયા પછીની સમજ કે પસ્તાવો ચોવક દર્શાવે છે. કોઈ અવળા માર્ગે ચઢી ગયું હોય ત્યારે સમાજના લોકો પણ તેની સ્થિતિ દર્શાવતાં કહે છે: **‘વાંણ કડે ચડી વ્યો’**. ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# વ્યક્તિત્વ ઘડતરમાં મનની ભૂમિકા મહત્ત્વની છે...

### મનની શક્તિને કેન્દ્રિત કરવા હંમેશાં પોઝિટિવ વિચારો કરવા જોઈએ



**મન** એ મનોવૈજ્ઞાનિક ઘટના અને ક્ષમતાઓનો સમૂહ છે, જે સભાન અને અભાન બંને સ્થિતિને સમાવે છે. મન શબ્દનો ઉપયોગ ક્યારેક સંકુચિત અર્થમાં ફક્ત દ્રષ્ટિ,તર્ક,જાગૃતિ અને યાદશક્તિ સાથે સંકળાયેલા જ્ઞાનાત્મક કાર્યોનો સંદર્ભ આપવા માટે થાય છે.વ્યાપક અર્થમાં,તેમાં લાગણી,પ્રેરણા અને વર્તન જેવી અનેક પ્રક્રિયાઓનો પણ સમાવેશ થાય છે.

આમ તો મનની ચોક્કસ વ્યાખ્યા વિવાદિત છે. સામાન્ય રીતે સ્વીકારવામાં આવે છે કે કેટલાક બિન-માનવ પ્રાણીઓમાં પણ મન હોય છે,ત્યારે સીમા ક્યાં છે તે અંગે કોઈ સહમતી નથી. આમાં અનેક વિવાદ હોવા છતાં, વ્યાપક સંમતિ છે કે માનવ જીવનની ચેતના,લાગણીઓ,વિચારો અને વ્યક્તિગત ઓળખની ભાવનામાં મન કેન્દ્રિય ભૂમિકા ભજવે છે. પૂછપરછનાં વિવિધ ક્ષેત્રો મનનો અભ્યાસ કરે છે- મુખ્યત્વે મનોવિજ્ઞાન, જ્ઞાનાત્મક વિજ્ઞાન, ન્યુરોસાયન્સ અને મનની ફિલસૂફીનો સમાવેશ થાય છે. માનસ અને માનસિકતા શબ્દો સામાન્ય રીતે મનના સમાનાર્થી તરીકે ઉપયોગમાં લેવાય છે. તે ઘણી વાર આત્મા, ભાવના, જ્ઞાન, બુદ્ધિ અને મગજ જેવા શબ્દો સાથે પણ ઉપયોગમાં લેવાય છે, પરંતુ આત્મા શબ્દના વિવિધ અર્થ છે, જે મન સાથે સીધા સંકળાયેલા નથી. જ્ઞાન ચોક્કસ પ્રકારની માનસિક પ્રક્રિયાઓનો સમાવેશ કરે છે, જેમાં જ્ઞાન પ્રાપ્ત થાય છે. બુદ્ધિ એ એક માનસિક ક્ષમતા છે જે વિચાર, તર્ક અને સમજણ માટે જવાબદાર છે. જ્ઞાન પ્રાપ્ત કરવા, સમજવા અને લાગુ કરવાની ક્ષમતા તરીકે બુદ્ધિ ગાઢ રીતે સંબંધ ધરાવે છે.

### મગજ મનના બે પ્રકાર છે:

### ચેતન મન અને અચેતન મન

માનવને મન સ્વરૂપે એક અદ્‌ભુત અને અસીમ શક્તિ મળી છે. મનને વૈજ્ઞાનિકોએ અને માનસશાસ્ત્રીઓએ વિવિધ પ્રકારથી વિભાજિત કરેલું છે.તેમાં મુખ્યત્વે બે ભાગની ચર્ચા થાય છે ચેતન મન (Conscious Mind) અને અચેતન મન (Sub-conscious). આ બંને મનના પ્રકાર માનવ વ્યક્તિત્વના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### ચેતન મન શું છે?

ચેતન મન એ મનનો એવો ભાગ છે જે આપણી દૈનિક ચેતન ક્રિયાઓ માટે જવાબદાર છે.આપણે આ લખાણ વાંચી રહ્યા હોઈએ, કોઈ નિર્ણય લઈ રહ્યા હોઈએ કે કોઈ સમસ્યાનું વિશ્લેષણ કરી રહ્યા હોઈએ ત્યારે આપણા ચેતન મનની જ કાર્યશીલતા હોય છે. ચેતન મનનું ક્ષેત્ર સીમિત છે, પણ તેનું કાર્ય અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ચેતન મન વિચાર કરાવે છે, વર્તનને નિયંત્રિત કરે છે, તાત્કાલિક નિર્ણય લે છે અને દ્રષ્ટિગોચર વાતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માનસશાસ્ત્રીઓનું માનવું છે કે આપણે આપણા સમગ્ર મનનો માત્ર દસ ટકા ભાગ જ ચેતન રૂપે ઉપયોગ કરીએ છીએ. બાકીના નેવું ટકા ભાગમાં અચેતન મન કાર્યરત રહે છે.

### અચેતન મન શું છે?

અચેતન મન એ મનનો એવો ભાગ છે જે આડકતરી રીતે કાર્ય કરે છે. આપણને તે સીધું દેખાતું નથી પણ તેના અસ્તિત્વનો અહેસાસ કરી શકીએ છીએ. આપણા વ્યવહાર, વલણ, આદર્શ, ડર, શંકા, સ્વપ્ન, અનુકૂળતા/પ્રતિકૂળતા વગેરેને અસર કરે છે. બાળપણથી માંડીને અત્યાર સુધીના તમામ અનુભવ, સંસ્કાર, ભાવના અને યાદગાર ઘટનાઓ તેમાં સંગ્રહિત હોય છે.

અચેતન મન આપણા માનસિક વલણને ઘડે છે. અનુભવ અને સંવેદનાઓને સાચવે છે. સ્વપ્નોની રચના કરે છે. આ મન સ્વયંચાલિત છે. ઉદાહરણ તરીકે કોઈ બાળક જો બાળપણમાં કોઈ ઘટના બાદ પાણીથી ડરવા લાગ્યું હોય તો વૃદ્ધાવસ્થામાં પણ એને પાણી સામે ડર લાગવો એ તેના અચેતન મનની અસર હોય છે. ચેતન અને અચેતન મન એકબીજાના પૂરક છે. ચેતન મન એ દરવાજાની ચાવી છે, જેનાથી આપણે અચેતન મન સુધી પહોંચી શકીએ છીએ.

અચેતન મનનો યોગ્ય દિશામાં ઉપયોગમાં કરવામાં આવે તો તે જીવનમાં આશ્ચર્યજનક પરિણામ આપી શકે છે. તમે જે ઈચ્છો છો તેને સ્પષ્ટપણે વિચારો અને તમારું મગજ તેની સિદ્ધિ માટે કામ કરવાનું શરૂ કરશે. અચેતન મન એ આપણા જીવનમાં ભવિષ્યની રચનાનો મુખ્ય સ્રોત છે.જેની યોગ્ય સમજ અને ઉપયોગ જીવનમાં શાંતિ, સફળતા અને સંતુલન લાવી શકે છે. જો તમે અચેતન મગજને નિયંત્રિત કરવાનું શીખી શકો તો તમે તમારા મનગમતા ક્ષેત્રમાં શ્રેષ્ઠ બની શકો.

આમ આપણી બુદ્ધિ,મન અને અસ્તિત્વનો નેવું ટકા કરતાં વધુ ભાગ સબ Unconscious Mind (અચેતન મન)છે અને દસ ટકા ભાગ Conscious Mind (જાગૃત મન) છે તેવું વિજ્ઞાન કહે છે.

આ દસ ટકામાં આપણે સરેરાશ માણસો બે થી ત્રણ ટકાનો ઉપયોગ કરીએ છીએ અને ચાર ટકા કરતાં વધુ ઉપયોગ કરનારા આઈન્સ્ટાઈન જેવા મહામાનવ બની જાય છે. તે પરથી જાગૃત મનની શક્તિનો સાચો અંદાજ લગાવી શકાય. આ વિષય ઘણો ગૂઢ, રહસ્ય ભર્યો અને જીવનને પ્રગતિ તરફ લઈ જનારો છે.

આપણા ધાર્મિક ગ્રંથોમાં મનની અગાધ શક્તિ વિશે ઘણું કહેવામાં આવ્યું છે ત્યારે મનની શક્તિને કેન્દ્રિત કરવા હંમેશાં પોઝિટિવ વિચારો કરવા, કોઈનું ખરાબ કરવું કે ઈચ્છા કરવી નહીં. મનને હંમેશાં સારા વિચારોથી ભરેલું રાખવું, કેમકે અચેતન મન એના માલિકને શું ગમે છે તે પ્રમાણે તે કામ કરે છે.

તમે કોઈનું ખરાબ કરવાનો વિચાર કરો તો અચેતન મનને સમજતું નથી કે કોઈનું ખરાબ કરવા માટે આ વિચાર છે. તે તો તમને આ ગમે છે તેમ સમજી તમારા માટે દુઃખ લઈ આવે છે અથવા ખરાબ કરે છે.

આના પરથી તેની શક્તિનો અંદાજ વિચારી શકાય. તેના પરથી જ અનેક કહેવત પણ પડી છે કે,‘વાવો તેવું લણો,’ ‘ખાડો ખોદે તે પડે’, ‘જેવું કરો તેવું પામો,’ વગેરે. ■

# આજથી ચોથી ટેસ્ટઃ ગિલ આવી શકે બ્રૅડમૅનની બરાબરીમાં

## મૅન્ચેસ્ટરમાં ભારત જીતીને નવો ઈતિહાસ રચી શકે

મૅન્ચેસ્ટરઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે આજે (ભારતીય સમય મુજબ બપોરે ૩.૩૦ વાગ્યે) સિરીઝની ચોથી ટેસ્ટ શરૂ થશે અને એમાં તેમ જ ત્યાર પછીની ઓવલની છેલ્લી ટેસ્ટમાં જો ભારતનો વિજય થશે તો નવો કૅપ્ટન શુભમન ગિલ અવિસ્મરણીય સિદ્ધિ મેળવશે. તે ઑસ્ટ્રેલિયાના ગ્રેટેસ્ટ ક્રિકેટર અને સુકાની સર ડૉન બ્રૅડમૅનની એક રીતે બરાબરી કરી શકશે. મૅન્ચેસ્ટરમાં ભારતનો રેકૉર્ડ અત્યંત ખરાબ છે. આ શહેરના ઑલ્ડ ટ્રેફર્ડના મેદાન પર ભારત ૧૯૩૬ની સાલથી ટેસ્ટ-ક્રિકેટ રમે છે, પરંતુ અત્યાર સુધી એક પણ ટેસ્ટ નથી જીત્યું. અહીં ઇંગ્લૅન્ડ સામે રમાયેલી નવમાંથી ચાર ટેસ્ટમાં ભારતનો પરાજય થયો છે અને બાકીની પાંચ ટેસ્ટ ડ્રૉમાં ગઈ છે. ઇંગ્લૅન્ડ કોઈ ટેસ્ટ સિરીઝમાં હરીફ ટીમ સામે બે ટેસ્ટના તફાવતથી આગળ હોય, પરંતુ ત્યાર બાદ ઇંગ્લૅન્ડનો એ શ્રેણીમાં પરાજય થયો હોય એવું છેક ૧૯૩૬માં (ફક્ત એક જ વાર) બન્યું હતું. સર ડૉન બ્રૅડમૅનના જમાનામાં (તેમની કૅપ્ટન્સીમાં) ત્યારે ઇંગ્લૅન્ડે પ્રથમ બે ટેસ્ટ જીતી લીધી ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાએ બાકીની ત્રણેય ટેસ્ટ જીતીને શ્રેણીમાં ૩-૨થી વિજય મેળવ્યો હતો. ■

# પંત આજે રમશે, પણ આકાશ નહીંઃ કંબોજને ડેબ્યૂનો મોકો





**મૅન્ચેસ્ટરનો મહારથીઃ** અહીંની પિચ વર્ષોથી ફાસ્ટ બોલરને વધુ મદદ કરનારી રહી છે. એના પર તેમને સારા બાઉન્સ મળશે. આ સ્થળે ટેસ્ટ ફૉર્મેટમાં સૌથી વધુ ૯૭૮ રન જો રૂટે (જમણે) કર્યા છે. મંગળવારે તે છત્રી સાથે મેદાન પર આવ્યો હતો. (પીટીઆઇ)

મૅન્ચેસ્ટરઃ અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં આજે (બપોરે ૩.૩૦ વાગ્યે) શરૂ થનારી ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાં રિષભ પંત વિકેટકીપર તરીકે જ રમશે એવી ચોખવટ કૅપ્ટન શુભમન ગિલે કરી દીધી છે. તેણે એવું પણ જણાવ્યું છે કે પેસ બોલર આકાશ દીપ ઈજાને કારણે આ મૅચમાં નહીં રમે.

અગાઉ એવી અટકળ ફેલાઈ હતી કે ડાબા હાથની આંગળીની ઈજાને લીધે પંત આ મૅચમાં નહીં રમે અને જો તેને રમાડવામાં આવશે તો માત્ર બૅટ્સમૅન તરીકે જ ટીમમાં સમાવવામાં આવશે અને ધ્રુવ જુરેલ વિકેટકીપિંગની જવાબદારી સંભાળશે. જોકે ગિલે હવે પંત બાબતમાં સ્પષ્ટતા કરી દીધી છે.

ઑલરાઉન્ડર નીતીશ રેડ્ડી અને ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ ઈજાને કારણે સિરીઝની બહાર થઈ ગયા છે.

લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં પંત વિકેટકીપર તરીકે માત્ર ૩૫ ઓવર સુધી રમ્યો હતો. તેની ગેરહાજરીમાં ધ્રુવ જુરેલે સબસ્ટિટ્યૂટ તરીકે વિકેટકીપિંગની જવાબદારી સંભાળી હતી. જોકે જુરેલની કીપિંગ દરમ્યાન બ્રિટિશ ટીમને બાય તરીકે પચીસ રન મળ્યા હતા અને ઇંગ્લૅન્ડે બાવીસ રનના માર્જિનથી એ ટેસ્ટ જીતી લીધી હતી.

નવા પેસ બોલર અંશુલ કંબોજને ભારતની સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યો છે. આકાશ દીપની ગેરહાજરીમાં તેને રમાડવામાં આવશે કે નહીં એ બાબતમાં કૅપ્ટન ગિલે પત્રકારોને કહ્યું હતું કે ‘ અમે કંબોજનો પર્ફોર્મન્સ જોયો છે. ટીમને જિતાડવાની તેનામાં ક્ષમતા છે. તે ભારત વતી ડેબ્યૂ કરવાની તૈયારીમાં જ છે એમ કહીએ તો પણ ખોટું નથી. જોકે ઇલેવનમાં તેને સમાવીશું કે પ્રસિદ્ધ ક્રિષ્નાને એ બુધવારે સવારે બધાને ખબર પડી જશે.’

બૅટ્સમૅન કરુણ નાયર (૦, ૨૦, ૩૧, ૨૬, ૪૦, ૧૪) આ સિરીઝમાં સારું નથી રમ્યો. તેના વિશે પુછાતાં ગિલે કહ્યું હતું કે ‘ તે સારો બૅટ્સમૅન છે. પ્રથમ ટેસ્ટમાં તેને તેના નંબર પર બૅટિંગ નહોતી કરવા મળી. તેની બૅટિંગ બાબતમાં કોઈ જ સમસ્યા નથી. કોઈ પણ બૅટ્સમૅન ૫૦ રન પૂરા કરે એટલે અસલ ફૉર્મમાં આવી જતો હોય છે. અમને ખાતરી છે કે તે પણ તેના અસલ ફૉર્મમાં આવી જશે.’ ■

# હરમનપ્રીતની સાતમી સદી, ભારતના ૫/૩૧૮



ચેસ્ટર-લી-સ્ટ્રીટઃ ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં રહ્યા પછી હવે ત્રીજી મૅચમાં ભારતે પ્રથમ બૅટિંગ લીધા બાદ પાંચ વિકેટે ૩૧૮ રન કર્યા હતા. કૅપ્ટન હરમનપ્રીત કૌરે (૧૦૨ રન, ૮૪ બૉલ, ૧૪ ફોર) સાતમી સેન્ચુરી ફટકારી હતી. જેમાઇમાએ ૫૦ રન કર્યા હતા અને બન્ને વચ્ચે ૧૧૦ રનની ભાગીદારી થઈ હતી. પાંચેય બ્રિટિશ બોલરને એક-એક વિકેટ મળી હતી. ભારતીય ટીમે ૩૧૯ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યા બાદ ઇંગ્લૅન્ડે માત્ર આઠ રનમાં પહેલી બે વિકેટ ગુમાવી દીધી હતી. એ બન્ને વિકેટ ક્રાંતિ ગૌડ નામની પેસ બોલરે લીધી હતી. તેણે વિકેટકીપર-ઓપનર ઍમી જોન્સને ચાર રનમાં અને બીજી ઓપનર ટૅમી બ્યૂમૉન્ટને બે રનમાં પૅવિલિયન ભેગી કરી હતી. ■

# બ્રિટિશ ઓપનરો ૯૦ સેકન્ડ મોડા આવ્યા ત્યારે તેમની ક્રિકેટ પ્રત્યેની ભાવના ક્યાં ગઈ હતી?: શુભમન ગિલ



મંગળવારે ગિલની પત્રકાર પરિષદની થોડી મિનિટો પૂર્વે બ્રિટિશ સુકાની બેન સ્ટૉક્સે પત્રકારોને કહ્યું હતું કે ‘ભારતીય ટીમ તરફથી જો શાબ્દિક હુમલા કરાશે તો અમે પણ કંઈ બાકી નહીં રાખીએ.’

મૅન્ચેસ્ટરઃ હોમ-ગ્રાઉન્ડ પર હરીફો સામે હારવાની સ્થિતિમાં આવી જવાય કે કફોડી પરિસ્થિતિમાં મુકાઈ જાય ત્યારે બ્રિટિશ ખેલાડીઓ અને ઑસ્ટ્રેલિયન પ્લેયરો હરીફ ટીમ સામે સ્લેજિંગનું શસ્ત્ર અજમાવતા હોય છે. આઇપીએલની ખ્યાતિ વધી ત્યારથી તેમનું સ્લેજિંગનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું છે, પરંતુ પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝમાં લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં ત્રીજા દિવસની રમતના અંતની થોડી ક્ષણો પહેલાં ઇંગ્લૅન્ડના ઓપનર્સ ઝૅક ક્રૉવ્લી અને બેન ડકેટે જે હરકત કરી એ ભારતીય કૅપ્ટન શુભમન ગિલે મંગળવારે ખુલ્લી પાડી દીધી હતી. ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ખેલાડીઓ ભારત સહિતની હરીફ ટીમોમાં ક્રિકેટ પ્રત્યેની ભાવનાનો અભાવ હોવાની વારંવાર ટિપ્પણી કરતા રહેતા હોય છે, પરંતુ ગિલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે ‘ બ્રિટિશ ઓપનરો એ દિવસે ૯૦ સેકન્ડ મોડા આવ્યા ત્યારે તેમની ક્રિકેટ પ્રત્યેની ભાવના ક્યાં ગઈ હતી?’

ત્રીજી ટેસ્ટમાં હરીફ ખેલાડીઓ વચ્ચે થયેલી ગરમાગરમી વિશે પત્રકાર પરિષદમાં છેલ્લી ઘડીએ પૂછવામાં આવતાં શુભમન ગિલે કહ્યું, ‘ હા, ઘણા લોકો ત્રીજા દિવસની રમતની છેલ્લી ક્ષણો વિશે ચર્ચા કરી રહ્યા છે. હવે મારે એ વિશે બધી સ્પષ્ટતા કરી જ દેવી છે. એ દિવસે (ત્રીજા દિવસે) બ્રિટિશરોની બૅટિંગ આવી ત્યારે સાત મિનિટનો સમય બાકી હતો. જોકે તેઓ ક્રીઝ પર ૯૦ સેકન્ડ મોડા આવ્યા હતા. ૧૦ કે ૨૦ નહીં, પણ ૯૦ સેકન્ડ મોડા આવ્યા હતા. ઘણી ટીમો આ રીતે રમતની શરૂઆતને વિલંબિત કરવાની હરકત કરતી હોય છે. અમે તેમની જગ્યાએ હોત તો અમે પણ ઓછી ઓવર રમવી પડે એવી આશા રાખી હોત, પરંતુ દરેક વાતની રીત હોય (સાવ આડોડાઈ તો ન જ કરાય). ખેલાડીને બૉલ વાગે ત્યારે સારવાર માટે ફિઝિયોને બોલાવવામાં આવે એ ઠીક કહેવાય, પણ ૯૦ સેકન્ડ ક્રીઝમાં મોડા પધારવું એ વળી કઈ ક્રિકેટની ભાવના કહેવાય?’

ત્રીજા દિવસે બ્રિટિશરો બીજો દાવ મળ્યા બાદ ફક્ત એક ઓવર રમ્યા હતા જેમાં બોલર બુમરાહે રમતમાં જાણી જોઈને અડચણો ઊભી કરવાની ઓપનર ક્રૉવ્લીની હરકત ઓળખી લીધી હતી અને મજાકમાં તાળી પાડી હતી. રમતને અંતે બેન ડકેટ અને ભારતીય ખેલાડીઓ વચ્ચે થોડા શબ્દોની આપ-લે થઈ હતી. ■

# ઝામ્બિયા બન્યું આઇસીસીનું ૧૧૦મું મેમ્બર, મૂળ ગુજરાતના બે વહીવટકારો ઝામ્બિયાની ક્રિકેટમાં સક્રિય છે



દુબઈઃ તિમોર-લેસ્ટ અને ઝામ્બિયા નામના બે નાના દેશો હવે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના નવા મેમ્બર બન્યા છે અને એ સાથે ક્રિકેટ જગતનું સંચાલન કરતી દુબઈ-સ્થિત આ સંસ્થાના મેમ્બર-રાષ્ટ્રોની સંખ્યા ૧૧૦ ઉપર પહોંચી છે. ઝામ્બિયાના ક્રિકેટ ઍસોસિયેશન સાથે મૂળ ગુજરાતના બે વહીવટકારો જોડાયેલા છે.


એશિયાના દેશ તિમોર-લેસ્ટ અને આફ્રિકાના રાષ્ટ્ર ઝામ્બિયાના ક્રિકેટ ઍસોસિયેશનને આઇસીસીમાં અસોસિયેટ મેમ્બર તરીકેની એન્ટ્રી મળતાં આ બે દેશના ક્રિકેટરો અને ક્રિકેટપ્રેમીઓ આનંદિત થયા છે.

ઝામ્બિયા આઇસીસીનો મેમ્બર બનનાર બાવીસમો આફ્રિકન દેશ છે, જ્યારે તિમોર-લેસ્ટ પૂર્વ એશિયાનો ૧૦મો દેશ છે જે હવે આઇસીસીમાં પ્રવેશ મળતાં ક્રિકેટની વધુ મૅચો આઇસીસીના અન્ય નાના દેશો સામે રમી શકશે.

સુરત જિલ્લાના લુવારા ગામના ઝુબેર પટેલ ઝામ્બિયન ક્રિકેટ યુનિયનના પ્રમુખ છે. ભરૂચ જિલ્લાના પરીએજ ગામના ફિરોઝ આગાઝ ઝામ્બિયન ક્રિકેટ યુનિયનના સભ્ય છે. બન્ને વહીવટકારોએ સોશિયલ મીડિયામાં આઇસીસીનો આભાર માનતા જણાવ્યું છે કે ‘ અમારી અરજી માન્ય રાખવા બદલ આઇસીસીનો આભાર. અમને આ સમાવેશ સંબંધમાં ટેકો આપનારા દેશોને અમે ધન્યવાદ કહીએ છીએ. અમારા માટે આ સેલિબ્રેશનનો સમય છે અને અમારી ટીમ વધુ ક્રિકેટ મૅચો રમે એના પર તેમ જ ઊંચી રૅન્ક મેળવવા પર ધ્યાન આપીશું.’

ખરેખર તો ઝામ્બિયાએ આઇસીસીમાં પુનઃપ્રવેશ કર્યો છે. આઇસીસીના મેમ્બરશિપને લગતા નિયમોનું પાલન ન કરવા બદલ ૨૦૧૯માં આ દેશને આઇસીસીની મેમ્બરશિપમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું. ત્યારે રશિયા પાસેથી પણ આઇસીસીએ મેમ્બરશિપ પાછી લઈ લીધી હતી અને એક વર્ષની મહેતલ આપી હતી. હવે ઝામ્બિયાનો ફરી મેમ્બર તરીકે સમાવેશ કરાયો છે. ■

# પાકિસ્તાન સામે ભારત ન રમ્યું એટલે ‘ફિક્સર’ સલમાનને મરચાં લાગ્યા!



બર્મિંગમ/કરાચીઃ ભારતના પીઢ ક્રિકેટરોએ રવિવારે અહીં પાકિસ્તાનના વીતેલા વર્ષોના પ્લેયર્સ સામેની વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ની લીગ મૅચમાં રમવાની ના પાડીને પાકિસ્તાનનું નાક કાપી નાખ્યું એનાથી પાકિસ્તાનના ભૂતપૂર્વ ખેલાડીઓનો આક્રોશ બહાર આવેલો દેખાયો છે અને અમુક પાકિસ્તાની પ્લેયર રિતસરના રિસાઈ ગયા છે. સ્પૉટ-ફિક્સિંગને કારણે પોતાની જ કારકિર્દી વેરવિખેર કરી દેનાર ભૂતપૂર્વ કૅપ્ટન સલમાન બટે પોતાની યુટ્યૂબ ચૅનલ પર પૂછ્યું છે કે ‘શું ભારત હવે ઑલિમ્પિક્સમાં કે વર્લ્ડ કપ જેવી આઇસીસી ઇવેન્ટમાં પણ પાકિસ્તાન સામે નહીં રમે?’ યુવરાજ સિંહ ડબ્લ્યૂસીએલમાં ઇન્ડિયા ચૅમ્પિયન્સ ટીમનો કૅપ્ટન છે. શિખર ધવન, સુરેશ રૈના, ઇરફાન પઠાણ, યુસુફ પઠાણ તથા હરભજન સિંહ સહિત તમામ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન વિરુદ્ધ રમવાની ના પાડી હતી જેને પગલે ડબ્લ્યૂસીએલના આયોજકોએ છેવટે આ મૅચને રદ કરવી પડી હતી. હકીકત એ છે કે ડબ્લ્યૂસીએલ પ્રાઇવેટ ટૂર્નામેન્ટ છે અને ભારત એમાં કોની સામે ન રમવું એનો નિર્ણય લઈ શકે. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| CHASTE | ઉતાવળ |
| HASTE | બગાડ |
| PASTE | નિર્મળ |
| TASTE | પોચું મિશ્રણ |
| WASTE | સ્વાદ |

### ઓળખાણ પડી?



કેપ્ટન હોવા છતાં પોતે ૩૬૭ના સ્કોર પર હતો ત્યારે ઈનિંગ્સ ડિક્લેર કરી લારાનો વર્લ્ડ રેકોર્ડ તોડવાની તક ગુમાવનાર ખેલાડી કોણ ?

અ) Marco Jansen બ) Temba Bavuma
ક) Wiaan Mulder ડ) Aiden Markram

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચા | ૨ વ | ત્ | ચં | ૩ દ્ર | દિ | ૪ વા | ૫ ક | રૌ | |
| ૬ દ | ન | | | વ્ય | | ૭ પ | રા | | ૮ અ |
| ૯ ગા | વ | લ | ૧૦ ડી | | ૧૧ ક | રો | ડ | ૧૨ ર | જુ |
| ૧૩ ર | ગ | | ૧૪ મ | ૧૫ રુ | ડી | | | સ્સી | |
| | ૧૬ ડો | ૧૭ટ ક | | ધિ | | ૧૮ ખા | ૧૮-અ વા | | ૧૯ ગુ |
| ૨૦ અ | | ૨૧ મ | મ | રા | | | ૨૨ હ | ૨૩ કા | રુ |
| ૨૪ રુ | પા | ળી | | ૨૫ ભિ | ૨૬ ત | ૨૭ ર | | ૨૮ બા | પૂ |
| ણો | | | ૨૯ અ | સ | હ | મ | ત | | ર્ણિ |
| ૩૦ દ | ફ | ૩૦-અ ન | | ર | | ણિ | | ૩૧ શ | મા |
| ય | | ૩૨ ખ | મ | ણ | | ૩૩ ક | પ | ચી | |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | | ૪ | ૫ |
| | | | | | ૬ | | | ૭ | |
| | | ૮ | | | | | ૯ | | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | | | |
| ૧૩ | | | | ૧૪ | ૧૫ | | | | ૧૬ |
| | | | ૧૭ | | | | | ૧૮ | |
| ૧૯ | | | | | | ૨૦ | ૨૧ | | |
| | | | | | ૨૨ | | | | |
| ૨૩ | | ૨૪ | | ૨૫ | | | ૨૬ | ૨૭ | |
| | | ૨૮ | | | | | ૨૯ | | |

**આડી ચાવી**

૧. પ્રભાત (૫)
૩. બરતરફી, રજા (૪)
૬. રટણ (૨)
૭. ભાવ, કિંમત (૨)
૮. દોઢડાહી, ચાંપલી (૪)
૯. ઘર, ઇમારત (૩)
૧૦. કરામત, અલૌકિક ક્રિયા (૪)
૧૨. કવખતનું, કાલાતીત (૩)
૧૩. --- કરવી એટલે મજા કરવી (૩)
૧૪. ઓળખાણવાળો (૪)
૧૭. --- મારો દેશ છે (૩)
૧૮. દૂંટી (૨)
૧૯. કામ સિદ્ધિ માટે થતો મંત્રજાપ (૫)
૨૦. હવડ (૪)
૨૨. --- માં રહેવા ના જવાય (૩)
૨૩. છ સ્વરનો (રાગ કે તાન) (૩)
૨૫. મદ્ય (૨)
૨૬. ગાંઠ, કેદ, ડેમ (૨)
૨૮. ગુસપુસ, કચવાટ (૪)
૨૯. ધૈર્ય (૩)

**ઊભી ચાવી**

૧. પૂર્વોત્તર ભારતનું એક રાજય (૫)
૨. રજપૂતોની એક અટક (૪)
૩. સૌંદર્ય (૨)
૪. હંમેશ (૪)
૫. દબાવવું--- કાબૂમાં રાખવું તે (૩)
૬. કપટી, બનાવટી, જૂઠું (૨)
૮. ચીસ, બૂમ (૩)
૯. ‘મ’થી શરૂ થતા અક્ષર (૩)
૧૧. સફાઇ કામદારોનો મુખી (૪)
૧૨. છટા, અભિનય (૨)
૧૪. પસંદગી (૩)
૧૫. વીતી ગયેલું (૨)
૧૬. શોખ, પ્રીતિ (૪)
૧૭. દબાણ, વશીકરણ, જાદુ (૩)
૧૮. હોડી (૨)
૧૯. મહેનત, પરિશ્રમ (૪)
૨૦. ઝાડ, પર્વત, રાક્ષસ (૨)
૨૧. જૂથ બંધી (૪)
૨૨. જળના દેવતા (૩)
૨૪. વચન, બોલવું તે (૨)
૨૫. દર્ભ (૨)
૨૭. ધૂંસરી, ધુરા, શરૂઆત (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘મૌન તણો જાણે હડદોલો કોઈ’ પંક્તિમાં હડદોલો શબ્દનો અર્થ જણાવો.

અ) હેડકી બ) સંગીત ક) અથડામણ ડ) હોશિયારી

### ગુજરાત મોરી મોરી રે

વ્યક્તિગત સંબંધો જાળવવા આપબુદ્ધિ જ કામ લાગે એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ન પરણાવી ઘર આપે ચલાવી ગોર પણ કંઈ આપે

### માતૃભાષાની મહેક

મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી. આ કહેવત મુંબઈનું રળેલું મુંબઈ ખાય ને મુંબઈનો પૈસો ક્યાંય ન જાય તરીકે પણ જાણીતી છે. મુંબઈ શહેરમાં કમાણી બહુ સારી થાય પણ આ શહેરની ખાસિયત રહી છે કે મોંઘવારી અને પૈસા ખર્ચવાના અઢળક વિકલ્પ હોવાથી જે કમાણી થાય એ બધી જ ખર્ચાઈ જતી હોય છે.

### ઈર્શાદ

હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી.

-- સુંદરમ

### સુડોકુ-૯૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૪ | | | | ૯ | | ૩ |
| | ૯ | | ૩ | | ૪ | | ૧ | |
| | ૫ | | | | | | ૨ | |
| ૯ | ૩ | | ૪ | | ૧ | | ૭ | ૮ |
| | | | | | | | | |
| ૪ | ૨ | | ૮ | | ૭ | | ૯ | ૬ |
| | ૧ | | | | | | ૬ | |
| | ૪ | | ૫ | | ૬ | | ૩ | |
| ૭ | | ૬ | | | | ૧ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૫ | ૩ | ૯ | ૮ | ૭ | ૧ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૬ | ૪ | ૨ | ૩ | ૯ |
| ૮ | ૯ | ૩ | ૧ | ૨ | ૭ | ૬ | ૪ | ૫ |
| ૭ | ૪ | ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૯ | ૪ | ૮ | ૬ | ૭ | ૫ | ૨ |
| ૫ | ૨ | ૮ | ૯ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ |
| ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૫ | ૧ | ૨ | ૬ |
| ૪ | ૩ | ૧ | ૬ | ૯ | ૨ | ૫ | ૮ | ૭ |
| ૬ | ૫ | ૨ | ૭ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ |

### માઈન્ડ ગેમ

દરેક દેશમાં પબ્લિક હોલીડે - જાહેર રજા હોય છે. વિશ્વના કયા દેશમાં સૌથી વધુ જાહેર રજાઓ હોય છે એ શોધી કાઢો.

અ) શ્રીલંકા બ) નેપાળ
ક) જાપાન ડ) દક્ષિણ કોરિયા

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| RICE | ચોખા |
| RISE | ઊઠવું |
| RAISE | વધારવું |
| RINSE | વીંછળવું |
| RIDDLE | ઉખાણું |

ગુજરાત મોરી મોરી રે
ધંધૂકામાં ધાડ નહીં ને ધોળકામાં પહાડ નહીં

ઓળખાણ પડી?
મુરલીધરન

માઈન્ડ ગેમ
સ્વીડન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
લડાઈ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) નુતન વિપીન શાહ (૧૨) મીનળ કાપડિયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) અંબરીષ ઓઝા (૨૦) કિશોર સંઘરાજકા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) અલકા વાણી (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) ડાયના સંતોકે (૩૯) પ્રવીણ વોરા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) હેમા હરીશ ભટ્ટ (૪૫) હેમા સંપટ (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ધીરેન્દ્ર (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ડો. પ્રકાશ કટકિયા (૫૦) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૧) કમલ માટલિયા (૫૨) વિપિન શાહ (૫૩) દીપ્તિ માટલિયા




ટ્રેન બ્લાસ્ટ

# હાઈ કોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકારાયોઃ ૨૪મીએ સુનાવણી

મુંબઈઃ ૨૦૦૬માં મુંબઈની લોકલ ટ્રેનમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટના કેસમાં બોમ્બે હાઈ કોર્ટે ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારશે. ત્યાર બાદ હવે બોમ્બે હાઈ કોર્ટના આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૨૪ જુલાઈએ થશે.

૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ મુંબઈમાં પશ્ચિમ રેલવેની ઉપનગરીય લોકલ ટ્રેનોમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોના કેસમાં સેશન્સ કોર્ટ દ્વારા તમામ ૧૨ આરોપીઓને આપવામાં આવેલી સજા સોમવારે હાઈ કોર્ટે રદ કરી હતી. આ ૧૨ આરોપીઓમાંથી પાંચને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે બાકીના આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

કોર્ટે આ તમામ આરોપીઓ સામે સેશન્સ કોર્ટના ચુકાદાને રદ કર્યો હતો અને તેમને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

રાજ્ય સરકારે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. તેથી હવે આ મામલે સુપ્રીમ કોર્ટ શું નિર્ણય લેશે તે જોવું મહત્ત્વપૂર્ણ રહેશે. ■

## આરોપીઓને ત્રાસ અપાયો એ તદ્દન ખોટુંઃ તત્કાલીન કમિશનર

મુંબઈઃ ૧૧ જુલાઈ ૨૦૦૬ના રોજ મુંબઈની લોકલ ટ્રેનોમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના ૧૯ વર્ષ પછી સોમવારે મુંબઈ હાઈ કોર્ટે કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા અને હવે આ મુદ્દે રાજકારણ ગરમાયુ છે. આ દરમિયાન આ કેસનું નેતૃત્વ કરનાર તત્કાલીન મુંબઈ પોલીસ કમિશનર એ.એન. રોયે મીડિયા સાથે ખાસ વાતચીત કરી હતી.

રોયે જણાવ્યું હતું કે, ૭ વર્ષ સુધી ચાલેલી આ ટ્રાયલ દરમિયાન ટ્રાયલ કોર્ટે લગભગ ૧૯૦૦ પાનાનો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદામાં બંને પક્ષોની દલીલોનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોર્ટે ૧૩ આરોપીઓમાંથી એકને નિર્દોષ જાહેર કર્યો, જ્યારે બાકીના ૧૨ આરોપીઓમાંથી પાંચ આરોપીઓને મૃત્યુદંડની સજા અને સાતને આજીવન કેદની સજા

(જુઓ પાનું ૪) ▶▶

## નિર્દોષ છૂટેલા ૧૨ને વળતર આપોઃ એનસીપી-એસપી

મુંબઈઃ સમાજવાદી પક્ષ (સપા)ના વિધાન સભ્ય અબુ અસીમ આઝમીએ મંગળવારે ૭/૧૧ મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસમાં નિર્દોષ છૂટેલા ૧૨ લોકો માટે વળતરની માગણી કરી જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓએ તેમની માફી માગવી જોઈએ કારણ કે એ લોકોએ જીવનના ૧૯ વર્ષ જેલના સળિયા પાછળ વિતાવવા પડ્યા હતા.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે તપાસમાં સામેલ અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ અને જો તેઓ નિવૃત્ત થયા હોય તો તેમનું

(જુઓ પાનું ૪) ▶▶

## નિર્દોષ જાહેર થયેલા શખસે ‘એસઆઈટી’ તપાસની કરી માગણી

મુંબઈઃ મુંબઈ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૨૦૧૫માં સ્પેશિયલ કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવેલી એકમાત્ર વ્યક્તિ અબ્દુલ વાહિદ શેખે મંગળવારે આ કેસની ફરી તપાસ માટે હાઈ કોર્ટના જજની અધ્યક્ષતામાં એસઆઇટી (એસઆઇટી)ની રચના કરવાની માગણી કરી હતી.

બોમ્બે હાઈ કોર્ટે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યાના એક દિવસ બાદ શેખે આ માગણી કરી હતી અને નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ આ કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યો છે.

મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) દ્વારા ધરપકડ કરવામાં આવ્યાના નવ વર્ષ પછી, ૨૦૧૫ માં વિશેષ અદાલતે અબ્દુલ વાહિદ શેખને સિરિયલ બ્લાસ્ટ કેસ સાથે સંબંધિત

(જુઓ પાનું ૪) ▶▶

ઉદ્ધવ ઠાકરેના બદલાતા સૂર

# ફડણવીસ હોશિયાર અને પ્રામાણિક રાજકારણી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મંગળવારે ૫૫મો જન્મદિવસ ઉજવ્યો એ પ્રસંગે તેમની કારકિર્દી પર આધારિત કોફી ટેબલ બુક પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તકમાં વિવિધ લેખ છે જેમાં ઉદ્ધવ ઠાકરેના લેખનો પણ સમાવેશ કરાયો છે. ઉદ્ધવ ઠાકરેએ દેવેન્દ્ર ફડણવીસ એક પ્રામાણિક રાજકારણી છે એવો ઉલ્લેખ કરી તેમના કામના વખાણ કર્યા હતા અને જન્મદિવસની શુભેચ્છા આપી હતી. રાજકારણમાં સિક્કાની બે બાજુ ગણાતા ઉદ્ધવ ઠાકરેના સૂર બદલાતા હોય એવું જણાઇ રહ્યું છે. થોડા દિવસ પહેલા મુખ્ય પ્રધાન ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને ‘અમારી તરફ આવી જાઓ’ એવી ઓફર આપી હતી. તેના બીજા દિવસે જ ઉદ્ધવ અને આદિત્ય ઠાકરે તેમને મળવા ગયા હતા. હવે ફરી એકવાર ઉદ્ધવે ફડણવીસની પ્રશંસા કરી છે ત્યારે રાજકીય વર્તુળોમાં નવી અટકળો વહેવા લાગી છે.

દેવેન્દ્ર ફડણવીસ ૨૨ વર્ષની ઉંમરે નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન (એનએમસી)માં નગરસેવક તરીકે જોડાયા હતા અને ૨૭ વર્ષની વયે નાગપુરના સૌથી યુવા મેયર બન્યા હતા. આ સિદ્ધિ તેમના શરૂઆતના વર્ષોની હિંમત અને નેતૃત્વ ક્ષમતાનો પુરાવો છે. તેમનો અભ્યાસુ સ્વભાવ અને કાનૂની, આર્થિક અને વહીવટી મુદ્દાઓનું ઊંડું જ્ઞાન તેમને

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં જોરદાર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સોમવારે જોરદાર એન્ટ્રી કરનારા વરસાદે મંગળવારે સવાર અને સાંજે ધોધમાર પડીને મુંબઈગરાને ભીંજવી દીધા હતા. સવારના ઓફિસે જવાના સમયે અને સાંજના ઓફિસેથી છૂટયા બાદ ઘરે જનારા મુંબઈગરાને વરસાદને બરોબરના ભીંજવી નાંખ્યા હતા. હવામાન વિભાગે મુંબઈ સહિત રાજ્યમાં ૨૭ જુલાઈ સુધી વરસાદ પડવાની આગાહી કરી છે.

લગભગ આખો જુલાઈ મહિનો છૂટોછવાયો વરસાદ પડયા બાદ રવિવાર મોડી રાતથી વરસાદે મુંબઈમાં રી-એન્ટ્રી કરી હતી. સોમવારના ઉપનગરમાં ૧૦૦ મિ.મી.થી પણ વધુ પડીને મુંબઈગરાને બાનમાં લીધા બાદ સાંજે વરસાદને થોડો વિરામ લેતા થોડી રાહત થઈ હતી. જોકે મંગળવારના સવારના વરસાદના ભારે ઝાપટા પડયા બાદ સાંજના પણ વરસાદના જોરદાર ઝાપટાં પડી ગયા હતા.

સોમવાર સવારના ૮.૩૦ વાગ્યાથી મંગળવાર સવારના ૮.૩૦

(જુઓ પાનું ૪) ▶▶



**ધોધમાર...:** મુંબઈમાં મંગળવારે વરસાદનું જોર વધ્યા બાદ એક બાઈક પર મહિલાએ છત્રી ખોલીને ભીંજાવાથી બચવાનો પ્રયાસ કર્યો હતો. (અમય ખરાડે)

વિધાનસભામાં રમી રમવાનો આરોપ

# ‘તો હું રાજીનામું આપીશ’

મુંબઈઃ વિધાનસભામાં ઓનલાઈન રમી રમવાના આરોપોનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેએ મંગળવારે (૨૨ જુલાઈ) એક મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે હું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને સ્પીકર રાહુલ નાર્વેકરને તપાસ માટે પત્ર લખી રહ્યો છું. જો આમાં કોઈ સચ્ચાઈ મળશે તો હું શિયાળુ સત્રમાં રાજ્યપાલ પાસે જઈને મારું રાજીનામું સુપરત કરીશ. આટલા નાના વિષયને કેમ આટલો લાંબો બનાવવામાં આવી રહ્યો છે તેની મને ખબર નથી. શું બધાને ખબર નથી કે ઓનલાઈન રમી રમવા માટે મોબાઈલ નંબર અને બેંક ખાતું જરૂરી છે? મારી પાસે ઓનલાઈન રમી એપ્લિકેશન સાથે જોડાયેલો

(જુઓ પાનું ૪) ▶▶

## ફડણવીસે નારાજગી વ્યક્ત કરી

કોકાટેના નિવેદન પર નારાજગી વ્યક્ત કરતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે એક પ્રધાન દ્વારા આવું નિવેદન આપવું યોગ્ય નથી. હું હજુ પણ કહું છું કે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં આપણી અર્થવ્યવસ્થા સારી છે. હું એમ નથી કહેતો કે આપણી અર્થવ્યવસ્થા શ્રેષ્ઠ છે કે આપણે સમૃદ્ધ છીએ, હું એમ પણ નહીં કહું કે આપણી પાસે ઘણા પૈસા છે. જોકે, દેશના વિકાસશીલ રાજ્યોની સરખામણીમાં આપણી સ્થિતિ ચોક્કસપણે સારી છે. એ વાત સ્વીકારવામાં આવે છે કે આપણી સામે ઘણા પડકારો છે. જોકે આપણે સતત આપણા રાજ્યની રાજકોષીય ખાધ ત્રણ ટકાથી નીચે રાખી છે. જોકે, દેશના ઘણા રાજ્યોની રાજકોષીય ખાધ ચાર કે પાંચ ટકાની આસપાસ છે. ઉપરાંત, દેવાની દૃષ્ટિએ, ઘણા

(જુઓ પાનું ૪) ▶▶

## પ્રશાસન ભિખારી છે

પત્રકાર પરિષદમાં બોલતા માણિકરાવ કોકાટેએ તેમના પરના તમામ આરોપોને નકારી કાઢ્યા અને સ્પષ્ટ કર્યું કે તેઓ રાજીનામું આપશે નહીં. આ સાથે કોકાટેએ એક જૂના વિવાદાસ્પદ નિવેદન પર સ્પષ્ટતા આપતા વધુ એક નિવેદન આપ્યું છે જે વિવાદ સર્જી શકે છે.

‘આજકાલ ભિખારીઓ પણ એક રૂપિયો લેતા નથી, પરંતુ અમે ખેડૂતોને એક રૂપિયામાં પાક વીમો આપ્યો. કેટલાક લોકોએ આ યોજનાનો દુરુપયોગ કર્યો. કોકાટેએ થોડા દિવસ પહેલા આ નિવેદન આપ્યું હતું. ખેડૂતોએ તેના પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્યભરમાંથી કોકાટે વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો પણ થયા હતા.

માણિકરાવ કોકાટેએ આ અંગે સ્પષ્ટતા આપતા કહ્યું કે, ‘સરકાર ખેડૂતો પાસેથી એક રૂપિયો લે છે, ખેડૂતોને એક પણ રૂપિયો આપતી નથી. સરકાર પૈસા લે છે. તો ભિખારી કોણ છે? સરકાર ભિખારી છે, ખેડૂત નહીં. જોકે મારા નિવેદનનું વિપરીત અર્થઘટન કરવામાં આવ્યું. એક રૂપિયો બહુ મોટો નથી. જોકે આ એક રૂપિયાના વીમાને કારણે

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈનો દરિયો થશે ચોખ્ખો

# સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પ્રોજેક્ટને ગતિ

### શુદ્ધ પાણીની બચત થવાની સાથે જ પ્રક્રિયા કરેલા પાણીના વેચાણથી પાલિકા કમાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ દરિયાના પાણીના પ્રદૂષણને રોકવા માટે શહેર અને ઉપનગરમાં સ્યુએજ પાણી (ગંદા પાણી) પણ પ્રક્રિયા કરીને તે પાણીનો પીવા સિવાયના અન્ય કામ માટે પુર્નઉપયોગ કરવા માટે સાત ઠેકાણે ૧૭,૧૮૨ કરોડ રૂપિયાના ખર્ચે સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) ઊભા કરી રહી છે. એસટીપીમાંથી પાલિકા બાયોગૅસનું ઉત્પાદન કરવાની યોજના બનાવી બાહ્ય વીજળી પરની નિર્ભરતા ઘટાડવા અને અન્ય ઊર્જાની જરૂરિયાતોને પહોંચી વળવાના પ્રયાસ કરવાની છે. સાત એસટીપીમાંથી દરેકને લગભગ ૧૬ મેગાવોટરની જરૂર પડશે, જેમાંથી ૨૦ ટકા ઘરઆંગણે જ વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક છે.

પાલિકા પોતાના સાત એસટીપીને અપગ્રેડ કરી રહી છે. આ એસટીપીથી પ્રોજેક્ટથી દરરોજ ૨,૪૬૪ મિલ્યન લિટર ગંદા પાણી પર પ્રક્રિયા કરવામાં આવશે. હાલમાં



(અમય ખરાડે)

ખાડી, નદી અને અરબી સમુદ્રમાં પાણી છોડતા પહેલા ગંદા પાણીનું શુદ્ધિકરણ ફક્ત પ્રાથમિક સ્તરે જ કરવામાં આવે છે. અપગ્રેડેડ પ્લાન્ટમાં પ્રદૂષણ ઘટાડવા માટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના કડક ધોરણો અનુસાર સેકેન્ડરી(બીજા સ્તરનું) અને ટેરટીયરી (ત્રીજા સ્તરનું)

(જુઓ પાનું ૪) ▶▶

## ગણેશોત્સવ મંડળોને ઓનલાઈન મંજૂરી માટે વન વિન્ડો સિસ્ટમ

### પોલીસ, ટ્રાફિક પોલીસ પાસેથી એનઓસી મળવું બનશે સરળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવને મહારાષ્ટ્ર સરકારે આ વર્ષથી ‘મહારાષ્ટ્ર રાજ્ય ઉત્સવ’ જાહેર કર્યો છે ત્યારે આ વર્ષે મુંબઈમાં ગણેશોત્સવ વધુ ધૂમધામથી ઊજવવામાં આવે એવી શક્યા છે ત્યારે મુંબઈના તમામ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોને આવશ્યક રહેલી તમામ પ્રકારની મંજૂરીઓ ‘વન વિન્ડો’ યોજના દ્વારા ઓનલાઈન પદ્ધતિએ આપવાનો મુંબઈ મહાનગરપાલિકાએ નિર્ણય લીધો છે. તે માટે સોમવાર, ૨૧ જુલાઈ, ૨૦૨૫થી પાલિકાની https://portal.mcgm.gov.in વેબસાઈટ પર કમ્પ્યુટરાઈસ્ડ વન વિન્ડો પદ્ધતિએ અરજી કરવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.

ગણેશોત્વસની ઊજવણી દરમ્યાન મુંબઈના હજારો

(જુઓ પાનું ૪) ▶▶

## પતિની હત્યા કરી મૃતદેહ ઘરમાં દાટવાના કેસમાં પત્ની-પ્રેમી પુણેમાં પકડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પતિની કથિત હત્યા કર્યા બાદ મૃતદેહને ઘરમાં જ ખાડો ખોદી દાટી દેવાની નાલાસોપારામાં બનેલી ઘટનામાં પોલીસે ફરાર પત્ની અને તેના પ્રેમીને પુણેની એક લોજમાંથી પકડી પાડ્યાં હતાં.

નાલાસોપારા પૂર્વના ધાનીવ બાગ વિસ્તારની ઓમ સાંઈ વેલ્ફેર સોસાયટીમાંના ઘરમાંથી સોમવારે પોલીસને વિજય ચવાણ (૩૫)નો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટના બાદથી ગુમ વિજયની પત્ની ચમનદેવી (૩૨) અને પડોશમાં રહેતા મોનુ વિશ્વકર્મા (૨૨)ની પોલીસે શોધ હાથ ધરી હતી. બન્ને જણ ચમનદેવીના સાત વર્ષના પુત્ર સાથે પુણેની એક લોજમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે પેલ્હાર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર જિતેન્દ્ર વનકોટીની ટીમ પુણે પહોંચી હતી. લોજમાંથી ચમનદેવી અને મોનુને તાબામાં લેવાયાં હતાં. તેમની સાથે ચમનદેવીના સાત વર્ષના પુત્રને લઈ પોલીસની ટીમ પાછી ફરી હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

## સફાઈ કર્મચારીઓની માગણીઓ સ્વીકારાઈઃ હડતાળ પાછી ખેંચાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓમાંથી એક પણ કર્મચારી તેની નોકરી ગુમાવશે નહીં અને કૉન્ટ્રેક્ટ પર રહેલા કર્મચારીઓને પણ કાયમી કરવામાં આવશે એ પ્રકારનું આશ્વાસન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યા બાદ ૨૩ જુલાઈથી હડતાળ પર જવાનો મુંબઈ મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓએ નિર્ણય પાછો ખેંચ્યો હતો.

મુંબઈમાં કચરો ભેગો કરીને તેને લઈ જવા માટે કૉન્ટ્રેક્ટરો પાસેથી વાહનો અને સેવા લેવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાના ઘનકચરા વિભાગે લીધો હોઈ તેની માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે, તેની વિરુદ્ધમાં તમામ કર્મચારીઓના યુનિયને વિરોધ નોંધાવીને ૨૩ જુલાઈની હડતાળ પર ઉતરી જવાની ચીમકી યુનિયને આપી હતી. જોકે મુખ્ય પ્રધાને

(જુઓ પાનું ૪) ▶▶

## વસઈમાં બાળકોના ‘અપહરણ’નો પ્રયાસઃ ગામવાસીઓએ ચારેયને ધીબેડી નાખ્યા

પાલઘરઃ વ્યંઢળના વેશમાં આવેલા ત્રણ યુવાન સહિત ચાર જણે રિક્ષામાં બાળકોના કથિત અપહરણનો પ્રયાસ કર્યો હોવાની ઘટના વસઈમાં બની હતી. ચેતી ગયેલા બાળકોએ બૂમાબૂમ કરી મૂકતાં દોડી આવેલા ગામવાસીઓએ ચારેયને ફટકારી પોલીસને સોંપ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની બપોરે વસઈ તાલુકાના ખોચિવડે ગામના કુરાનવાડી વિસ્તારમાં બની હતી. ત્રણ છોકરી અને એક છોકરો શાળાથી છૂટી મુખ્ય માર્ગ પરથી ચાલતાં ઘરે જઈ રહ્યાં હતાં ત્યારે આરોપી તેમની નજીક આવ્યા હતા. ફરિયાદ

(જુઓ પાનું ૪) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું ‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- આરંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨

પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭



માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬ ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ડાન્સ બારના આરોપો

## બદનક્ષીનો દાવો માંડવા પરબનો કદમને પડકાર

મુંબઈઃ શિવસેના (યુબીટી) નેતા અનિલ પરબે મંગળવારે મહારાષ્ટ્રના પ્રધાન યોગેશ કદમને ‘ડાન્સ બાર’ સાથે તેમને જોડવા બદલ બદનક્ષીનો દાવો કરવા અથવા વિશેષાધિકાર ભંગની નોટિસ લાવવા પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે આનાથી તેમને લગાવેલા આરોપો સાબિત કરવા માટે એક પ્લેટફોર્મ મળશે.

પરબે કહ્યું કે તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો પણ સંપર્ક કરશે અને ગૃહ રાજ્યપ્રધાન કદમ વિરુદ્ધ પુરાવા રજૂ કરી તેમનું રાજીનામું માગશે.

કદમે જણાવ્યું કે તેઓ પરબ (એમએલસી) વિરુદ્ધ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવશે, કારણ કે પરબે તેમના પર પાયાવિહોણા આરોપો લગાવ્યા છે અને તેમને રાજ્યમાં પ્રતિબંધિત ‘ડાન્સ બાર’ સાથે જોડીને બદનામ કર્યા છે.

તેના પર પ્રતિક્રિયા આપતા પરબે કહ્યું, હું યોગેશ કદમને મારી સામે બદનક્ષીનો દાવો માંડવા અને વિશેષાધિકાર ભંગની નોટિસ લાવવા પડકારું છું, અને તેમની સામેના આરોપો સાબિત કરવા માટે એક પ્લેટફોર્મ આપે. જો મુખ્ય પ્રધાન કાર્યવાહી નહીં કરે, તો હું કોર્ટમાં જઈશ. ગયા

(જુઓ પાનું ૪) ▶▶

## એમવીએ સરકાર ભાંગી પડવા માટે હની ટ્રેપ જવાબદારઃ શિવસેના (યુબીટી)

મુંબઈઃ મહા વિકાસ આઘાડી (એમવીએ)ના વિધાન સભ્યો (એમએલએ)અને સંસદ સભ્યો (એમપી)ને હની ટ્રેપ કરવા માટે છૂપા કેમેરા અને પેગાસસ જેવી સર્વેલન્સ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો એના પગલે ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી સરકાર પડી ભાંગી હતી, એવો દાવો શિવસેના (યુબીટી)એ મંગળવારે કર્યો હતો.

પક્ષના મુખપત્ર ‘સામના’ના સંપાદકીયમાં જણાવવામાં આવ્યું છે કે અવિભાજિત શિવસેના અને એનસીપીના કેટલાક વિધાનસભ્યોએ કેન્દ્રીય એજન્સીઓના દબાણને કારણે વફાદારી બદલી નાખી હતી. ઓછામાં ઓછા ૧૮ વિધાન સભ્યો અને ચાર સંસદ સભ્યોને ‘હનીટ્રેપ’ કરવામાં આવતા તેમણે પોતાની ઈમેજ બચાવવા માટે

(જુઓ પાનું ૪) ▶▶

## વૃદ્ધાએ સાયબર ફ્રોડમાં ૭.૮૮ કરોડ ગુમાવ્યા

મુંબઈઃ શૅરબજારમાં રોકાણ કરવા પર ઊંચું વળતર મેળવવાની લાલચમાં બાન્દ્રામાં રહેતી ૬૨ વર્ષની વૃદ્ધાએ સાયબર ફ્રોડમાં ૭.૮૮ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા.

વેસ્ટ રિજન સાયબર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓએ પ્રતિષ્ઠિત ફાઈનાન્સિયલ સર્વિસીસ કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં વૃદ્ધા સાથે કથિત છેતરપિંડી કરી હતી. વૃદ્ધાએ છેલ્લા બે મહિનામાં આ રકમ ગુમાવી હતી.

ફરિયાદીને સૌપ્રથમ અજાણ્યા નંબર પરથી વૉટ્સઍપ મેસેજ આવ્યો હતો. આરોપીએ પોતાની ઓળખ કંપનીના વરિષ્ઠ બાદમાં ફરિયાદીને કંપનીના અધિકારીનો સંપર્ક નંબર આપવામાં આવ્યો હતો અને એક વેબસાઈટની લિંક પર પૂરી પાડવામાં આવી હતી. ■

# ટૅરિફ ડેડ લાઇન પહેલાની સાવચેતી વચ્ચે બેન્ચમાર્કમાં અત્યંત નજીવો ફેરફારઃ ક્વિક કોમર્સનો સુધારો ઓઇલ શૅરોમાં ધોવાઇ ગયો!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિવિધ સેગમેન્ટની વિરોધાભાસી ચાલ વચ્ચે મંગળવારે બેન્ચમાર્ક સ્ટોક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી સાંકડી રેન્જમાં અટવાઇને અંતે નજીવા ફેરફાર સાથે બંધ થયા હતા. નિફ્ટી ૩૦ પોઇન્ટ જેવો લપસ્યો હતો. ક્વીક કોમર્સ અને ખાનગી બેંકિંગ શેરોમાં જોવા મળેલો સુધારો ઓઇલ, ગેસ તથા આઇટી શેરોમાં થયેલા નુકસાનને કારણે ધોવાઇ ગયો હતો.

ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૧૩.૫૩ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૮૨,૧૮૬.૮૧ પોઈન્ટ પર બંધ થયો. સવારના વેપાર દરમિયાન, તે ૩૩૭.૮૩ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા વધીને ૮૨,૫૩૮.૧૭ પોઈન્ટની ઊંચી સપાટી સુધી પહોંચ્યો હતો, પરંતુ પાછળથી સુધારો ધોવાઇ ગયો હતો. પચાસ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૨૯.૮૦ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા ઘટીને ૨૫,૦૬૦.૯૦ પોઈન્ટ પર સ્થિર થયો હતો. બજારના સાધનોએ જણાવ્યું હતું કે પહેલી ઓગસ્ટ અગાઉ અમેરિકા અને ભારત વચ્ચેના વ્યાપાર સોદા અંગેની વિગતો સંદર્ભની અનિશ્ચિતતાને કારણે સેન્ટિમેન્ટમાં રહેલી સાવચેતી વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા પ્રોફિટ બુકિંગ થવાને કારણે બજાર નેગેટીવ ઝોનમાં ધકેલાયું હતું.

સેન્સેક્સના શેરોમાં પરિણામની જાહેરાત બાદ સુધારો આગળ વધ્યો હતો અને આ સત્રમાં તે ૧૦.૫૯ ટકા ઊછળીને ટોપ ગેઇનર બન્યો હતો. આ ઉપરાંત ટાઇટન, હિંદુસ્તાન યુનિલીવર, ભારત ઇલેક્ટ્રોનિક્સ, મારુતિ સુઝુકી, આઇસીઆઇસીઆઇ બેન્ક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોપ ગેઇનર રહ્યાં હતાં. જ્યારે ટાટા મોટર્સ, અદાણી પોર્ટ્સ, સ્ટેટ બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ ગેઇનર રહ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૧૦.૫૬ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૧.૦૮ ટકા, બીઈએલ ૦.૭૨ ટકા, મારુતિ ૦.૬૬ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૩૯ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૩૬ ટકા વધ્યા હતા, જ્યારે ટાટા મોટર્સ ૨.૦૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૯૩ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૨ ટકા, રિલાયન્સ ૧.૦૮ ટકા, લાર્સન ૧.૦૭ ટકા, આઈટીસી ૦.૯૬ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૯૨ ટકા, અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૨ ટકા ઘટ્યા હતા. કોર્પોરેટ હલચલમાં કોલગેટ પામોલીવ ઇન્ડિયાએ શહેરી માગમાં ઘટાડો થવાને કારણે પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના ઘટાડા સાથે રૂ. રૂ. ૩૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મૂડીબજારમાં ૨૫મી જુલાઇએ પ્રવેશી રહેલી શાંતિ ગોલ્ડ ઇન્ટરનેશનલની પ્રાઇસ બેન્ડ રૂ. ૧૮૯થી રૂ. ૧૯૯ પ્રતિ શેર નક્કી થઇ છે. આ રૂ. ૩૬૦.૧૧ કરોડના ૧.૮૧ કરોડ શેરનું જાહેર ભરણું ૨૯ જુલાઇએ બંધ થશે.

જીઓબ્લેક રોકે મેઇડન આઇપીઓ દ્વારા રૂ. ૧૭,૮૦૦ કરોડ એકત્ર કર્યા છે. પેન્ટોમેથ ગ્રુપની કંપની, ધ વેલ્થ કંપની મ્યુચ્યુઅલ ફંડે ૧૮ જુલાઈએ મ્યુચ્યુઅલ ફંડ લાઇસન્સ પ્રાપ્ત કર્યાના દિવસે જ ચાર સ્કીમ ઇન્ફર્મેશન ડોક્યુમેન્ટ્સ ફાઇલ કરનારી પ્રથમ નવી એએમસી બની છે. પેન્ટોમેથ ગ્રુપના કાર્યક્ષેત્ર હેઠળ રૂ. ૧૦,૦૦૦ કરોડની ક્લાયન્ટ એસેટ્સ છે.

ટાઇટનમાં એક ટકાનો વધારો હતો જ્યારે એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્કમાં ક્વાર્ટર્લી પરિણામ પછીનો સુધારો આગળ વધ્યો હતો. આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧૫.૯ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧.૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬,૨૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેન્કે ૧:૧ના રેશિયોમાં બોનસ શેર અને શેરદીઠ પાંચ રૂપિયાના સ્પેશિયલ ડિવિડંડની જાહેરાત કરી છે.




મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં વેચવાલી અને ઘટાડો હતો. એન્થમ બાયોનો શેર સોમવારે તેના ઇશ્યુ ભાવ સામે ૨૭ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. બ્રિગેડ હોટેલ વેન્ચર્સ લિમિટેડ બુકબિલ્ડિંગ પદ્ધતિ રૂ. ૭૫૯.૬૦ કરોડના જાહેર ભરણા સાથે ૨૪ જુલાઈના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે. યુકો બેન્કે પ્રથમ ક્વાર્ટરના નફામાં ૧૦ ટકા વધારો નોંધાવ્યો છે. પેટીએમ બ્રાન્ડની માલિક વન૯૭ કમ્યુનિકેશને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૨૨.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ પહેલી જ વાર નફો નોંધાવ્યો છે.

આ સપ્તાહ અફડાતફડીથી ભરપૂર રહેવાની ધારણા છે. અમેરિકન માર્કેટના ટ્રેડ સહિતના બાહ્ય અને ફંડામેન્ટલ પરિબળો ઉપરાંત નિષ્ણાતો માને છે કે રોકાણકારો કોર્પોરેટ સેકટરમાં મોટી કંપનીના પરિણામો, બોનસ અને ડિવિડંડની જાહેરાત તેમ જ આગામી સમય માટેના ગાઇડન્સ પર ઝીણી નજર રાખશે. આ સપ્તાહ જૂનમાં પૂરા થયેલા ત્રિમાસિક સમયગાળાના કોર્પોરેટ પરિણામથી ધમધમતું રહેશે. આ સપ્તાહે ૨૮૬ કંપનીઓ નાણાકીય પરિણામ જાહેર કરવાની છે, જેમાં ઇન્ફોસિસ, આઇશર મોટર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ડો. રેડ્ડીઝ લેબ, સિપ્લા, કોટક મહિન્દ્રા બેન્ક અને એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ વગેરેનો સમાવેશ છે.

આ સપ્તાહે ૧૦૦થી વધુ કંપનીઓ વિવિધ જાહેરાત કરવાની છે, જેમાં બોનસ શેર, ડિવિડંડ અને રાઇટ ઇશ્યૂ માટેની રેકોર્ડ ડેટનો સમાવેશ થાય છે. જેમ કે, એલઆઇસી, હીરો મોટોકોર્પ, ડિવિઝ લેબ, શ્રી સિમેન્ટ, ઝાઇડસ લાઇફસાયન્સ ડિવિડંડની રેકોર્ડ ડેટ જાહેરાત કરશે. જ્યારે મહિન્દ્રા લોજિસ્ટિક રાઇટ ઇશ્યૂ માટે અને ફોકસ બિઝનેસ સોલ્યુશન બોનસ શેર માટે રેકોર્ડ ડેટ જાહેર કરશે. વધુમાં યુનાઇટેડ બ્રુઅરીઝ, ઝી એન્ટરટેઈનમેન્ટ, આઈઆરએફસી અને બજાજ હાઉસિંગ ફાઇનાન્સના પરિણામો પર પણ બજારની નજર રહેશે. ટ્રમ્પના વધુ કોઇ ફતવા, ટેરિફને લગતી કોઇ વિગતો અને એફઆઇઆઇના વલણની પણ બજારના માનસ પર અસર થશે. ક્રૂડ ઓઇલના ભાવની વધઘટ અને વિદેશી હૂંડિયામણ બજારની હલચલ પણ બજારને દોરશે.


પ્રાઇમરી માર્કેટમાં પણ આ સપ્તાહે ધમાલ રહેવાની છે. કુલ ૧૦ જાહેર ભરણા મૂડીબજારમાં આવી રહ્યા છે જેમાંથી ઇન્ડિક્વિબ અને જીએનજી ઇલેક્ટ્રોનિક્સ તથા બ્રિગેડ હોટલ વેન્ચર સહિતના પાંચ મેઇન બોર્ડના છે અને પાંચ એસએમઇ સેગમેન્ટના છે. ત્રણ ભરણાના શેર લિસ્ટિંગ મેળવશે.

સપ્તાહના બીજા દિવસે કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી સિવાય બધા સેકટરલ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૯.૯૪ લાખ કરોડથી રૂ. ૧.૪૪ લાખ કરોડ ઘટીને રૂ. ૪૫૮.૫૦ લાખ કરોડ રહ્યું હતું. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૨,૨૦૦.૩૪ના બંધથી ૧૩.૫૩ પોઈન્ટ્સ (૦.૦૨ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૨,૫૨૭.૪૩ ખૂલીને ઊંચામાં ૮૨,૫૩૮.૧૭ સુધી અને નીચામાં ૮૨,૧૧૦.૬૩ સુધી જઈને અંતે ૮૨,૧૮૬.૮૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૩ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૭ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૧૭ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૭ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૭ ટકા ઘટ્યો હતો. સેકટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૨૨ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા સેકટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે રિયલ્ટી ૧.૦૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮૭ ટકા, ઓટો ૦.૭૮ ટકા, હેલ્તકેર ૦.૬૩ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૫૩ ટકા, ટેક ૦.૫૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૪૮ ટકા, પાવર ૦.૩૯ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૬ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૧૯૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૯૦ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૩૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૫૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૩૮૦.૧૩ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૮૬૦ સોદામાં ૨,૩૦૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૭,૭૩,૨૩૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૫,૪૩,૪૮,૧૪૧.૧૪ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો વધુ સાત પૈસા નરમ



મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે નવ પૈસાનો સુધારો જોવા મળ્યા બાદ ટૅરિફની અનિશ્ચિતતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ ઉપરાંત આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં સત્રના અંતે ડૉલર સામે રૂપિયો સાત પૈસાના ઘટાડા સાથે ૮૬.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૨૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૪૧ અને ઉપરમાં ૮૬.૨૨ સુધી મજબૂત થયા બાદ અંતે સાત પૈસા તૂટીને ૮૬.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા ગબડ્યો હતો.

અમેરિકા સાથેની ટ્રેડ ડીલની વાટાઘાટોને ધ્યાનમાં લેતા હાલના તબક્કે ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી ડૉલરમાં નબળાઈ અને ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો રૂપિયામાં ધોવાણ મર્યાદિત રાખી શકે છે. જોકે, તેમણે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૬.૧૦થી ૮૬.૬૫ આસપાસની રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ગત સપ્તાહે અમેરિકા-ભારત વચ્ચે ટ્રેડ ડીલ અંગેની વાટાઘાટનો પાંચમો રાઉન્ડ પૂરો થયો હતો અને હવે ઑગસ્ટ મહિનામાં અમેરિકાની ટીમ આગામી રાઉન્ડ માટે ભારત આવશે. જો પહેલી ઑગસ્ટ પૂર્વે વચગાળાની ડીલ થશે તો ટ્રમ્પના પ્રસ્તાવિત ૨૬ ટકાના ટૅરિફમાંથી મુક્તિ મળશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને ૯૭.૮૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૯૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૩.૫૩ પૉઈન્ટનો અને ૨૯.૮૦ પૉઈન્ટનો ઘટાડો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૮૧.૨૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## નબળો રૂપિયો અને ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સોનું ₹ ૬૧૨ની તેજી સાથે ૯૯,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૦૨૮ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનાના ભાવ વધીને એક મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો અને ઊંચા મથાળેથી સોનામાં રોકાણકારોની નફારૂપી વેચવાલી નીકળતાં હાજર અને વાયદામાં ભાવ ઘટી આવ્યા હતા. તેમ જ ચાંદીમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાત પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો પણ વધી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૦થી ૬૧૨ની આગેકૂચ જળવાઈ રહી હતી.

તેમ જ શુદ્ધ સોનાએ રૂ. ૯૯,૦૦૦ની સપાટી પાર કરી હતી. તે જ પ્રમાણે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૧૦૨૮ના ઉછાળા સાથે રૂ. ૧,૧૪,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ચાંદીમાં સ્ટોકિસ્ટોની જળવાઈ રહેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૨૮ની તેજી સાથે રૂ. ૧,૧૪,૪૯૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ



ઉપરાંત રૂપિયામાં નરમાઈ આગળ ધપતા આયાત પડતરો વધવાને કારણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૦ વધીને રૂ. ૯૯,૧૧૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૧૨ વધીને રૂ. ૯૯,૫૦૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ગત ૧૭ જૂન પછીની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી જોવા મળેલા બાઉન્સબૅક ઉપરાંત નફારૂપી વેચવાલી રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૮૮.૧૩ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ૩૩૯૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૮૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે તાજેતરમાં સોનાને ડૉલર ઈન્ડેક્સની નરમાઈની સાથે સાથે ટૅક્નિકલ લેવલથી ટેકો મળતાં ભાવમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૧ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ અમેરિકી ટૅરિફના અમલની મુદત નજીક આવી રહી હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે અમુક રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ પણ રહેતાં ભાવમાં સાધારણ ઘટાડો જોવ મળ્યો છે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અગાઉ ધમકી ઉચ્ચારી હતી કે જો પહેલી ઑગસ્ટ સુધીમાં જો યુરોપિયન યુનિયન સાથે ટ્રેડ ડીલ ન થઈ તો યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે ૩૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે. જોકે, અમેરિકા સાથે સ્વીકૃત ટ્રેડ ડીલની ઓછી શક્યતાને ધ્યાનમાં લેતા યુરોપિયન યુનિયન ૩૦ ટકા ટૅરિફ સામે વળતા પગલાં અંગે પણ વિચારણા કરી રહ્યું હોવાનું યુરોપિયન યુનિયનનાં રાજદ્વારી અધિકારીઓ જણાવે છે.

અમેરિકાના ઘણાં વેપારી ભાગીદાર દેશો અમેરિકાની ટ્રેડ ડીલ અંગેની શરતોથી સહમત ન પણ થાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ઘણાં રોકાણકારો સોનામાં હેજિંગ પણ કરે તેવી શક્યતા વૉન્ગે વ્યક્ત કરી હતી.

હવે રોકાણકારોની નજર આગામી ગુરુવારની યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની અને ૨૯-૩૦ જુલાઈની ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક બેઠકનાં અંતે વ્યાજદર બે ટકાના સ્તરે યથાવત્ રાખવામાં આવે તેવી ધારણાં બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

## ખાંડમાં વધુ ₹ ૧૦થી ૪૦નો ઉછાળો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦ના ઉછાળા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૨૦ના મથાળે થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦નો ઉછાળો આવ્યો હતો. વધુમાં આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૫નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૨૫થી ૫૫નો ઉછાળો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં તેજીના અન્ડરટોન સાથે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦ના ઉછાળા સાથે રૂ. ૩૯૩૬થી ૩૯૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની પ્રબળ માગ ઉપરાંત મથકો પરના પ્રોત્સાહક અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫ની તેજી સાથે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૫ અને ઉપલા મથાળેથી રૂ. ૫૫ના સુધારા સાથે રૂ. ૩૯૩૦થી ૪૦૧૦માં થયાના અહેવાલ હતા.

## પાંખાં કામકાજે આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદમાં ૨૫ સેન્ટનો સધારણ સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે પણ ક્રૂડ પામતેલના વાયદામાં ૩૮ રિંગિટ વધી આવ્યા હતા. જોકે, વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને અવગણતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી એકમાત્ર સરસવ તેલના ભાવમાં જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. પાંચના સુધારાને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૨૦ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મહિનાના સમાનગાળાના ૮,૪૭,૬૯૫ ટન સામે ૩.૫૩ ટકાના ઘટાડા સાથે ૮,૧૭,૭૫૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૧, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૫થી ૧૨૧૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, આજે ભારત ફૂડ્સની સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૧૭૭ના મથાળે બાયબૅકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટ મથકે મગફળીની ૧૯૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૫માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૫ અને સરસવના રૂ. ૧૬૪૫ના મથાળે રહ્યા હતા. જોકે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ છૂટીછવાઈ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૪૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગેકૂચ અન્ય ધાતુમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની અન્ય ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આ સિવાયની અન્ય ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે મુખ્યત્વે નિકલમાં સતત ચોથા સત્રમાં સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહેવા ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૫૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૯૩૨ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે અનુક્રમે રૂ. ૭૬૫, રૂ. ૬૦૬ અને રૂ. ૨૬૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચના ઘટીને રૂ. ૨૬૯, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૮૪૩, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૫૪ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૫૬૩ અને રૂ. ૨૧૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર આર્મિચર અને કોપર વાયરબારમાં નિરસ વેપારે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૧ અને રૂ. ૯૨૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



જૂનાગઢમાં ભારે વરસાદથી ગીરના જંગલમાં પાણી ભરાયા હતા, જટાશંકર મહાદેવ મંદિર પહોંચેલા પ્રવાસીઓ પૂરમાં ફસાતા સ્થાનિકોએ રેસ્ક્યૂ કર્યું હતું... (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

# ગાંધીધામમાં બે બુકાનીધારી લૂંટારુઓના વેપારી પર છરીથી હુમલો કરી લાખો રૂપિયાની લૂંટ કરવાના પ્રયાસથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઔદ્યોગિક પાટનગર એવા ગાંધીધામ શહેરમાં આંગડિયા પેઢી ધરાવતા વેપારી પાસેથી ખંડણી વસૂલવાના ઈરાદે કારમાં બેસાડીને અપહરણ કરવાના પ્રયાસની ઘટના હજુ લોકોના માનસપટ પર તાજી છે તેવામાં ધોળા દિવસે એક વેપારી પર સરાજાહેર છરીથી હુમલો કરી લૂંટ આચરવાના પ્રયાસનો બનાવ બનતાં આ સંકુલના વેપારી આલમમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

ગાંધીધામ-ભચાઉ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા રાધે કોમ્પ્લેક્સ પાસે બનેલી આ ઘટના અંગે મની ટ્રાન્સફરનું કામ કરતા રાજેશ રસિકલાલ ઠક્કરે પોલીસને જણાવ્યું હતું કે, સવારના સમયે થેલામાં ૧૬થી ૧૮ લાખ રોકડાં રૂપિયા લઈને તેઓ તેમની દુકાને આવ્યા હતા. કારમાંથી બહાર નીકળી દુકાનની બાજુમાં આવેલી દુકાન તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક ધસી અવેલા બે બુકાનીધારી શખ્સોએ છરીની અણીએ તેમના હાથમાં રહેલો થેલો ઝૂંટવવા પ્રયાસ કર્યો હતો.

આ વેળાએ થેલો મજબૂતાઈથી પકડી રાખી લૂંટારાઓનો પ્રતિકાર કરવા પ્રયાસ કરતાં તેઓએ તેમને છરીના આડેધડ ઘા મારવાનું શરૂ કર્યું હતું. જો કે, રાજેશની રાડારાડના પગલે આસપાસના લોકો દોડી આવશે તેમ પામી ગયેલા બંને લૂંટારાઓ તુરંત જ નાસી ગયા હતા. લૂંટારુંઓનો પીછો કરવા પ્રયાસ કરાયો હતો પરંતુ બંને વાનરની જેમ ઊંચી રેલિંગ કૂદીને માર્ગ પર પાર્ક સુઝુકી બલેનો કારમાં બેસી ગાંધીધામ તરફ નાસી છૂટ્યા હતા.

સરાજાહેર લૂંટનાની ઘટનાના પગલે ગાંધીધામ એ ડિવિઝનના પોલીસે બંને લૂંટારાને ઝડપી પાડવા પ્રયાસો શરૂ કર્યા છે. સદભાગ્યે નેપાલી છરી વડે કરવામાં આવેલા હુમલામાં રાજેશ ઠક્કરને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હોવાનું જાણવા મળ્યું હતું. ■

# મહેસાણા નજીક ખેરાલુ-સતલાસણા હાઈ-વે પર દર્દનાક અકસ્માત, પિતા-પુત્રનું ઘટનાસ્થળે જ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લામાં ખેરાલુ-સતલાસણા હાઈવે પર તારંગા નજીક આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અંબાજીથી રાજપીપળા જઈ રહેલી એસટી બસ અને ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થતા પિતા-પુત્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકોમાં સવાર બે વ્યક્તિના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. મૃતકો પિતા-પુત્ર હોવાનું જાણવા મળ્યું છે, જોકે તેમની ઓળખ હજુ સુધી થઈ નથી.

અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા. સ્થાનિકો અને હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. તેમણે ફસાયેલા લોકોને બહાર કાઢવામાં મદદ કરી હતી. અકસ્માતની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આ અકસ્માત કયા કારણોસર થયો તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. ■

# અંજારમાં આર.ટી.ઓ.ના નામે બોગસ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી વેપારી સાથે લાખોની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: હાઇપર એક્ટિવ થયેલા સાયબર અપરાધીઓ લોકોને છેતરવા માટે અવનવા કીમિયા અપનાવતા રહે છે તેવામાં પૂર્વ કચ્છના અંજારમાં એક વેપારીને આર.ટી.ઓનું ઈ-ચલણ ભરવાના નામે બોગસ સોફ્ટવેર ઇન્સ્ટોલ કરાવી, સ્માર્ટફોનને હેક કરી લઈને ૧૦.૮૧ લાખ રૂપિયા ઉપાડી લેવાયા હોવાનો વધુ એક કિસ્સો બહાર આવતાં ચકચાર પ્રસરી જવા પામી હતી. આ અગાઉ ગાંધીધામમાં દવાના વેપારી એવા યુવકને આજ રીતે છેતરીને ત્રણ લાખથી વધુ રૂપિયા સાયબર ઠગોએ ઉપાડી લીધા હતા.

આ અંગે આદિપુર અને ગાંધીધામમાં પૂજા સામગ્રી વેચવાની બે દુકાનો ધરાવતા અને અંજારની ચિત્રકૂટ સોસાયટીમાં રહેનાર ૩૧ વર્ષીય ભાર્ગવ જીતેન્દ્ર રાવલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૨મી જુલાઈના રોજ તેના વોટસએપ પર આરટીઓની લિંક સાથેનો મેસેજ આવ્યો હતો. ચલણ આવ્યું હશે એમ માનીને તેણે પોતાના સ્માર્ટફોનમાં આ લિંક પર ક્લિક કરતાં એક થર્ડ પાર્ટી સોફ્ટવેર ડાઉનલોડ થયું હતું જેને ઓપન કરતાં ભારત સરકારનો આરટીઓ લોગો આવેલો. ત્યારબાદ રજિસ્ટ્રેશન માટે આધાર કાર્ડ નંબર, મોબાઈલ નંબર, બેન્ક ખાતા નંબર, નેટ બૅંકિંગ આઈડી. પાસવર્ડ વગેરે માહિતી સબમિટ કરવા માટે આ સોફ્ટવેરના પેજ પર જણાવવામાં આવ્યું હતું.

પોતે આ માહિતી સબમિટ કર્યા વેંત તેનો મોબાઈલ ફોન હેન્ગ થઈ ગયો હતો. લગભગ દસ મિનિટ સુધી ફોનને સ્વીચ ઓફ કરવાની મથામણ કર્યા બાદ આખરે માંડ તેનો ફોન ચાલુ થયો હતો.

આ સમય દરમિયાન સાયબર માફિયાએ તેના બેન્ક ખાતામાંથી ઓનલાઈન અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફતે ૧૦.૮૧ લાખ રૂપિયા બીજા ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પોતાની સાથે સાયબર ફ્રોડ થયું હોવાનું સમજાતાં ફરિયાદીએ તરત કેન્દ્ર સરકારની એન્ટી સાયબર ફ્રોડ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવતાં ગાંધીધામ સાયબર ક્રાઈમ પોલીસ મથકે અજાણ્યા સાયબર ચીટરો વિરુદ્ધ આઇટી એક્ટ તળે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને કોઈ પણ થર્ડ પાર્ટી સોફ્ટવેર પોતાના મોબાઈલ ફોનમાં ઇન્સ્ટોલ ન કરવા અપીલ કરાઈ છે. ■

# ૧૩ વર્ષની બાળાનું મજૂરીકામ માટે અપહરણ કરી, ડામ આપીને શારીરિક યાતનાઓ આપતાં ફરાર યુગલને ૨૦ વર્ષનો કારાવાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર શહેરની ભાગોળે આવેલા વરસામેડી ગામમાં પડોશી પરિવારની ૧૩ વર્ષની પુત્રીનું અપહરણ કરી, નખત્રાણાની વાડીમાં લઈ જઈ શારીરિક યાતનાઓ આપવા સાથે વારંવાર દુષ્કર્મ આચરવા બદલ મૂળ મધ્ય પ્રદેશના યુગલને અત્રેની નામદાર અદાલતે ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી. અલબત્ત આ આરોપી યુગલ જામીન પર મુક્ત થઇ ગયાં બાદ લાંબા સમયથી ફરાર થઈ ગયું હતું.

અંજાર સેશન્સ કોર્ટે આ આરોપી યુગલને તાત્કાલિક શોધી સજા ભોગવવા માટે પકડીને જેલ હવાલે કરવા સૂચના આપી હતી. આ અપહરણ, દુષ્કર્મનો બનાવ ૧૭-૧૧-૨૦૧૯ની સાંજે બનવા પામ્યો હતો જેમાં ૧૩ વર્ષની બાળા પડોશમાં રહેતા નંદુ ભુવન ભીલ (ઉ.વ. ૩૫) અને તેની પત્ની નીતુ ઊર્ફે સુધાના ઘેર રમવા જતી હતી. ૧૭ નવેમ્બર ૨૦૧૯ની સાંજે સાડા ૬ કલાકે નંદુ અને નીતુ આ બાળાને ફોસલાવી પોતાની સાથે લઈ નખત્રાણા વાડી વિસ્તારમાં લઈ ગયાં હતા અને માસૂમ બાળા પાસે ખેતમજૂરી કરાવતાં હતા. ગુસ્સાવાળા સ્વભાવની નીતુ બાળાને અંગારાના ડામ દેતી રહેતી હતી અને તેણીનો પતિ નંદુ બાળાનું શારીરિક શોષણ કરતો રહેતો હતો. ઘટના અંગે તે જ દિવસે બાળાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ૨૪ દિવસ સુધી ચાલેલી શોધખોળના અંતે આ અપહૃત બાળા પોલીસને મળી હતી. જે તે સમયે પોલીસે આ યુગલની ધરપકડ કરી હતી બાદમાં જામીન પર છૂટીને મૂળ મધ્યપ્રદેશનું આ યુગલ ગાયબ થઈ ગયેલું. આ ગંભીર ગુનામાં ફરિયાદ પક્ષે ૯૪ સાક્ષીઓ અને ૨૮ દસ્તાવેજી આધારો રજૂ કર્યા હતા. આ કેસમાં અંજારના બીજા અધિક સેશન્સ જજ કે.કે. શુક્લએ દંપતીને ઇન્ડિયન પીનલ કોડ અને પોક્સો એક્ટની તમામ કલમો તળે દોષી ઠેરવી બંનેને ૨૦ ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી કુલ ૨૮ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ભોગ બનનાર બાળાને બે લાખનું વળતર આપવા હુકમ કરી નાસતાં ફરતાં યુગલને ઝડપીને સજાનો અમલ કરાવવા પોલીસને સૂચના આપી હતી. ■

# પૂર્વ કચ્છના બે આરોપીઓની 'પાસા 'તળે અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભુજ: પૂર્વ કચ્છ પોલીસે જિલ્લામાં ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં સામેલ લાકડિયા તથા ખેડોઈના બે માથાભારે શખ્સોની 'પાસા' તળે અટકાયત કરી વડોદરાની જેલમાં ધકેલી દેતાં અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

લાકડિયા ગામના ખરાવાડ વાસમાં રહેનાર જુસબ સુલેમાન ગગડા વિરુદ્ધ લાકડિયા પોલીસમથકે પાંચેક જેટલા ગુના નોંધાયા હતા તથા નાની ખેડોઇના કુલદીપસિંહ નરપતસિંહ જાડેજા સામે અંજાર પોલીસમથકે દારૂ, આર્મ્સ એક્ટ, મારામારીની કલમો તળે બે ગુના નોંધાયેલા હતા.

રાજ્ય બહારથી કચ્છમાં શરાબ મગાવી વારંવાર ગુના આચરતા આવા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશ બાદ સ્થાનિક ગુન્હાશોધક શાખાએ આ આરોપીઓ પર પાસા લગાવવાની દરખાસ્ત જિલ્લા કલેક્ટર આનંદ પટેલે મંજૂર કરી દેતાં આ બંને શખ્સની ધરપકડ કરી, વડોદરાની મધ્યસ્થ જેલ હવાલે કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વીતેલા ચાર માસમાં કચ્છ કલેકટર દ્વારા ૧૪ જેટલા અસામાજિક તત્ત્વો વિરુદ્ધ પાસાના હુકમ જારી કરાયા છે. ■

# ધાવડી માતાના મંદિરે ગુરુવારે ખીરનો વિશિષ્ઠ હવન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર: ભંડારિયા મેલકડીના ડુંગરમાં આવેલા ધાવડી માતાજીના મંદિરે પરંપરાગત રીતે દિવાસાના પર્વે તા. ૨૪ જુલાઈને ગુરુવારના રોજ ખીરનો વિશિષ્ઠ હવન યોજાશે. આ વખતે સમયસર વરસાદ થવાથી પ્રકૃતિ પણ ખીલી ઉઠી છે ત્યારે યાત્રિકો ઉપરાંત સહેલાણીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડવાની ધારણા છે.

સૌરાષ્ટ્રમાં જુદી જુદી પરંપરાઓ જોવા મળી રહી છે જેની સાથે કોઈને કોઈ ઇતિહાસ, પ્રસંગ જોડાયેલો હોય છે, ભાવનગરના ભંડારિયામાં પ્રતિવર્ષ થતા ખીરના હવનની પરંપરા પાછળ ''ભયંકર રોગચાળાથી પશુઓને બચાવવા માતાજીની માનતા માનવામાં આવી અને માતાજી એ રક્ષણ કર્યાની લોકવાયકા છે.'' બસ ત્યારથી પ્રતિવર્ષ માતાજીને ખીરનો ભોગ ધરાવાની પરંપરા રહી છે, લગભગ દસ બાર દાયકા જૂની આ પરંપરા આજે પણ એટલા જ શ્રદ્ધા ભાવથી સચવાઈ છે.

આ દિવસે અહી માત્ર ખીર જ બને છે. મોટા તપેલા ભરી ભરીને ખીરનો પ્રસાદ બને છે, સૌ ગામજનો, ભાવિકો અહીં ભરપેટ ખીરનો પ્રસાદ જમે છે અને બરણી ભરીને ઘરે લઈ જવાની પ્રથા પણ ખરી ! માત્ર ભંડારિયા નહિ આજુબાજુના ગામના લોકો પણ ભાવથી ખીરનો પ્રસાદ લેવા આવે છે, ભાવનગર સહિત અન્યત્ર વસેલા ગ્રામજનો આવવાનું ચૂકતા નથી. દરેક જ્ઞાતિજનો માતાજીના સાંનિધ્યમાં એકત્ર થઇ ખીરનો પ્રસાદ લે છે જે ગામની એકતાનું પણ ઉદાહરણ જોવા મળે છે.

પ્રકૃતિના ખોળે બિરાજતા ધાવડી માતાનું મંદિર ભાવિકો માટે આસ્થાનું કેન્દ્ર રહ્યું છે તો અહીંની આબોહવા, લીલા ડુંગરાઓ અને ઘેઘુર વડલાની વડવાઈઓ પ્રકૃતિપ્રેમીઓને અહીં ખેચી લાવે છે. ■

# બાળપણમાં જ પરિવારથી વિખુટા પડી ગયેલા 'ભોલા'ની અંતિમવિધિ તળાજાના હિન્દૂ મુસ્લિમ યુવાનોએ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા સમયાંતરે કોમી એકતા, મજબૂત ભાઈચારો અને માનવતાનો સંદેશ આપતું આવ્યું છે. જેનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું હતું. બાળપણમાં જ પરિવારથી વિખૂટો પડેલ અને તળાજા ખાતે આવેલ મેમોરિયલ હોસ્પિટલને પોતાનું ઘર બનાવનાર જેને સૌ ભોલા નામથી ઓળખે છે તેનું નિધન થતા વાવચોકના હિન્દૂ, મુસ્લિમ વેપારીઓ, રહીશો તેમના પરિવાર જનો હોય તે રીતે ભોલા ની નનામી કાઢી ને હિન્દૂ શાસ્ત્રોક્ત વિધિ સાથે અંતિમ વિધિ કરી હતી.

તળાજાની કોમી એકતા જોઈને હર્ષના અશ્રુઆવી જાય તેવા બનાવ અંગે મેમોરિયલ હોસ્પિટલ ખાતે મંદબુદ્ધિ ના બાળકો ને શિક્ષણ પૂરું પાડતા પંકજભાઈ કટકીયા ના જણાવ્યા મુજબ અહીં વર્ષોથી રહેતા 'ભોલા' નું આજે નિધન થયું હતું.

'ભોલો'નામ પણ તળાજાવાસીઓએ જ આપ્યું હતું. કારણ કે પચીસેક વર્ષ પહેલા ભોલો દસેક વર્ષ નો હશે તે સમયે અહીં આવ્યો હતો. તેમની ભાષા કોઈ સમજી શકતું ન હતું. તે ગુજરાતી સમજતો ન હતો. વાવચોક ખાતે આવેલ ભોલા માટે મેમોરિયલ હોસ્પિટલ આશરો બનેલ.ખાસ કરીને વાવચોક વિસ્તારમાં ના રહીશો અને વેપારીઓ તેમનો પરિવાર બનીગયો હતો. ઈશારા થી એકબીજા સમજી જતા.ભોલા ને જે કામ ચીંધવામાં આવે તે કરતો તેના બદલામા તેમને ભોજન મળી રહેતું.કોઈ માનવતા ને ખાતર વસ્ત્રો આપે તો કોઈ સારું જમવાનું લઈ દે.સમયજતા તે મજૂરી કામ કરીને રૂપિયા પણ કમાઈ લેતો હતો. સૌ કોઈ તેને સાચવતા હતા.

પચીસેક વર્ષ અહીં રહ્યાબાદ આજે તેમનું ટૂંકી માંદગી ના કારણે નિધન થતા હિન્દૂ મુસ્લિમ યુવાનો એ તેમની અંતિમ વિધિ કરી હતી.મુસ્લિમ યુવાનોએ નાનમી ને કાંધઆપી હતી.અગ્નિદાહ પંકજ કટકીયા એ આપ્યો હતો. ભોલો ક્યાં જન્મ્યો તે કોઈને ખબર ન હતી. તેને મા બાપ વિશે ઈશારેથી પૂછતાં તો તે રડવા લાગતો હતો જેથી વધારે કોઈ પૂછતું ન હતું. ■

# લખપતના લક્કીનાળા વિસ્તારમાંથી બીએસએફના જવાનોને બિનવારસુ ચરસનું પડીકું મળી આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)





(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજ: પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છની ભૂમિ અને જળ સરહદોની સુરક્ષા વ્યવસ્થા જડબેસલાક કરી દેવામાં આવી છે ત્યારે હજારો કિલોમીટર લાંબા સમુદ્રકાંઠેથી માદક પદાર્થના બિનવારસુ પડીકાઓ મળવાનો સિલસિલો ફરી પાછો શરૂ થયો છે અને આજે સરહદી સલામતી દળની ચોકિયાત ટુકડીને લખપતના લક્કીનાળા વિસ્તારમાંથી બિનવારસુ હાલતમાં પડેલું અફઘાની ચારસનું એક પેકેટ મળી આવ્યું હતું.

આ અંગે સરહદી સલામતી દળના પ્રવક્તાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, લખપતના દુર્ગમ લક્કીનાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરી રહેલા બીએસએફના જવાનોને આ માદક પદાર્થનું પડીકું મળી આવ્યું હતું.

પ્લાસ્ટિકના કોથળામાં મળી આવેલા ગુલાબી રંગના આ બિનવારસુ પેકેટ પર વચ્ચેના ભાગે લાલ પટ્ટી ચિતરેલી હતી અને અંગ્રેજીમાં નંબર વન ક્વોલિટી અને 'ઝમન' તથા ૧૨૦૦ જી.એમ(ગ્રામ) છાપેલું હતું. તે ઉપરાંત ઊર્દૂ ભાષામાં પણ લખાણ હતું અને સિંહ તથા ફૂલનાં ચિત્રો દોરેલાં હતાં. હાલ આ પેકેટને લખપત પોલીસને વધુ તપાસ અર્થે સુપ્રત કરવામાં આવ્યું હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રીષ્મ ઋતુથી વર્ષાઋતુની શરૂઆત થાય તે પહેલાં ગુજરાતના દરિયાકાંઠેથી બિનવારસી હાલતમાં લાખો કરોડો રૂપિયાના મૂલ્યનું ડ્રગ્ઝ ઝડપાવાનો સિલસિલો શરૂ થાય છે જેમાં ખાસ કરીને, એપ્રિલથી જુલાઈ સુધીના સમયગાળામાં સૌરાષ્ટ્ર અને કચ્છના સાગરકાંઠે કરોડો રૂપિયાના ચરસના પેકેટ તણાઈ આવે છે. મોટાભાગના પેકેટ વિવિધ પ્રકારની આંતરરાષ્ટ્રીય કોફી બ્રાન્ડના પ્લાસ્ટિકના પેકેટમાં પેક કરેલાં હોય છે. ■

# સલામતીના ભાગરૂપે સુરેન્દ્રનગરના લખતર અને ધ્રાંગધ્રાના બે પુલ પર ભારે વાહનોની પ્રવેશબંધી

અમદાવાદ: ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યના અનેક બ્રિજની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન અનેક બ્રિજની સ્થિતિ નબળી જણાઈ આવી હતી અને સુરેન્દ્રનગર જિલ્લામાં અલગ અલગ સ્થળોએ આવેલા પુલોની હાલની માળખાકીય પરિસ્થિતિ વાહનવ્યવહાર માટે સારી ન હોવાનું જણાતા બે પુલો ઉપર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આ જાહેરનામાં અનુસાર, માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ હસ્તકના લખતર-તાવી-શિયાણી-લીંબડી રોડ પર આવેલા ૨/૪/૬ પર મેજરપુલ ઉપર મોટા ભારે તથા માલવાહક વાહનો માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેના વૈકલ્પિક રસ્તા તરીકે લખતર - વઢવાણ - લીંબડીવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના ધ્રાંગધ્રા, જેગડવા રામગઢ રોડ ઉપર ચે.૬/૩૦૦ થી ૬/૫૦૦, રામગઢ ગામ પાસે આવેલા પુલ ઉપર મોટા ભારે તથા માલવાહક વાહન માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેમાં વૈકલ્પિક રસ્તા તરીકે રામગઢ, હામપુર, સીતાપુર, ધ્રાંગધ્રાવાળા રસ્તાનો તથા રામગઢ, હીરાપુર, રામદેવપુર, રાજગઢ, ધ્રાંગધ્રાવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. આ જાહેરનામાનો અમલ પુલોના નવીનીકરણ રિપેરિંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે. ■



રાજકોટના મારવાડી કોલેજમાં અભ્યાસ કરતી ૨૩ વર્ષીય આફ્રિકન વિદ્યાર્થિની કુંવારી માતા બનતા ખળભળાટ મચી ગયો હતો ,સમગ્ર ઘટનાથી લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો.. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજને 'આદર્શ મહાવિદ્યાલય'નો દરજ્જો, રૂ. ૩ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોરઠની સૌથી જૂની વિદ્યાપીઠ એવી બહાઉદ્દીન કોલેજને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ''આદર્શ મહાવિદ્યાલય'' તરીકે માન્યતા આપવામાં આવી છે. આદર્શ મહાવિદ્યાલયની શ્રેણીમાં સ્થાન મળતા હવે આ કોલેજોને શિક્ષણ, સંશોધન અને આધુનિક શૈક્ષણિક માળખા માટે વિવિધ પ્રકારના લાભ અને સવલતો માટે સરકાર દ્વારા રૂ.૩ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે.

રાજ્યની ૧૩૬ સરકારી કોલેજોમાંથી ગુજરાતની પાંચ કોલેજને આદર્શ મહાવિદ્યાલય તરીકે પસંદગી થઈ છે. તેમાંથી બે કોલેજ જૂનાગઢની છે. જેમાં બહાઉદ્દીન સાયન્સ કોલેજ અને બહાઉદ્દીન આર્ટસ કોલેજનો સમાવેશ થાય છે. ગુજરાતની ઐતિહાસિક અને હેરિટેજ ધરાવતી સવાસો વર્ષ જૂની વિદ્યાપીઠ એટલે બહાઉદ્દીન કોલેજ. જેમાં ૧૯૦૧ થી શૈક્ષણિક ધબકારાઓ સંભળાઈ રહ્યા છે. એવા આ બહાઉદ્દીન કોલેજના કેમ્પસમાં આજે બહાઉદ્દીન આર્ટ્સ અને બહાઉદ્દીન સાયન્સ એવી બે કોલેજો આવેલી છે. આ બંને કોલેજને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના માધ્યમથી આદર્શ મહાવિદ્યાલયમાં સમાવેશ થયેલ છે.

આ આદર્શ મહાવિદ્યાલયની ગ્રાન્ટમાં મોડર્ન ડિજિટલ લાઇબ્રેરી, સમગ્ર કોલેજના તમામ ક્લાસ સ્માર્ટ ક્લાસ ,અતિ આધુનિક સેમિનાર હોલ, સ્ટાર્ટઅપ અને ઇનોવેશન માટે ઇન્ક્યુબેશન સેન્ટર બધું મળી કુલ ત્રણ કરોડ જેમાં બંને કોલેજ ને ૧.૫ કરોડની માતબર ગ્રાન્ટ પાસ કરવામાં આવી હતી. ■

# શેત્રુંજી નદીમાં અકસ્માતે પડી જતા વૃદ્ધાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજાના ગોરખી રોડ ઉપર રહેતા બાલુબેન જીવાભાઈ નામના ૭૦ વર્ષીય વૃદ્ધા આજે અકસ્માતે ગોરખી જવાના રોડ ઉપર શેત્રુંજી નદીમાં અકસ્માતે પડી જતા શેત્રુંજી નદીના પાણીમાં ડૂબી જતા તેનું મોત નિપજ્યું હતું. આ અંગેની જાણ સ્થાનિક લોકોને થતા તેમણે વૃધ્ધાને બહાર કાઢી તાત્કાલીક ૧૦૮ની ટીમે તપાસી વૃધ્ધાને મૃત જાહેર કર્યા હતા. પોલીસને જાણ કરાતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાગળો તૈયાર કરી પંચનામું કરી લાશને પોસ્ટમોર્ટમ અર્થે તળાજા સરકારી હોસ્પટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■